# જાગૃતિ સંદેશ

Price : 5/-
Total Page : 40

JAGRUTI SANDESH

Vol 15 Issue No. 08 - Mumbai    August 2015

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર




not just a business, but a philosophy
FLAMINGO
transworld pvt. ltd.
www.flamingotravels.co.in
ફ્લેમિંગો વલ્ડર સાથે આખી દુનયિા આપનાં ઉંબરે
સિંગાપોર,મલેશિયા,થાઈલેન્ડ
નવે. 6,7,8,9,10,11,12,13,14,15,16 (12 રાત્રી 13 દિવસ)
સિંગાપોર,બાલી
નવે. 12 (6 રાત્રી 7 દિવસ)
દક્ષણિ આફ્રિકા
નવે. 9,11,13 (10 રાત્રી 11 દિવસ)
કેરળ
9 રાત્રી 10 દિવસ
ન્યૂઝીલેન્ડ,ઑસ્ટ્રેલલિયા
નવે. 8, 10 (17 રાત્રી 18 દિવસ)
દુબઈ
નવે. 10,11,12,13,14 (6 રાત્રી 7 દિવસ)
હોંગકોંગ,શેન્ઝેન,મકાઉ
નવે. 7,8,9,10,11,12,13,14,15,16 (7રાત્રી 8 દિવસ)
ADVT

# જૈન જાગૃતિ સેન્ટર
## સેન્ટ્રલ બોર્ડ
## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ),
મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચેરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| તા.ભૂ.પૂ.ચેરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| ફાઉન્ડર ચેરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચેરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| | શ્રી દીનેશ એલ. નાણાવટી |
| સેક્રેટરી જનરલ | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી | : શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી દ્વિજેશ પી. શાહ |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી અનિલ જી. દોશી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચેરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચેરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચેરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચેરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી પ્રવીણ એ. શાહ | શ્રી રવજી જી. ગાલા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી રમેશ એમ. સંઘવી |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂા.૫/-** **વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

ભગવાન શ્રી મહાવીરના ઉપદેશ અનુસાર કોઈ પણ સ્થળની મોહમાયામાં આવી ન જવાય તે હેતુથી ''સાધુ તો ચલતા ભલા''ના સિદ્ધાંતને અંગીકાર કરનાર દરેક જૈન સાધુ-ભગવંતોની ચાતુર્માસના ચાર મહિનાના સ્થિરવાસ માટે દરેક ગામમાં, દેરાસર-ઉપાશ્રયમાં પધરામણી થઈ ચૂકી છે અને ઉપાશ્રયો ધાર્મિક પ્રવૃત્તિથી ધર્મમય બની ગયા છે. જેજેસીનાં દરેક સેન્ટર પણ અન્ય પ્રવૃત્તિઓ બંધ કરી સાધુ-સંતોની ધર્મવાણીનો અનેરો લાભ લઈ રહ્યા છે.

અન્ય પ્રવૃત્તિઓ/કાર્યક્રમો ભલે તાત્કાલિક સમય માટે બંધ થાય કે ઓછાં થાય, પણ 'ઉચ્ચ શિક્ષણ અભિયાન'ની પ્રવૃત્તિથી જેજેસી ધમધમી ઊઠે છે, કારણકે એકેડેમિક વર્ષ આ સમયમાં જ ચાલુ થઈ જાય છે. દરેક વર્ષની જેમ આ વર્ષે પણ જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ખૂબ જ કાર્યરત થઈ ગયું છે. દરેક ગુરુવાર ઉપરાંત જરૂર પ્રમાણે મંગળવાર અને શનિવારે સહાય માટે એપ્લિકેશન કરનાર વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ લઈને સહાયના ચેક આપવામાં આવે છે. ૨૦૧૫ના વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને રૂા. ૩.૫૯ કરોડની સહાય અપાઈ ચૂકી છે અને હજી આ કાર્યક્રમ પૂરજોશમાં ચાલુ જ છે. ગુજરાતના વિદ્યાર્થીઓની સગવડતા માટે દરેક વર્ષની જેમ, આ અંક આપના હાથમાં આવશે તે પહેલાં, તા. ૨૩ ઑગસ્ટના રોજ સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ અમદાવાદ જવાના છે. ઈન્ટરવ્યૂનો કાર્યક્રમ આ વર્ષે યુગ દીવાકર પ.પૂ. નમ્રમુનિની પ્રેરણાથી, તેઓ જ્યાં ચાતુર્માસ કરી રહ્યા છે તે ખાતે રાખેલ છે. આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી પારસધામ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી આ અભિયાનને રૂા. ૧૧ લાખનું અનુદાન મળ્યું છે. અમે માનીએ છીએ કે જો આપણા ગુરુ-ભગવંતોની પ્રેરણા જનસમાજને મળે

તો અમારી અપીલ સામે જે ફંડ આ અભિયાનમાં શ્રેષ્ઠીઓ દ્વારા આવી રહ્યું છે તેનાથી અનેક ગણું ફંડ ગુરુ-ભગવંતોની પ્રેરણાથી આવી શકે. હવે તો જૈન ગુરુ-ભગવંતો પણ આ અભિયાનનું મહત્ત્વ જૈન સમાજ માટે સમજી રહ્યા છે અને તેમના વ્યાખ્યાનમાં જૈન સમાજને પ્રેરણા આપી રહ્યા છે. મને ખાતરી છે કે આગામી વર્ષોમાં આ શૈક્ષણિક અભિયાનમાં ફંડની કોઈ જ ઊણપ રહેશે નહીં અને હવે તો છેલ્લાં દશ વર્ષમાં જે વિદ્યાર્થીઓએ આપણી સહાય લઈને ભણતર પૂરૂં કર્યું છે અને પગભર થઈ ગયા છે તેઓ તરફથી પણ અનુદાન આવી રહ્યું છે. મારી પાસે ઉપલબ્ધ આંકડા પ્રમાણે અત્યાર સુધીમાં ૧૦ ઑગસ્ટ, ૨૦૧૫ સુધીમાં ૬૨૬૪ વિદ્યાર્થીઓને રૂા. ૩૮.૩૫ કરોડની સહાય અપાઈ ચૂકી છે. જેમાંથી ઘણા ખરા વિદ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ કરી નોકરી/ધંધામાં લાગી ગયા છે અને તેમના તરફથી રૂા ૧૩.૪૫ કરોડ અનુદાન પેટે પણ આવ્યા છે. આ હકીકત જૈન સમાજનાં નૈતિક મૂલ્યોનું સૂચક છે.

આજે ૧૫ ઑગસ્ટ છે, આપણો દેશ આજે ૬૯મો સ્વાતંત્ર્ય દીન ઊજવી રહ્યો છે. ૧૫/૨૦ વર્ષ પહેલાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીનો માહોલ આજે ક્યાંય દેખાતો નથી. કારણો સ્પષ્ટ છે. હિન્દુસ્તાનની પ્રજા ત્રાહિમામ્ પોકારી ગઈ છે. છેલ્લા થોડા દિવસોથી ટી.વી. પર આપણે સંસદની જીવંત કાર્યવાહી જોઈએ છીએ. આપણા દેશભક્ત સાંસદો, જેમને આપણે ચૂંટીની મોકલ્યા છે, તેમણે આપણી લોકશાહીનાં મૂલ્યોનાં લીરેલીરાં ઉડાડી નાખ્યાં છે. મજબૂત બંધારણને હિસાબે હજી માળખું ટકી ગયું છે એ સારી વાત છે. આ બધા મહાનુભાવોને ઈતિહાસ ભણવું ફરજિયાત હોવું જોઈએ. આપણે એક મજબૂત રાષ્ટ્રમાંથી કેમ પરતંત્ર થઈ ગયા, કેવી રીતે ૫૦૦૦ માઈલથી સાત સમુદ્ર પાર કરી ગુજરાત જેવડા દેશમાંથી મુઠ્ઠીભર ગોરાઓએ દેશને બ્રિટિશરોનો ગુલામ બનાવી દીધો તે ઈતિહાસ જો વાંચી જઈએ તો આ બધી હરકતોથી દૂર રહી જવાય. ટી.વી. પરનાં દૃશ્યો તો પડોશી, દુશ્મન દેશ પણ જોતો જ હશે. નશીબજોગે એ પણ અરાજક્તાનો શિકાર છે, નહીંતર એ પણ આપણી પરિસ્થિતિનો લાભ લઈ શકે છે. આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે હે ભગવાન, અમને બચાવી લે અને આ પાંચમી કતારિયાથી છુટકારો અપાવ.

આ બધા નશીબવંતાઓને સમજાવો કે આપણે કેટકેટલાં મહામૂલાં બલિદાનો આપી સ્વતંત્રતા મેળવી છે. તેને એળે ન જવા દો.

તાજેતરમાં સમગ્ર જૈન સમાજ ખળભળી ઊઠે તેવી ઘટના થઈ. રાજસ્થાન હાઈ કોર્ટનો ચુકાદો જૈનોના ધાર્મિક અનુષ્ઠાન વિશે વિચરિત આવ્યો. શ્રદ્ધાળુ જૈનો શાસ્ત્રોક્ત પ્રમાણિત અનુષ્ઠાનરૂપે જીવનના અંતિમ સમયે સંથારો કરે છે. આ અનુષ્ઠાનને નામદાર કોર્ટે ઈચ્છામૃત્યુ કે આત્મહત્યા ગણી દંડનાત્મક/શિક્ષાત્મક ક્લોઝમાં મૂકી સંથારાને ગેરકાયદેસર ગણાવ્યો અને તેમ કરવાની મનાઈ ફરમાવી. આથી પૂરો જૈન સમાજ હતપ્રત થઈ ગયો છે. હાઈ કોર્ટનો ચુકાદો આવી ગયો છે. તેથી તે વિશે નુકતેચીની કરવાનું યોગ્ય નથી, પણ આ ચુકાદાને ઉપલી કોર્ટમાં ચૅલેન્જ કરવાના બધા પ્રયત્નો અગ્રણી જૈન સંઘો, મંડળો, સંસ્થા દ્વારા શરૂ થઈ ગયા છે. આશા રાખીએ કે યોગ્ય સમયમાં અપીલ કરી ઉપલી કોર્ટમાં મૂવ થઈ જાય તે માટે આપણે સજાગ રહીશું.

એવી શંકા સેવાય છે કે નામદાર કોર્ટને આપણા ઍડ્વોકેટ શ્રી સોની મારફત જૈન ફિલોસોફી, માન્યતા, પરંપરા વિશે વિસ્તૃતમાં માહિતગાર કરવામાં આવ્યા નથી તો હવે જૈન સમાજે બરાબર સાવધાન રહેવું પડશે. આપણા સમાજમાં પુષ્કળ જ્ઞાની સાધુ-મહાત્માઓ છે. તેમના માર્ગદર્શનમાં આપણો કેસ મજબૂત કરી શકાય.

મારા ધારવા પ્રમાણે જૈન કૉમ્યુનિટી ભારતની સંસદ

દ્વારા પ્રમાણિત થયેલી છ માઈનોરિટી માંહેની એક છે. માઈનોરિટીની ધાર્મિક માન્યતા કે અનુષ્ઠાનમાં ચંચુપાત કરવાનો કદાચ કોઈના અધિકારની બહાર છે. તજજ્ઞો આ વિશે વિચાર કરે.

આમ જોઈએ તો સંથારો એ જૈન સમાજનું હજારો વર્ષ જૂનું મહાઅનુષ્ઠાન છે. પ્રાકૃત ભાષામાં તેના માટે ''સંથારગ'' શબ્દ પ્રચલિત હતો, જ્યારે સંસ્કૃતમાં ''સંસ્તારક'' શબ્દથી પ્રચલિત હતો. આ જ વસ્તુ સાબિત કરે છે કે પ્રાચીન સમયથી સંથારો પરંપરાગત છે જ.

કોઈ પણ નવી વિચારધારા સમાજના/કુટુંબના/દેશના બહુધા માણસો દ્વારા સ્વીકારાય ત્યારે તે નિયમ તરીકે ગણાય છે. આ નિયમ જો દશકા સુધી એકધારો ચાલુ રહે ત્યારે તે રિવાજ તરીકે ઓળખાય છે, પણ આ રિવાજ જ્યારે બે પેઢીએ ૩૦-૪૦ વર્ષ સુધી સ્વીકારાય ત્યારે તે પરંપરા બની જાય છે. પછી આ પરંપરાને અવગણવાનું બહુ જ મુશ્કેલ બની જાય છે. પરંપરાને તોડવી તે મહામુશ્કેલ કાર્ય છે. સંથારો એ જૈનો માટે પરંપરા છે. તેને ઉવેખી શકાય નહીં. કારણ હજારો વર્ષથી તે અમલમાં છે.

જૈન ધર્મ ઘણો જ પ્રાચીન અને ગહન છે. તે વૈજ્ઞાનિક પણ છે. અત્યારના વૈજ્ઞાનિકો કુદરતનાં રહસ્યોને પામવા જે અથાગ મહેનત કરે છે તે રહસ્યો જૈન શાસ્ત્રોમાં હજારો વર્ષેથી ઉપલબ્ધ છે.

ભગવાન મહાવીરે આપેલ અંતિમ દેશનામાં ઘણાં કુદરતી રહસ્યોનો તાગ મળેલો છે. જૈન ધર્મ આ ભવ, પૂર્વ ભવ અને આગામી ભવમાં માને છે અને કર્મની થિયરીનો બહુ જ અભ્યાસ છે.

આવો ધર્મ ઉપદેશ આપે છે કે આત્મા અને શરીર અલગ છે. આત્મા અમર છે અને શરીર નાશવંત છે. જ્યારે દેહત્યાગ કરવાનો સમય નજીક આવે ત્યારે આત્માને કોઈ પણ દુન્યવી વસ્તુ સાથે વળગણ ન હોય તે માટે છેલ્લે છેલ્લે તેણે મોહમાયામાંથી છૂટી જવું જોઈએ. એટલે કે સંથારો લઈ એક પછી એક ભૌતિકતાનો ત્યાગ કરવો જોઈએ અને ખરેખર છેલ્લી ઘડીમાં માણસને કોઈ જ સુખ-દુઃખની લાગણી ન હોય તો આત્મા છૂટી જાય છે. આ જ કારણે સંથારો આપવામાં આવે છે.

આત્મહત્યા તો ડિપ્રેશનના એકાંતમાં કરાય છે. ઈચ્છામૃત્યુ ડૉક્ટરો જ પ્રદાન કરી શકે. ડૉક્ટરોને લાગે કે હવે કોઈ જ ઉપાય નથી, ત્યારે તે પરિવારજનોની સંમતિથી Life Saving System વેન્ટિલેટર કરી નાખે છે અને દરદીનું મૃત્યુ થાય છે. કાયદાએ પણ આ મૃત્યુને બહાલી આપી છે તો હજારો વર્ષના પરંપરાગત સંથારાને કેમ નહીં.

જો ન્યાયાલયને આ થિયરી સમજાવવામાં આવે તો ચોક્કસપણે સંથારાને બહાલી મળે. કોઈએ તો પ્રયત્ન કરવો જોઈએ. આપણે આશા રાખીએ કે નજીકના ભવિષ્યમાં આનો સુખદ્ ઉકેલ આવી જશે.

*લિ. રમેશ મોરબિયા*
*ચૅરમૅનઃ જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

## કેટલાક રસપ્રદ આંકડા

**જૈન જાગૃતિ સેન્ટર, સેંટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ**
**ઉચ્ચ શિક્ષણ અભિયાન અન્વયે**
**થયેલ સહાયના આંકડા**
**(તા. ૧૦-૯-૨૦૧૫ સુધીના)**

કુલ ૫૯૯૦ વિદ્યાર્થીઓને રૂા. ૩૪.૭૫ કરોડની સહાય

૨૦૧૫માં ૨૭૪ વિદ્યાર્થીઓને આપેલી સહાય રૂા. ૩.૫૯ કરોડ.

એટલે કે અત્યાર સુધીમાં ૬૨૬૪ વિદ્યાર્થીઓને રૂા. ૩૮.૩૫ કરોડની સહાય અપાઈ છે.

આમાંથી ફૉરેન ગયેલા કુલ ૮૨૯ વિદ્યાર્થીઓને રૂા. ૧૫.૦૫ કરોડ આપવામાં આવ્યા છે. એટલે કે રૂા. ૨૩૫૦૦૦ વિદ્યાર્થી દીઠ આપવામાં આવ્યા છે.

# મેરા દેશ મહાન!

■ જિતેન્દ્ર કોઠારી
(ચૅરમૅન : જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ)

*હોઠો પે સચ્ચાઈ રહેતી હૈ, જહાં*
*દિલ મેં સફાઈ રહેતી હૈ*
*હમ ઉસ દેશ કે વાસી હૈ, (૨)*
*જીસ દેશ મેં ગંગા બહતી હૈ*

સાચી વાત છે. આપણે સૌ એવા મહાન દેશના વાસી છીએ જ્યાં ગંગા, નર્મદા, ગોદાવરી જેવી પવિત્ર નદીઓના નીર વહે છે. એવા દેશના નાગરિકો છીએ જેની જીવનશૈલી ભગવાન ઋષભદેવે વિકસાવી છે, જેને સુસંસ્કૃત કર્યા છે ભગવાન શ્રીરામ, કૃષ્ણ, મહાવીર અને ગૌતમ બુદ્ધે અને જેનામાં સંસ્કારોનું સીંચન કર્યું છે ગુરુ અગત્સ્ય જેવા હજારો ઋષિમુનિઓએ એવા મેરા દેશ મહાનની આજે વાત કરવી છે. ૨૦૦ માઈલ ઊંચે આકાશમાંથી જોઈને મહિલા આકાશયાત્રી સુનીતા બોલી ઊઠે 'સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારા' એવા આપણા દેશની વાત કરવી છે.

અંગ્રેજોએ આપણને ૨૦૦ વર્ષ સુધી ગુલામીની બેડીમાં જકડી રાખ્યા તે દરમિયાન ઘણાં સારાં કામ કર્યાં છે અને ઘણાં જ ખરાબ કાર્ય પણ કરેલ છે.

તેમણે આપણને આપેલી એક ભેટ છે - નોકરશાહીની. હિન્દુસ્તાન જેવા વિશાળ દેશનો વહીવટ કરવા તેમને સરકારી નોકરોની મોટી ફોજ ઊભી કરવી પડી. ભારત છોડી જતા જતા તેઓ વારસામાં નોકરશાહી (Bureaucracy) આપતા ગયા. અલબત્ત, વહીવટ કરવા માટે સરકારી તંત્રને મદદ કરવા નોકરોની જરૂર તો છે જ, પણ આ નોકરશાહીનું વિકૃત સ્વરૂપ કેવું થયું? આપણે તેનાં સારાં અને નરસાં બન્ને ફળ ખાઈએ છીએ. કાયદાને જડની જેમ વળગી રહેતા સરકારી નોકરોએ પરમાર્થના સંસ્કારને નેવે મૂકીને સિસ્ટમને કેવું વિકૃત સ્વરૂપ આપી દીધું છે તે સત્યઘટના પર આધારિત આ વાત આજે હું કરવાનો છું.

સાધારણ સુખી, મધ્યમ વર્ગના કુટુંબમાં મા-બાપ અને કૉલેજમાં ભણતી એક દીકરી છે. અચાનક આફત આવી. એક હાદસામાં દીકરીના પિતા અવસાન પામ્યા. ત્યાર બાદ મા-દીકરીએ હિંમતપૂર્વક સંજોગોનો સામનો કર્યો, દીકરીએ ભણવાનુ પૂરું કર્યું અને તે ગ્રૅજ્યુએટ થઈ, પણ કુદરતે કોપ કરવાનું મૂક્યું નહીં. વળી પાછી નવી આફત આવી. માને કોઈ અકળ રોગ લાગુ પડ્યો. ઘણી દવા કરવા છતાં સારું થયું નહીં. કોઈએ સલાહ આપી આયુર્વેદિક ઉપચાર કરાવવાની. હવે એ માટે કેરાલા જવું પડે. દીકરી હિંમત હારી નહીં. માને ઉપચાર માટે કેરાલા લઈ ગઈ. શરૂઆતમાં થોડી રાહત થઈ, પણ પછી અચાનક માનો જીવનદીપ બુઝાઈ ગયો. દીકરી નિરાધાર થઈ ગઈ. સગાં-સંબંધી બધા પુનામાં હતાં. માના પાર્થિવ શરીરને પુના લઈ આવવાનો નિર્ણય કર્યો... અને એક એમ્બ્યુલન્સ વાનમાં માતાનું મૃત શરીર લઈને હૉસ્પિટલ પાસેથી ડેથ સર્ટીફીકેટ સાથે ભારે હૈયે નીકળી.

વધારે કરુણ કથાની શરૂઆત હવે થાય છે. સ્થાનિક ડૉક્ટર અને હોસ્પીટલ પાસેથી Death Certificate લઈને યુવતી પુના (વતન) જવા નીકળી. રૂટ પર ઠેકઠેકાણે ચેકિંગ હતું. ક્યાંક પોલીસનું, ક્યાંક સ્થાનિક નાકાનું, ક્યાંક ઈન્ટર સ્ટેટ ચેક બૂથનું. દરેક જગ્યાએ સમય બગડતો જતો હતો. કુલ નવ વખત ચેકિંગ થયું. કોઈ પણ જગ્યાએ કોઈને ડેડ બોડીની શરમ નડી નહીં. કોઈને યુવાન નિઃસહાય એકલી યુવતીની દયા ન આવી. બધા જ જડ જેવા કાયદાને વળગી રહી અસહકાર કરતા રહ્યા. બધે પૈસા આપતાંઆપતાં માંડમાંડ યુવતી ખૂબ જ મોડી ઘરે પહોંચી ત્યારે સંબંધીઓ રાહ જોઈને, કંટાળીને આડઅવળા થઈ ગયા હતા. ફરી વાર બધાને ભેગા કર્યા. સ્મશાનગૃહમાં અગ્નિદાહ આપવા માટે ડેથ સર્ટિફિકેટ તથા પોલીસ NOC માગવામાં આવ્યાં. વળી પાછી નવી તકલીફો ચાલુ થઈ. પોલીસ કહે કે અમને કેરાલા પોલીસનું સર્ટિફિકેટ જોઈએ. કેરાલા પોલીસનું સર્ટિફિકેટ આવતા આવતા બીજા છ કલાક ગયા. જ્યારે રજૂ કર્યું ત્યારે પુના પોલીસ કહે કે આ મલયાલી ભાષામાં છે. અમને વાંચતા નથી આવડતું, માટે અનુવાદકને બોલાવ્યો. તેણે ટ્રાન્સલેશન કરી આપ્યું. તેમાં બીજા ત્રણ કલાક ગયા. છેવટે અગ્નિદાહ અપાયો. થાકીને હતપ્રત થયેલી યુવતી ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી.

હવે પ્રશ્ન એ છે કે આવા જડભરત જેવા કાયદાનો કોઈ ઉકેલ નથી? શું કાશ્મીરથી કન્યાકુમારી કે અરુણાચલથી ગુજરાત સુધી આપણો દેશ એક જ નથી? અલગ અલગ દેશ છે? સ્વતંત્ર થયા બાદ કાયદાઓનાં આડેધડ જંગલ ઊગી નીકળ્યાં છે. તેને સરળ બનાવવા કેમ કોઈ પ્રયત્નો થતા નથી. પ્રજાને પડતી તકલીફ માટે રાજકારણીઓ કેમ મૌન છે? કેમ આપણી સંસ્કૃતિમાંથી સહાનુભૂતિ કે દયાનો લોપ થઈ ગયો છે? શું કાયદાઓ અને વહીવટી રસમ નોકરશાહી અને કાળાકોટીયાઓના પેટ ભરવા બનાવવામાં આવ્યાં છે? સામાન્ય પ્રજાને જીવવું કઈ રીતે તે સમસ્યા છે. ભ્રષ્ટાચાર નાબૂદ કરવા આપણી પાસે કોઈ ઉપાય નથી. મોદીસાહેબ કહે છે કે હું ખાઈશ નહીં અને કોઈને ખાવા પણ દઈશ નહીં (પીરસીશ નહીં). બરાબર છે. તેઓ તેમ કરતા હશે, પણ આ નોકરશાહી પોતાની મેળે જ બૂફે સિસ્ટમથી ખાઈ લે છે તેનું શું કરવું.! ખાયકી અને ભ્રષ્ટાચારે આપણા દેશને પાયમાલ કરી નાખ્યો છે. શું કરવું તે ખબર પડતી નથી. એમ કહેવાય છે કે એમ્બ્યુલન્સ સગવડ પ્રજાની સેવા માટે બનાવાય છે. તે માટે ડોનેશન લેવાય છે, પણ અહી તો કેરાલાથી પૂના લાવવા માટે રૂા. ૫૪૦૦૦/- ચૂકવવા પડયા . તો શું આ સેવા કોમર્શીઅલ છે?

ત્યારે આશ્વાસન લેવા ચાલો આપણે કોરસમાં બોલીએ 'સારે જહા સે અચ્છા હિંન્દુસ્તાં હમારા'.

*શબ્દાંકન : આર્મેશકુમાર જૈન*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃતનગર | : | ૧૦-૭-૧૫ | આયા સાવન ઝૂમકે-ઑર્કેસ્ટ્રા | ★ |
| | | ૨૯-૭-૧૫ | બજરંગી ભાઈજાન - ફિલ્મ | ◈ |
| ● બોરીવલી | : | ૦૬-૭-૧૫ | શેઠ મોતીશા - નાટક | ◈ |
| | : | ૨૦-૭-૧૫ | બા તને હું ક્યાં રાખું?- નાટક | ◈ |
| | : | ૨૧-૭-૧૫ | બજરંગી ભાઈજાન - ફિલ્મ | ◈ |
| ● ભાંડુપ વિક્રોલી | : | ૧૯-૭-૧૫ | બજરંગી ભાઈજાન - ફિલ્મ | ◈ |
| | : | ૨૨-૭-૧૫ | એક વાંકીચૂંકી Love Story – નાટક | ◈ |
| ● ચેમ્બુર | : | ૦૬-૭-૧૫ | ગુણુભાઈએ ગામ ગજાવ્યું - નાટક | ◈ |
| | | ૨૩-૭-૧૫ | બજરંગી ભાઈજાન - ફિલ્મ | ◈ |
| ● લેડીઝ વિંગ સેન્ટ્રલ મુંબઈ | : | ૧૩-૭-૧૫ | એક વાંકીચૂંકી Love Story – નાટક | ◈ |
| ● દાદર | : | ૨૨-૭-૧૫ | બા તને હું ક્યાં રાખું? - નાટક | ◈ |
| ● ગોલ્ડન ગારોડિયા | : | ૨૨-૭-૧૫ | એક વાંકીચૂંકી Love Story – નાટક | ◈ |
| | : | ૨૬-૭-૧૫ | બજરંગી ભાઈજાન - ફિલ્મ | ◈ |
| ● જુહુ | : | ૦૭-૭-૧૫ | ધ વેઈટિંગ રૂમ્સ - નાટક | ◈ |
| | : | ૧૮-૭-૧૫ | બજરંગી ભાઈજાન - ફિલ્મ | ✦ |
| | : | ૨૨-૭-૧૫ | બાહુબલી - ફિલ્મ | ◈ |
| ● જુહુ બીચ | : | ૧૨-૭-૧૫ | ધ વેઈટિંગ રૂમ્સ - નાટક | ✦ |
| ● જેમ જગડુશા | : | ૦૭-૭-૧૫ | એક વાંકીચૂંકી Love Story – નાટક | ◈ |
| | | ૨૨-૭-૧૫ | બજરંગી ભાઈજાન - ફિલ્મ | ◈ |
| ● કાંદિવલી | : | ૦૮-૭-૧૫ | ઝિંદગી એક સફર હૈ સુહાના - નાટક | ◈ |
| | : | ૧૭-૭-૧૫ | ફેસ્ટિવલ હાઉસી - અંતાક્ષરી | ✦ |
| | : | ૨૨-૭-૧૫ | બજરંગી ભાઈજાન - ફિલ્મ | ◈ |
| ● મુલુંડ | : | ૦૪-૭-૧૫ | એક વાંકીચૂંકી Love Story – નાટક | ◈ |
| ● | : | ૨૩-૭-૧૫ | મમ્મી મારી ચમુના અમે એના નમૂના | ◈ |
| ● મુંબઈ | : | ૧૭-૭-૧૫ | બજરંગી ભાઈજાન - ફિલ્મ | ◈ |
| | | ૨૫-૭-૧૫ | યાદોં કી બારાત - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● મલાડ | : | ૨૮-૭-૧૫ | એક વાંકીચૂંકી Love Story – નાટક | ★ |
| ● લેડીઝ વિંગ મોરબી | : | ૧૨-૭-૧૫ | બેટી બચાવો - વ્યાખ્યાન | ★ |
| ● પેડર રોડ | : | ૧૮-૭-૧૫ | શેઠ મોતીશા - નાટક | ◈ |
| | : | ૧૯-૭-૧૫ | બજરંગી ભાઈજાન - ફિલ્મ | ◈ |
| ● રાજકોટ | : | ૨૨-૬-૧૫ | અવનવી ગેમ્સ - ગેમ શો | ★ |
| ● રોયલ જગડુશા | : | ૦૮-૭-૧૫ | એક વાંકીચૂંકી Love Story – નાટક | ◈ |
| | : | ૨૦-૭-૧૫ | બજરંગી ભાઈજાન - ફિલ્મ | ◈ |

| | | | | |
|---|---|---|---|---|
| ● શિવાજી પાર્ક | : | ૨૨-૭-૧૫ | બજરંગી ભાઇજાન - ફિલ્મ | ◈ |
| | : | ૨૫-૭-૧૫ | એક વાંકીચૂંકી Love Story – નાટક | ◈ |
| ● સાયન માટુંગા | : | ૧૧-૭-૧૫ | શેઠ મોતીશા - નાટક | ◈ |
| | : | ૧૩-૭-૧૫ | યાદોં કી બારાત - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૨૬-૭-૧૫ | ધ વેઈટિંગ રૂમ્સ - નાટક | ◈ |
| ● ઉપલેટા | : | ૨૬-૭-૧૫ | રંગીલી શામ આપકે નામ - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● નોર્થ ઈસ્ટ | : | ૦૨-૭-૧૫ | એક વાંકીચૂંકી Love Story – નાટક | ◈ |
| | : | ૨૧-૭-૧૫ | બજરંગી ભાઇજાન - ફિલ્મ | ◈ |
| | : | ૨૮-૭-૧૫ | આઇ લવ માય માતૃભાષા-ઑર્કેસ્ટ્રા | * |
| ● નવી મુંબઇ | : | ૦૯-૭-૧૫ | ધ વેઈટિંગ રૂમ્સ - નાટક | ◈ |
| | : | ૧૪-૭-૧૫ | ગુણુભાઈએ ગામ ગજાવ્યું - નાટક | ◈ |
| | : | ૧૯-૭-૧૫ | બેકરે ગાવ - પિકનિક | * |
| | : | ૨૧-૭-૧૫ | બા તને હું ક્યાં રાખું? - નાટક | ◈ |
| ● વસઈ | : | ૨૨-૭-૧૫ | બજરંગી ભાઇજાન - ફિલ્મ | ✦ |
| ● વડોદરા (કલાનગરી) | : | ૧૯-૭-૧૫ | એન્ટરટેઈન્મેન્ટ શો - ઑર્કેસ્ટ્રા | * |
| ● વડોદરા (લેડીઝ વિંગ) | : | ૦૪-૭-૧૫ | સ્કિલ ડેવલપમેન્ટ | * |

સંજ્ઞા : જમણ સાથે * જમણ વિના ◈ નાસ્તો ✦


નેચરલ વૉટરફૉલ્સ ની મોજમજા

હર્ષગીરી વૉટરફૉલ્સ

એક દિવસ/ ઓવરનાઈટ પીકનીક

૨૦૦ ઍકરના નેચરલ ફાર્મ નુ મીની હિલ સ્ટેશન................

શહાપુર પાસે (થાના થી ૬૦ કી. મી.)

HARSHGIRI The Village

આવો અને આનંદ માણો......


મહાબલેશ્વર-લેક મા બોટીંગ...✓

માથેરાન-લીલી છમ વનરાઇ...✓

લોણાવલા-મોનસુન વૉટરફૉલ્સ...✓

WE HAVE ALL THREE AT ONE PLACE

• નેચરલ વૉટરફૉલ્સ • બોટીંગ • રેન ડાન્સ • સ્વીમીંગ પુલ • ગેમ્સ • સ્વાદીષ્ટ ભોજન



ફેમીલી, સોસાયટી, કલબ, સોશીયલ ગ્રુપ, સ્ટાફ, મહીલામંડળ, સ્કુલ, કૉલેજ, કલાસીસ.... પીકનીકની સાથે નાઇટ સ્ટે માટે ઉત્તમ સ્થળ

હર્ષગીરી લેક રીસોર્ટ

૧૦૩, શંકર સાગર,૧૫હેલા માળે, ટેલી. એકસચેન્જ ગલી,
(જીવદયા ગલી), એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વે) મુંબઇ- ૪૦૦ ૦૮૬
✆ 9833532793 / 9833391143
Email : harshgirilakeresort@rediffmail.com
Web : www.harshgirilakeresort.com

શહાપૂર-જૈન માનસ મંદિરમ્ ફકત ૧૬ કી.મી. ના અંતરે



જૈન સમાજનાં વડીલો આટલુ જરૂરથી વાંચશો.....

જૈન સમાજનાં દિકરા દીકરીઓની પસંદગીનાં પાત્રો પીરસતી www.jainswayamvar.com જે વેબસાઈટ ઉપર ૨૦૦૦ થી વધુ જૈન પાત્રો ઉપલબ્ધ છે. જે જૈન સમાજને સાંકળી રાખે છે અને જૈન સમાજનાં લગ્નો ઉત્સુક પાત્રની પસંદગી કરાવી આપે છે. જૈન સમાજનાં ઉમેદવારે બીજા સમાજમાં નજર દોડાવવાની જરૂર રહેતી નથી.

www.jainswayamvar.com દ્વારા આપની પસંદગીનાં પાત્રો ઝડપથી અને સહેલાઈથી મળી રહેશે. જેમાં દશા, વીશા, કાઠીયાવાડી, ઝાલાવાડી, ઘોઘારી, શ્વેતામ્બર, સ્થાનકવાસી, દિગમ્બર, તેરાપંથી તેમજ દરેક જૈન સમાજની સાથે રહીને www.jainswayamvar.com કાર્ય કરે છે જેથી દરેક પાત્રોની પસંદગી સારી રીતે થઈ શકે www.jainswayamvar.com વેબસાઈટ ઉપર દરેક ઉમરનાં પાત્રો આવે છે કારણ કે www.jainswayamvar.com ફકત જૈન સમાજની વેબસાઈટ છે તેથી મન મૂકીને કાર્ય કરવા પ્રોત્સહિત બને છે.

આપ આપનાં દિકરા-દીકરી, સગાવહાલા, મિત્રોગૃપમાં જણાવી www.jainswayamvar.com ઉપર ફ્રી રજીસ્ટ્રેશન કરાવી શકો છો.

''આપનું ફ્રી રજીસ્ટ્રેશન પણ કોઈક ઉમેદવારની પસંદગી હશે.''

તમારા જીવનસાથી વેબસાઈટ ઉપર આપની રાહ જોઈ રહયા છે, તમે કેમ બાકી છો !!

જૈનો માટે જૈન દ્વારા ચાલતી વેબસાઈટ www.jainswayamvar.com

તમે પણ એક વખત વેબસાઇડની અવશ્ય મુલાકાત લેશો....

જૈન સમાજનાં ૨000 પાત્રો માંથી રૂા. ૧૨00/- માં જીવનસાથી તી પસંદગી કરો

ઉમેદવારનાં મોબાઇલ નંબર સાથેની વેબસાઇટ

FREE REGISTRATION ON

www.jainswayamvar.com

Mobile: +91 98255 50670

રોજે રોજનાં નવા નવા રજીસ્ટ્રર થયેલ બાયોડેટા જોવાનું ચુકશો નહિ.

# નવ તત્ત્વ - છ બંધ મોક્ષ

■ ડૉ. આરતી નલિન વોરા

બંધનો અર્થ બંધન થાય છે. આત્મા અને કર્મ પરમાણુઓનું બંધન તે બંધ કહેવાય છે. કષાયિક વિકૃતિથી આકર્ષિત થતાં કર્મ પુદ્ગલો અને આત્મપ્રદેશોનો સંબંધ તે બંધ કહેવાય છે. આત્માના પ્રદેશોને કર્મ પુદ્ગલના દળ ક્ષીરનીરની પેઠે અથવા લોહાગ્નિની પેઠે એકમેક થઈ બંધાય છે તેને જ બંધ કહીએ, તેના સ્વરૂપને બંધતત્ત્વ કહીએ.

કર્મ શબ્દનો અર્થ ઘણો જ ગૂઢ છે. તેની લીલા અકળ છે. આખો સંસાર કર્મના આધારે જ રચાયો છે. કર્મની સત્તા નિષ્પક્ષ છે. તેની સત્તામાં કોઈનું કશું ચાલતું નથી. આ આખી પૃથ્વી જીવ અને પુદ્ગલથી ઠાંસોઠાંસ ભરેલી છે. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે અને કર્મ જડ પુદ્ગલ સ્વરૂપ છે. તે બંને વચ્ચે લેશ્યા-વિચાર-ભાવ રહેલો છે. આત્માના વિચાર કે ભાવ મુજબ મન-વચન-કાયાની યોગ પ્રવૃત્તિને કારણે આત્મા જડ પુદ્ગલને ગ્રહણ કરી લે છે. આત્મા પોતાના શુભ-અશુભ ભાવ પ્રમાણે કર્મને પોતાના તરફ આકર્ષે છે. લોહચુંબકને જેમ લોખંડ ચીટકી જાય છે તેમ જ આત્માને પુદ્ગલ પરમાણુ ચોંટી જાય છે. આ પુદ્ગલ પરમાણુ તે કર્મ અને તેનું આત્મા સાથે જોડાવું તે કર્મબંધન છે. મિથ્યાત્વ-અવ્રત-પ્રમાદ-કષાય-યોગ એ પાંચ કર્મબંધનાં મુખ્ય કારણો છે. જીવ અને કર્મનો સંબંધ અનાદિકાળથી રહેલો છે. કર્મનો કર્તા-ભોક્તા જીવ જ છે તેમ જ કર્મનો ક્ષય કરનાર પણ જીવ જ છે. આ સંસારમાં અનંતા ભવો કરાવનાર કર્મ જ છે. જ્યારે જીવ સંપૂર્ણપણે કર્મથી મુક્ત થાય છે ત્યારે જ મોક્ષપ્રાપ્તિ થાય છે. ભવભ્રમણમાંથી મુક્ત થઈ જીવ સિદ્ધ બને છે.

કર્મ શુભ અને અશુભ બંને પ્રકારે હોય છે. પહેલા આપણે સ્પૃષ્ટ બદ્ધ નિદ્ધત નિકાચિત કર્મ વિશે જોઈએ પછી પ્રકૃતિ બંધ, સ્થિતિ બંધ, અનુભાગ બંધ અને પ્રદેશ બંધ વિશે જોઈશું.

૧) સ્પૃષ્ટ કર્મબંધ - સ્પૃષ્ટ કર્મબંધ એટલે જેમ લોહચુંબક પર લોખંડની સોય જરાક જેટલી ચોંટેલી હોય છે તો તે જરાક એવા પરિશ્રમથી છૂટી થઈ શકે છે તેમ સ્પૃષ્ટ કર્મબંધનું જોડાણ હલકા જેવું હોય છે, જે સરળતાથી ઓછા પરિશ્રમે પણ ખરી પડે છે. કોઈ પણ કાર્ય કર્યા પછી પશ્ચાતાપથી કે નાની એવી ક્રિયા કરવાથી આ કર્મો ખરી પડે છે. જેમ કોઈ માનવી કોરી રેતીમાં બેસે અને થોડી વાર પછી ઊભા થતાં એ રેતીને કપડાં પરથી હલકા હાથે ખંખેરી શકે છે તેમ સ્પૃષ્ટ કર્મો પણ સરળતાથી ખરી પડે છે. જો ભાવ સારા હોય તો હળવા અને જલદીથી ખરી પડે તેવાં કર્મોનો બંધ થાય છે.

૨) બદ્ધ કર્મબંધ - જેમ લોહચુંબક પર સોય દોરા સાથે પરોવાયેલી હોય તેવું બંધન છે. જ્યારે બદ્ધ કર્મબદ્ધ થાય ત્યારે કઠિન તપ કે પ્રતિક્રમણ અથવા આલોચના કરવાથી તે કર્મ ખપી જાય છે. સ્પૃષ્ટ કર્મબંધ કરતાં આ કર્મ જરા ગાઢું હોય છે. જેમ વ્યક્તિ ભીની રેતીમાં બેસે પછી ઊભી થાય ત્યારે એ રેતીને ખંખેરવા કોરી રેતી કરતાં થોડી વધુ મહેનત કે પરિશ્રમ કરવાથી ખરે છે તેમ થોડી મહેનત કરવાથી બદ્ધ કર્મની નિર્જરા થઈ શકે છે.

૩) નિદ્ધત કર્મબંધ - જેમ લોખંડની સોયને અગ્નિમાં તપાવી અને તેના પર હથોડા મારીને લોહચુંબક સાથે એકદમ ચીપકાવી હોય, જાણે Welding કર્યું હોય તેવા બંધન નિદ્ધત બંધ કહેવાય છે. અહીં કર્મબંધન સઘન હોય છે. વધારે ગાઢું જોડાણ હોવાથી પરિશ્રમ વધુ કરવો પડે છે. આ કર્મોને ખપાવવા આત્માને તપથી તપાવવો પડે છે. ખૂબ સમતા રાખી ઊંચા ભાવ રાખી કર્મનિર્જરા અર્થે તપ કરવાની મહેનત કરવી પડે છે. જેમ વસ્ત્ર પર ભીની માટીના ડાઘ પડ્યા હોય તો તેને સાફ કરવા પાણીની જરૂર પડે છે. ફક્ત હાથથી ખંખેરવાથી આ ડાઘ રેતીની જેમ છૂટા પડી શકતા નથી.

૪) નિકાચિત કર્મબંધ - જ્યારે કર્મનું જોડાણ જીવ સાથે અતિગાઢ હોય છે તેથી તેને ખપાવવા ખૂબ જ અઘરાં હોય છે. આ કર્મ ચીકણાં કહેવાય છે. આ બંધ વખતે રસ-આસક્તિ-શોખની માત્રા ઘણી વધુ હોય છે. જાણે કર્મનો ગાઢો ગોળો બન્યો હોય. જેમ લોખંડના ગોળામાં રહેલી સોયને શોધવી મુશ્કેલ હોય તેમ આ ગાઢ બંધને બંધાયેલાં કર્મને છૂટાં પાડવા ખૂબ જ અઘરાં હોય છે. આ કર્મો ભોગવ્યે જ છૂટકો છે. તેને કોઈ પણ રીતે આગળ-પાછળ કે હળવાં-ભારે કરવા ખૂબ જ દુર્લભ છે. તેમાં ઉદ્વર્તન-અપવર્તન-પરિવર્તન થઈ શકતું નથી. એકદમ ગાઢા રંગનો ડાઘ હોય તો તે પાણીથી જતો નથી. તેને સાફ કરવા સાબુ-સોડા વગેરેની જરૂર પડે છે તેથી કોઈ પણ કર્મ કરતાં તેમાં રસ-આસક્તિ ન રેડવા. આપણા ભાવ અનુસાર હળવાં કે ગાઢાં બંધન થાય છે. કર્મ બંધાયાં પછી કશું થઈ શકતું નથી.

જેમ દૂધમાં પાણી, ફૂલમાં અત્તર, તલમાં તેલ રહેલું છે તેમ આત્મપ્રદેશ અને કર્મ પુદ્ગલ એકબીજાને બંધાઈને રહેલા છે તેને બંધતત્ત્વ કહે છે. તેના ચાર પ્રકાર છે:

૧) પ્રકૃતિ બંધ - પ્રકૃતિ = સ્વભાવ. આત્મા જ્યારે કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે ત્યારે તે એકરૂપ હોય છે, પરંતુ બંધ સમયે તે ભિન્નભિન્ન આત્મગુણોને રોકવાના સ્વભાવવાળા

થઈ જાય છે તેને પ્રકૃતિ બંધ કહે છે. આત્માનાં દર્શન-જ્ઞાન-સામર્થ્યને આચ્છાદાન કરે છે તે પ્રકૃતિ બંધ છે.

૨) સ્થિતિ બંધ - સ્થિતિ = સમયમર્યાદા. બંધાયેલાં કર્મો કે કર્મ દલિકો આત્મા સાથે જેટલો સમય રહે તે કાળ નિર્ધારણને સ્થિતિ બંધ કહે છે. કોઈ કર્મ આત્મા સાથે ઓછામાં ઓછું એક અંતઃમુહૂર્ત અને વધુમાં વધુ વીસ, ત્રીસ કે સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ સુધી રહે. આ કાળમર્યાદા તે જ સ્થિતિ બંધ કહેવાય. કર્મ બાંધ્યાં પછી તે ઉદયમાં આવે ત્યારે તેનાં ફળ ભોગવવા પડે છે. કર્મ બાંધવું અને ભોગવવું તે બંને વચ્ચેનો કાળ તે અબાધકાળ કહેવાય છે. આઠે કર્મોની સ્થિતિ જુદીજુદી હોય છે.

૩) અનુભાગ બંધ - અનુભાગ = રસ. આત્મપરિણામોની તીવ્રતા-મંદતાને અનુરૂપ કર્મ બંધમાં તીવ્ર રસ કે મંદ રસનો જે અનુભવ થાય તેને અનુભાગ બંધ કહે છે. કર્મ દલિકોમાં અધ્યવસાયો અનુસાર શુભત્વ-અશુભત્વ, તીવ્રતા-મંદતાનું તારતમ્ય હોય છે. આમ વિવિધ પ્રકારે તીવ્ર કે મંદ રસની અનુભૂતિ તે અનુભાગ બંધ કહે છે.

૪) પ્રદેશ બંધ - પ્રદેશ = પરિમાણ-જથ્થો. ગૃહિત કર્મ પુદ્‌ગલોનું પરિમાણ નક્કી થાય તે પ્રદેશ બંધ કહેવાય છે. કોઈ કર્મ પુદ્‌ગલના દળ થોડા હોય તો કોઈના વધારે હોય છે તેનું પરિમાણ (માપ) તે જ પ્રદેશ બંધ. કેટલાંક કર્મમાં પરમાણુઓની સંખ્યા વધુ તો કોઈમાં ઓછી હોય. આ પ્રમાણે ભિન્નભિન્ન માપ-પરિમાણના દલિકોનો બંધ થાય તે જ પ્રદેશ બંધ છે.

આત્મ પ્રદેશની સાથે કર્મ પ્રદેશનો સંબંધ થવાથી આત્મા કર્મ પુદ્‌ગલોના ઉદયાનુસાર સંસારમાં વિચિત્રતાને પામે છે. સુખ-દુઃખનો આધાર કર્મોથી છે. પ્રકૃતિ-સ્થિતિ અનુભાગ પ્રદેશ તે કર્મબંધની પ્રક્રિયા છે. તે પૈકી પ્રદેશ બંધ અને પ્રકૃતિ બંધ યોગના કારણે અને સ્થિત બંધ અને અનુભાગ બંધ કષાયને કારણે થાય છે. કર્મના મૂળ ભેદ આઠ અને ઉત્તર ભેદ ૧૫૮ છે. આ ચાર પ્રકારના બંધને સમજવા લાડવાનું દૃષ્ટાંત જોઈએ.

૧) સૂંઠ-મેથી વગેરે પદાર્થો નાખીને લાડુ બનાવ્યો તે લાડુ વાયુ-પિત્ત આદિનો નાશ કરે તે તેની પ્રકૃતિ (સ્વભાવ) કહેવાય (૨) તે લાડુ એક મહિનો - બે મહિના એમ જેટલો સમય તે અને તે સ્વરૂપે રહે તે તેની સ્થિતિ (કાળનું પ્રમાણ) કહેવાય (૩) તે લાડુ કડવો-મીઠો તીખો હોય તે રસ (અનુભાગ) કહેવાય (૪) તે લાડુમાં કોઈ થોડા દળને અને કોઈ બહુ દળને પરિણામે નીપજ્યો એમ લાડુ વિશેનું દ્રવ્યનું ઓછાવત્તાપણાનું જે પ્રમાણ (પ્રદેશ) અથવા તો કદમાં નાનો-મોટો તેને પ્રદેશ કહેવાય. આમ આ દૃષ્ટાંતથી બંધને સરળતાથી સમજી શકાય છે.

આત્મા શુદ્ધ અને નિર્મળ તત્ત્વ છે. આત્માના ભાવ ઉત્પન્ન થવાથી તેના પર આધરિત કર્મ પુદ્‌ગલને ગ્રહણ કરે છે અને કર્મના સહચર્યથી આત્મા મલિન બને છે. કર્મ અને આત્માનો સંબંધ અનાદિકાળથી છે. શુભ અનુષ્ઠાનોના તાપ દ્વારા આત્મા પરથી કર્મો દૂર થાય ત્યારે તે શુદ્ધ-બુદ્ધ બને છે. નિર્મળ બની સિદ્ધત્વને પામે છે.

મોક્ષ તત્ત્વ - મોક્ષ = મુક્તિ. આત્માના પરમ વિશુદ્ધ સ્વરૂપને મોક્ષ કહેવાય. સર્વ કર્મોનો આત્યાંતિક ક્ષય થવો તે મોક્ષ છે. કર્મબંધનોથી સર્વથા મુક્ત થવાથી જીવ દેહ છોડીને શુદ્ધ આત્મસ્વરૂપને પામે છે - મોક્ષ પ્રાપ્ત કરે છે. મોક્ષપ્રાપ્તિ એ જ જીવનું લક્ષ્ય હોય છે અને સર્વથા કર્મ ક્ષય થતાં ઊર્ધ્વગમન કરવું તે આત્મોના સ્વભાવ છે. આત્મા ઊર્ધ્વગમન કરી ચૌદ રાજલોકના અગ્રભાગની ઉપર સિદ્ધશિલા ઉપર બિરાજમાન થાય છે. જ્યાંથી તેને જન્મ-મરણનાં ચક્રમાં ફરી આવવાનું રહેતું નથી. બંધનો પ્રતિપક્ષી મોક્ષ છે. ચારે પ્રકારના બંધથી બંધાઈ રહેલો જીવ તમામ કર્મથી છૂટીને મુક્ત થાય છે તેને મોક્ષ કહે છે. સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધના દ્વારા કર્મ પુદ્‌ગલોના આવરણને સર્વથા નષ્ટ કરી દે તથા રાગ-દ્વેષ આદિને દૂર કરી શુદ્ધ થઈ જાય ત્યારે મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે. મોક્ષ એ આત્માની સત-ચિત-આનંદની અવસ્થા છે. શુદ્ધ અવસ્થામાં તો આત્મા ગુણનો પુંજ છે, પણ જીવ જ્યારે રાગ-દ્વેષ કરે છે તેથી કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો જીવ તરફ આકર્ષિત થાય છે અને જીવ સાથે ચોંટી જાય છે અને આત્માને મલિન બનાવે છે, તેના ગુણોને આવરણ આપે છે, તેથી આત્માના ગુણો ઢંકાઈ જાય છે અને જ્યારે આત્માની મલિનતા ઓછી થાય અને જીવ નિર્મળ બને, કર્મથી મુક્ત બને ત્યારે જ ઊર્ધ્વગતિ કરીને સિદ્ધશિલા ઉપર નિજાનંદમાં બિરાજમાન થાય છે. આત્માની અવસ્થા સમજવા આપણે તૂંબડાનું ઉદાહરણ જોઈએ. તૂંબડું આમ હલકું હોય છે, તેથી જો પાણીમાં નાખીએ તો ઉપર તરતું રહે છે, પણ જો એ તૂંબડા પર માટીના લેપ-થર કરીને સૂકવીએ પછી પાણીમાં નાખીએ તો તે ડૂબી જશે. પછી જેમ જેમ માટીના થર પાણીમાં ઓગળીને ઓછા થતા જશે તેમ તેમ તૂંબડું ઉપર આવતું જાય છે અને જ્યારે સંપૂર્ણપણે માટીના થર નહીં રહે ત્યારે તૂંબડું પાણી ઉપર તરવા લાગે છે તેવું આત્માનું છે. જ્યારે કર્મ પુદ્‌ગલો આત્મા સાથે જોડાયેલા હોય છે ત્યારે આત્માની અવસ્થા મલિન હોય છે, પણ જ્યારે તેની મલિનતા દૂર થાય છે ત્યારે તરત જ ઊર્ધ્વગમન કરી સિદ્ધ બને છે. આત્માના મોક્ષના બે પ્રકાર છેઃ દ્રવ્ય મોક્ષ, અર્થાત્ કર્મ પુદ્‌ગલોનો સર્વથા ક્ષય થવો. ભાવમોક્ષ અર્થાત્ જીવની રાગ-દ્વેષની અવસ્થાથી મુક્તિ થવાથી ભાવથી શુદ્ધ થવું તે.

મોક્ષપ્રાપ્તિનો ઉપાય ધર્મ છે. તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ, મોક્ષમાર્ગનું અર્થાત્ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર મોક્ષ માર્ગ તરફ લઈ જાય છે. જ્ઞાન અને દર્શનને નિર્મળ કરી સંપૂર્ણતા પ્રાપ્ત કરવાનાં સાધન ચારિત્ર અને તપ છે. (૧) સમ્યગ્ દર્શન – તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા. તાત્ત્વિક રુચિ તત્ત્વને યથાતથ્યરૂપે માને દઢ શ્રદ્ધાપૂર્વક શંકા વગેરે દોષરહિત માનવું (૨) સમ્યગ્ જ્ઞાન – તત્ત્વોનો યથાર્થ પરિબોધ – પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જાણવું. નિત્ય-અનિત્ય, હિત-અહિત આદિને યથાતથ્ય સ્વરૂપે જોવું (૩) સમ્યગ્ ચારિત્ર – યથાર્થ આચરણ. આશ્રવનો નિરોધ કરવો આત્મા માટે હિતકર હોય તેને આચરણમાં લેવું અને છોડવા યોગ્ય હોય તેને છોડવું (૪) સમ્યગ્ તપ-ઈચ્છાઓનો નિરોધ. ચારિત્ર વડે જે જે ઉપાયો આદર્યા છે તે વધતા જતાં શુદ્ધ ઉત્સાહથી પાર પાડવા તપ કર્મને તપાવે છે અને નિર્જરા કરે છે. કર્મ ક્ષય કરે છે.

આત્મજ્ઞાન દ્વારા પદાર્થોને જાણે છે. દર્શનથી તેના પર શ્રદ્ધા કરે છે. ચારિત્રથી આવતાં કર્મોને રોકે છે અને તપ દ્વારા પૂર્વબદ્ધ કર્મોનો ક્ષય કરી પરિશુદ્ધ અવસ્થાને પામે છે. જીવ-અજીવ એ બે તત્ત્વ માત્ર જ્ઞેય-જાણવાયોગ્ય છે-પુણ્ય-સંવર-નિર્જરા-મોક્ષ એ ચાર તત્ત્વ ઉપાદેય – આદરવાયોગ્ય છે. પાપ-આશ્રવ-બંધ એ ત્રણ તત્ત્વ સર્વથા સર્વને હેય-ત્યાગ કરવાયોગ્ય છે.

રત્નત્રયીની આરાધનાનું લક્ષ દઢ રાખવું, તપથી કર્મનો ક્ષય કરવો, જૈન ધર્મની શ્રદ્ધા મજબૂત કરવી, મોક્ષના લક્ષ્યે જ ધર્મઆરાધના કરવી, મોક્ષનું યથાર્થ સ્વરૂપ સમજવું. આ પ્રમાણે તત્ત્વની યથાર્થ શ્રદ્ધાથી સમક્તિ મોહનીય તોડી, દેવ-ગુરુ-ધર્મનું સાચું સ્વરૂપ જાણી સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરી શકાય છે. ક્રોધાદિ ચાર કષાયોને ઉપશાંત કે ક્ષય કરી ચારિત્ર મોહનીય તોડી યથાર્થ મોક્ષમાર્ગની આરાધના કરવા ચારિત્ર ગ્રહણ કરી શકાય છે. પછી આત્મકલ્યાણ અર્થે સાધના કરી મોક્ષમાર્ગે આગળ વધવા પ્રયત્ન કરવો જોઈએ.

---

# ઓસ્ટોપોરોસીસ

■ ડૉ. ચન્દ્રકાન્ત પાઠક

હાડકાં પોલાં થઈ જવાનો રોગ, જેને ઓસ્ટોપોરોસીસ કહે છે. ઉંમર વધતાં હાડકાં પોલાં થતાં હોય, ફ્રેક્ચર થતાં સાજા થવા માટે સમય લાગતો હોય છે. સામાન્ય રીતે સ્ત્રીજાતકમાં એમ.સી–રજોદર્શન બંધ થતાં, ૪૫-૫૦ વર્ષે હાડકાંનું દર્દ થતું જોવા મળે છે. પુરુષ વર્ગને ૬૦-૬૫ પછી ઓસ્ટોપોરોસીસ થતું જાણવા મળ્યું છે. દૂધની બનાવટો વધુ લેશો. ખનિજ તત્ત્વો વધુ હોય તેવો ખોરાક લેશો. સ્ટ્રોબેરી, કોબી, રાસબેરી, ''બી''વાળાં શાકભાજી, કૅલ્શિયમ વધુ હોય તેવા ખાદ્યપદાર્થો લેવાથી લાભ થશે.

શરીર માટે ખૂબ જરૂરી ખનિજ દ્રવ્યોમાં કૅલ્શિયમ મહત્ત્વનું સ્થાન ધરાવે છે, કેમ કે કૅલ્શિયમ વડે આપણા શરીરનાં હાડકાં મજબૂત થાય છે. શરીરમાં આવેલાં કુલ ખનિજ દ્રવ્યોના પ્રમાણમાં કૅલ્શિયમ પચાસ ટકા હિસ્સો ધરાવે છે. શરીરના ચાર ટકા ખનિજ દ્રવ્યો આવેલાં છે. તેમાં બે ટકા કૅલ્શિયમના હોય છે. દૂધ-દૂધની બનાવટો, સોયાબીન, વાલ, વટાણા, ચોખા જેવા કઠોળ, કાળી દ્રાક્ષ, ગાજર, આંબળાં, અંજીર, મેથી, તલ, નારંગી, પાલકની ભાજીમાં કૅલ્શિયમ મળે છે.

કૅલ્શિયમની અછત-ખામી સર્જાઈ હોય તો હાડકાં પોચાં પડી જાય છે. કૅલ્શિયમ વડે શરીરના જ્ઞાનતંતુઓ અને સ્નાયુઓમાં વીજશક્તિ પેદા થાય છે. એ વીજશક્તિના પ્રતાપે શરીરના બધા અવયવોમાં મગજમાંથી સંદેશાઓની આપ-લે થાય છે.

પુખ્ત વ્યક્તિઓમાં કૅલ્શિયમની અછત-ખામી ઊભી થાય તો તેમને ઓસ્ટોપોરોસીસ નામનો રોગ થાય છે. હાડકાં પોચાં પડી જતાં તૂટવા લાગે છે. પગ અને મોં પરના સ્નાયુઓ ખેંચાઈ જાય છે. શરીરમાં ધ્રુજારી જેવું લાગે છે.

ઠંડાં પીણાં વધારેપડતા પીવાની આદતથી શરીરમાં ફોસ્ફરસ વધી જાય છે. જેથી કૅલ્શિયમ શરીરની બહાર નીકળી જાય છે. શરીરમાં પૂરતા પ્રમાણમાં કૅલ્શિયમ કાર્યરત રહે તે માટે વિટામિન ડી અને ''સી''ની જરૂર પડે છે. કૅલ્શિયમની ગોળીઓ કે ઈન્જેક્ષનો વધુ લેવાથી, વધુપડતા કૅલ્શિયમથી આર્યનનું ખનિજ દ્રવ્ય શરીરમાં બરોબર શોષાતું નથી. એનિમિયા થાય છે, કબજિયાત થાય છે. કિડનીમાં પથરી થઈ જાય છે. હૃદયના ધબકારા વધી જાય કે અનિયમિત બને છે. શરીર ભારે લાગે અને કૅલ્શિયમની ગાંઠો બંધાય છે.

કૅલ્શિયમની સાથે ઍલ્યુમિનિયમ, મેગ્નિશિયમ અને ફોસ્ફરસવાળી કોઈ દવા લેશો નહીં. કૅલ્શિયમ સાથે વિટામિન-ડી લેવાથી કૅલ્શિયમને પચાવવામાં સહાય કરે છે.

**એનેસ્થેસિયા :** માણસને બેભાન બનાવવાની ક્રિયામાં ક્લોરોફોર્મ જેવી દવાની વપરાશ કરવામાં આવે છે. આ ક્રિયા પર નેપ્ચ્યુન ગ્રહનું મહત્ત્વ વિશેષ છે.

**એનિમા :** દવાઓ દ્વારા ઝાડો ઉતારવો તે. કબજિયાત હોય ત્યારે અને દર્દીને ઑપરેશન કરતાં પહેલાં કે ખાસ પ્રકારના પેટના ઍક્સ-રે લેતાં પહેલાં મળાશયમાં દવાની પિચકારી મારી એનિમા આપી ઝાડો ઉતારવાની જરૂરત ઊભી થાય છે, જેને એનિમા કહેવાય છે.

# તમે તમારા બાળકને ઓળખો-બીજો હપ્તો

## માતાની મૂંઝવણ: હું ઑફિસે ક્યારે જાઉં ?

■ ડૉ. નીના સાવંત, એમ.ડી. (મનોરોગ નિષ્ણાત) અનુવાદક : લલિતકુમાર શાહ

કુટુંબો નાનાં થતાં ચાલ્યાં છે, પણ સંતાનોને મોટાં કરવા એ મા-બાપ માટે ચિંતાનું કારણ બની રહ્યું છે. આજના સ્પર્ધાત્મક યુગમાં વધતા જતા તણાવનું આ પરિણામ છે. બચપણથી જ બાળકો પર અપેક્ષાઓનો બોજો નાખી દેવાથી તેમની બાળસુલભ ક્રિયાઓ અને પ્રતિક્રિયાઓ દબાઈ જાય છે. સાથેસાથે ટી.વી. જેવા આધુનિક માહિતીના માધ્યમમાંથી બાળકો વધુ સતેજ બનતાં જાય છે. તેમના કેટલાક સવાલોના જવાબ માતા-પિતા પાસે નથી. તેવી જ રીતે બાળકને બચપણને પ્રફુલ્લિત બનાવવા માટે માતા-પિતા સમય આપી શકતાં નથી.

આ બધામાંથી માનસિક્તા પેદા થાય છે. કોઈ કોઈ વખત તે તેમની વિચિત્ર વર્તણૂકમાંથી વ્યક્ત થાય છે. આવી વર્તણૂક બાળક માટે સહજ હોય છે તેવું ધારી લેવામાં આવે છે. તે એક મનોવિકાર હોઈ શકે છે તે વાત અનેક માતા-પિતાના ધ્યાનમાં જલદી નથી આવતી અને રોગમાં વૃદ્ધિ થવા લાગે છે ત્યારે ડૉક્ટર પાસે જવાની જરૂર સમજાય છે.

આજે લગભગ બધે જ દેખાતી બાળક અને મા-બાપની આવી ચિંતાજનક સ્થિતિનું માનસશાસ્ત્રીય દૃષ્ટિકોણથી કરવામાં આવેલું અવલોકન લેખમાળામાં રજૂ કરવામાં આવેલ છે. આશા છે કે જેજેસીના સભ્યો/વાચકોને જરૂરથી ગમશે. -તંત્રી

દરેક સ્ત્રીના જીવનમાં માતા બનવા જેવો ઉત્તમ અનુભવ બીજો કોઈ નથી હોતો. માતૃત્વનો અણસાર અનુભવતાં જ આંતર અને બાહ્ય આનંદ મળે છે. બાળકના જન્મ વિશે તેના મનમાં અનેક કલ્પનાઓ ઉદ્‌ભવે છે. આ સ્થિતિ બાળક આ દુનિયામાં પ્રવેશે તે પહેલાંની હોય છે, તો પછી બાળકના જન્મ પછી કેવું લાગશે... દુઃખ, પીડા, ચિંતા એ બધું તે ભૂલી જઈને આનંદનાં સપનાંઓમાં ખોવાઈ જાય છે.

બાળકનો જન્મ થાય છે અને માતાનું આખું વિશ્વ જ બદલાઈ જાય છે. શરૂઆતમાં શિશુનાં બધાં કામ કરવામાં તેનો દિવસ ક્યાં પસાર થઈ જાય છે તેની ખબર જ માતાને પડતી નથી. આ અગાઉની તેની દિનચર્યામાં આશ્ચર્યજનક પરિવર્તન આવી જાય છે. બાળકની સારસંભાળ રાખતાં રાખતાં ઘરનાં અન્ય કામ પ્રત્યે તે બેદરકારી દાખવી શકતી નથી અને આમ આ બધી કસોટીઓમાંથી પસાર થતાં થતાં કોઈ કોઈ વખત તે બેબાકળી બની જાય છે. કોઈ કોઈ વખત મૂંઝાઈ પણ જાય છે.

ધીમે ધીમે બાળક મોટું થતું જાય છે. તે સંપૂર્ણ રીતે મા પર આધાર રાખતું હોય છે અને તેના સિવાય અથવા તેનાથી પોતે દૂર રહી જ નહીં શકે એ વિચારથી માતા હંમેશાં મનથી અને તનથી બાળકની પાસે જ રહે છે. આવા સમયે નોકરી કરતી સ્ત્રી સામે એક સમસ્યા ઊભી થાય છે. આવી પરિસ્થિતિમાં માએ નોકરીએ જવું કે નહીં અથવા નોકરી છોડી દેવી તેવી દ્વિધાનો સામનો કરવો પડે છે.

કાયદાનુસાર અનેક કંપનીઓ તેમની મહિલા કર્મચારીઓને ત્રણ અથવા ચાર મહિનાની પ્રસૂતિ રજા આપતી હોય છે. અમુક કિસ્સાઓમાં તો વધુ ત્રણેક મહિનાની રજા લંબાવવાની જોગવાઈ હોય છે. આમ વધુમાં વધુ જેટલા મહિનાની રજાનો લાભ મેળવી શકાય તેનું આયોજન કર્યા બાદ સ્ત્રી ઑફિસે ક્યારે જવું તે નક્કી કરે છે. તે જ સમયે તે દ્વિધામાં પડી જાય છે કે નોકરી-વ્યવસાય ચાલુ રાખવા કે રાજીનામું આપવું-બધું છોડી દેવું. માનસશાસ્ત્રીની દૃષ્ટિએ જોઈએ તો શિશુ જ્યાં સુધી બોલીને કે હાવભાવ દ્વારા અથવા અવાજ દ્વારા પ્રતિભાવ નથી દેતું, ભૂખ લાગે ત્યારે જાતે જ પોતાના હાથના ઈશારે અથવા અન્ય રીતે જણાવી શકતું નથી ત્યાં સુધી તેને માતાની જરૂર પડે જ છે. તે જ રીતે બાળક પોતાની જાતે કપડાં પહેરી નથી શકતું કે સૂ-સૂ કર્યા બાદ એ જણાવી નથી શકતું, તેને મા અથવા અન્ય વ્યક્તિની મદદની જરૂર પડે છે. જ્યાં સુધી બાળકમાં થોડી સમજણશક્તિ ન આવે ત્યાં સુધી તેને માતાની જરૂર રહે છે. આ અવધિ ક્યારેક ક્યારેક પંદર મહિનાથી બે વર્ષ સુધીની હોઈ શકે છે. આ જ સમયગાળામાં બાળક કોઈ વસ્તુને પકડીને ઊભું રહેવા

લાગે છે, હાથ છોડીને ચાલવાનો પ્રયાસ કરવા લાગે છે અને કેટલાક શબ્દો ઉચ્ચારવાનો પ્રયત્ન પણ કરે છે.

આ દૃષ્ટિએ જોઈએ તો બાળક આટલું મોટું થાય ત્યાં સુધી મા નોકરી-વ્યવસાય પર ન જાય તે ચાલે જ નહીં. તેથી જ્યારે બાળકને ઉપરનું દૂધ આપવામાં આવે અથવા માતાનું દૂધ પર્યાપ્ત નથી થતું અને સેરેલૅક કે તેના જેવો બીજો કોઈ ખાદ્યપદાર્થ આપવાનું શરૂ કરાય ત્યારે જ માતાએ નોકરી-વ્યવસાય પર જવાનો વિચાર કરવો જોઈએ. લગભગ છ મહિના પછી બાળકને ઉપરનું દૂધ અથવા બીજા વૈકલ્પિક ખાદ્યપદાર્થ આપવાની શરૂઆત કરવામાં આવે છે અને ધીમે ધીમે ફક્ત રાત્રે જ માતાનું દૂધ આપવામાં આવે છે. આમ કરવાથી ધીમે ધીમે માતાને થોડી રાહત અને ફુરસદ મળે છે. તે પોતાની જાત માટે થોડો સમય ફાળવી શકે છે. આ રીતે બાળકની ભૂખ ભલે સંતોષી શકાય, ભાવનાત્મક દૃષ્ટિએ બાળકને હજી પણ માતાની જરૂર હોય જ છે. બાળક જેમજેમ મોટું થતું જાય છે, તેમતેમ તે મા સિવાયના ઘરમાં બીજા રોજ દેખાતા માણસોને પણ ઓળખવા લાગે છે અને અજાણ્યા માણસોની પણ તેને ખબર પડવા લાગે છે. તે મુજબ તે પ્રતિભાવ આપીને દેખાડે પણ છે. ઘરની અથવા રોજ દેખાતી વ્યક્તિ સામે જોઈ હસવું કે તેને પ્રતિભાવ દેવો અને અજાણી વ્યક્તિને જોઈને રડવાનું શરૂ કરવું, આવી ક્રિયાઓ કરતું ધીમે ધીમે તે મોટું થાય છે તેની આપણને જાણ થવા લાગે છે. હવે તે છ અથવા આઠ મહિનાનું થઈ જાય છે ત્યારે ઉંમરના આ તબક્કે તે દરરોજ કંઈક નવું શીખતું હોય છે, જેમ કે ઢીંચણભેર ચાલવું, બેસવું, આળોટવું, ઊભા રહેવાનો પ્રયત્ન કરવો વગેરે. આવા શારીરિક વિકાસ ઉપરાંત વસ્તુને ઓળખવી, હસવું, અજાણી વ્યક્તિને જોઈને રડવું, મોંએથી અવાજ કરવો, વસ્તુ મોંમાં નાખવી, રમકડાં સાથે રમવું વગેરે ક્રિયાઓના કારણે તેનો બૌદ્ધિક વિકાસ થઈ રહ્યો છે તેની આપણને પ્રતીતિ થાય છે. ધીમે ધીમે બાળક તેની આ દુનિયામાં વ્યસ્ત થતું જાય છે. અન્ય લોકો સાથે ભાવાત્મક રીતે નજીક આવતું જાય છે. ઘરના લોકોની પણ તેની સાથે આત્મીયતા વધતી જાય છે અને બીજાઓ સાથે તે શિશુ રમવા લાગે છે. ટૂંકમાં એમ કહીએ કે માતા વગર તે થોડો સમય રહી શકે છે. વસ્તુ હાથમાં પકડી શકે છે, સ્પર્શ તેને ખયાલ આવે છે. તેથી જ ઓળખીતા અથવા અજાણ્યા ચહેરા, અવાજ, સ્પર્શ વગેરે બાબતોનું તેને જ્ઞાન થવા લાગે છે. તેની જ્ઞાનેન્દ્રિય તીવ્ર થવા લાગે છે. હવે તે એકદમ ચપળ અને ક્રિયાશીલ બની જાય છે. આવા સમયે માતાને ફૂલટાઈમ અથવા પાર્ટટાઈમ નોકરી-વ્યવસાય કરવાનો વિચાર આવે તે સ્વાભાવિક છે. સાથે સાથે ઘરમાંથી તે બહાર હોય તે સમયે બાળકની સારસંભાળ લેવા કોઈ હોવું જોઈએ તે એટલું જ મહત્ત્વનું છે. તે જ પ્રમાણે માતા ઑફિસેથી ઘરે આવે ત્યારે પોતાના બાળકને સમય આપી શકે તે પણ તેટલું જ અગત્યનું છે. ઑફિસેથી ઘરે આવે ત્યારે બાળકને છાતીસરસું ચાંપીને પ્રેમ કરવો, ચુંબન કરવું તેટલું જ અગત્યનું છે. આમ કરવાથી 'હું અત્યાર સુધી તારી પાસે નહોતી તોપણ હું તારી જ છું' એવી લાગણી વ્યક્ત થાય છે અને બાળકમાં વિશ્વાસ અને સલામતીની ભાવના પેદા થાય છે.

હવે બાળક મોટું થવા લાગે છે. નર્સરી અથવા બાળમંદિરમાં જવાનું શરૂ કરે છે. જેમ જેમ તેનો વધુમાં વધુ શારીરિક, માનસિક એટલે કે બૌદ્ધિક વિકાસ થતો જાય છે, જેમ જેમ તે નવા નવા વાતાવરણમાં ભળી જાય છે, તેમ તેમ તેને કેટલાક પ્રમાણમાં માતાની જરૂર ઓછી લાગે છે. કોઈ કોઈ વખત તો માની ફક્ત આસપાસમાં 'હાજરી' હોવી બાળક માટે પર્યાપ્ત થઈ પડે છે. જોકે, બાળકને માતાની જરૂર હોય જ છે એ વાતમાં બેમત ન હોઈ શકે. માતાના પ્રેમ માટે, અવાજ સાંભળવા માટે બાળક હંમેશાં ઝંખતું હોય છે અને તેના સ્પર્શ માત્રથી તે સલામતી અનુભવવા લાગે છે આ હકીકતથી આપણે સૌ વાકેફ છીએ.

આવા શરૂઆતનાં વર્ષોમાં સ્ત્રી ભલે પોતાનાં બાળક પ્રત્યે વધારે ધ્યાન આપતી હોય છે, તે ફક્ત એક મા નહીં, પણ પત્ની, પુત્રવધૂ, દીકરી જેવી જવાબદારીઓ પણ ઉપાડતી હોય છે. તે જ પ્રમાણે નોકરી અથવા વ્યવસાયમાં તેના ભાગે આવતી જવાબદારી પણ તેટલી જ નિપુણતા સાથે પાર પાડતી હોય છે. તેથી જ તો તે તેટલી જ આવડત અને નિપુણતા સાથે બાળક છ-સાત મહિનાનું થયા બાદ અથવા બાળકની સારસંભાળ રાખવા વૈકલ્પિક વ્યવસ્થા કરીને ઑફિસે જવાનું શરૂ કરે તો તેમાં કંઈ અજુગતુ નથી અને માતાને પોતે કંઈ ભૂલ કે અપરાધ કરી રહી છે તેમ પણ માનવું ન જોઈએ. કોઈ કોઈ વખત એવું જોવા મળે છે કે બાળક નાનું હોય ત્યારે માતા ડ્યૂટી પર જવાનું શરૂ કરી દે છે, પણ ત્યારે પોતાના આ નિર્ણય બાબત દુઃખ અનુભવે છે અને ફરી ઑફિસે જવાનું બંધ કરી દે છે. આ બાબતમાં વ્યાવહારિક દૃષ્ટિએ વિચાર કરીને માતા જ સાચો નિર્ણય લઈ શકે છે.

સ્ત્રી બીજી બધી જવાબદારીઓ પાર પાડે છે ત્યારે તેના માટે માતા તરીકેની જવાબદારી સૌથી મહત્ત્વની બની રહે છે.

જ્યારે બાળકને તેની જરૂર છે એ વાતની પ્રતીતિ થાય છે, તે બીજી બધી જવાબદારીઓને નગણ્ય બનાવી દે છે, એક બાજુએ રાખી દે છે. દરેક માતા માટે આ એક સ્વાભાવિક ક્રિયા છે. આવું લાગણીનું બંધન તેના માટે ફરજ બની જાય છે. પોતાનું બાળક પહેલાં, બાકીનાં કામો પછી તેવી ભાવના તેનામાં પેદા થાય છે. તેથી ડ્યૂટી પર ક્યારે જવું તેનો નિર્ણય લેવાનો અધિકાર પૂર્ણપણે તેનો જ હોય છે. ઘરમાં બાળકનું ધ્યાન રાખવાવાળું કોઈ હોય અથવા બહાર બાળકની સારસંભાળ લેવા માટે કોઈ સગવડ મળે તેમ હોય તોપણ જ્યારે માને એમ લાગે કે તે બાળકને આમ છોડીને નોકરી-વ્યવસાય કરવા જઈ શકશે ત્યારે જ તેણે ડ્યૂટી પર જવું જોઈએ. આવા સમયે તેની મરજી વિરુદ્ધ અથવા બળજબરી કરીને તેને ડ્યૂટી પર મોકલવાનો કોઈ પણ પ્રયાસ તે સ્ત્રી માટે માનસિક ત્રાસ બની શકે છે.

કોઈ કોઈ કિસ્સાઓમાં પર્યાયના અભાવે માતાને ડ્યૂટી પર જવાની ફરજ પડતી હોય છે. જોકે, આવા સમયે તેની ગેરહાજરીમાં બાળક માટે ઘરે કઈ સગવડતા થઈ શકશે તેનું માતાએ અગાઉથી આયોજન કરવું જરૂરી છે. ઘરેથી નીકળતાં પહેલાં તેણે બાળકનું શક્ય હોય તેટલું કામ આટોપી લેવું જોઈએ. આમ કરવાથી બાળક આખો દિવસ ભૂખ્યું નહીં રહે અથવા જરૂરી દવા-જડીબુટ્ટીઓ વગેરે વિના નહીં રહે. આવી નાની દેખાતી બાબતો ખૂબ જ મહત્ત્વની હોય છે. આ બધું કરતી વખતે તેણે પોતાનાં સ્વાસ્થ્ય અને જરૂરિયાતોનું પણ ધ્યાન રાખવું જરૂરી છે, કારણકે માતા સ્વસ્થ અને ખુશ હોય તો બાળકને પણ આનંદ અને ઉત્સાહ સાથે ઉછેરી શકશે!


**बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

*नीचे की अल्टरनेटीव थैरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थैरेपी ♦ एक्युप्रेसर थैरेपी ♦ पास थैरेपी ♦ बुहांग इनस्ट्रूमेंट

♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थैरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 • Tel.: 022-24121234**


## સાવ જ નાની વાર્તા....

મનસુખભાઈ ઘણા વખતથી મોટી ફૅક્ટરીમાં જોધપુરમાં મૅનેજર હતા. નોકરી દરમિયાન એક સારો બંગલો બનાવેલ, જ્યાં તેમની ઇચ્છા રિટાયર્ડ થયા પછી બન્ને દીકરાઓ સાથે આરામથી રહેવાની હતી.

બન્ને દીકરા મોટા થયા તેમાંથી નાનો અમેરિકા અભ્યાસ માટે ગયો, જ્યાં તેણે મુસલમાન છોકરી સાથે લગ્ન કર્યા. મોટો દીકરો મુંબઈમાં નોકરી મળવાથી તેની પત્ની સાથે મુંબઈ રહેવા લાગ્યો. બન્ને દીકરાની પત્નીઓ નોકરી કરતી હતી.

મનસુખભાઈ જોધપુરનું ઘર બંધ કરીને મોટા દીકરા સાથે મુંબઈ આવ્યા. પુત્ર અને પુત્રવધૂ નોકરી કરતાં હોવાથી ઘરની લગભગ બધી જવાબદારી મનસુખભાઈનાં પત્ની પર રહેતી, જેમાં તેઓ આનંદ મેળવતાં.

નાના દીકરાની વહુ પ્રેગ્નન્ટ હોવાથી મા-બાપને અમેરિકા તેડાવ્યાં, જ્યાં મનસુખભાઈ અને તેમનાં પત્નીને વધારાનું કામ કરવા મળ્યું. મનસુખભાઈ ટાઇમ પાસ કરવા માટે શાક સુધારતા તથા રોટલી વણતા શીખી ગયા, જે તેમને મુંબઈ આવીને પણ કામ લાગેલ. બે વર્ષ પછી નાના દીકરાની પત્નીને જર્મની ટ્રેનિંગમાં જવાનું હોવાથી ફરી તેમને અમેરિકા બોલાવ્યાં જ્યાં તેમણે તેમના દીકરા તથા પૌત્રની સેવા કરી.

અને છેવટે તેઓ બીમાર પડ્યાં. તેમના બન્ને દીકરા જરા પણ સોશિયલ નહોતા તેની તેમને ખૂબ જ ચિંતા હતી અને એટલા માટે તેમણે પોતાના હાથે મરણનોંધ, મેલો, પોતાનો મોટો ફોટો વગેરે વિગત તૈયાર કરીને મોટા દીકરાને ફક્ત તારીખ નાખવાનું બાકી રાખીને આપી... જીવન પૂરું કર્યું.... બંગલામાં રહેવાનાં સ્વપ્નાં અધૂરાં રહ્યાં!

# આપણા પડીકી માસ્તરો

■ હરીશ શાંતિલાલ મહેતા

રાજકોટના એક પાનના ગલ્લાની મુલાકાત લેવા માટે બૉલીવૂડની મશહૂર અભિનેત્રીને આમંત્રણ અપાયું. બેશક આ મુલાકાત માટે પાનના ગલ્લાવાળા 'શેઠે' લખલૂટ પૈસા ખર્ચ્યા હશે. આ સૌજન્ય મુલાકાત નહીં જ હોય.

ઉત્તર ગુજરાતના એક પાનની દુકાનના માલિકની ડઝનબંધ ગાડીઓ પ્રાઈવેટ ટૅક્સીરૂપે દોડે છે. પોતે બે માળના મકાનનો માલિક છે અને માત્ર ઈનવેસ્ટમેન્ટ કરવા મુંબઈમાં મોટો ફ્લૅટ લેવાની ગણતરીમાં છે. પાનના ધંધામાં આટલી કમાણી? જી હા, ગુજરાતની પાનની દુકાનના માલિકો ઘણાખરા કરોડપતિ થઈ ગયા છે.

સોરઠ, ઝાલાવાડ, હાલાર, મચ્છુકાંઠા, ભાવનગર-ઘોઘા, કચ્છ કે ઉત્તર ગુજરાતનાં કોઈ પણ ગામડાંમાં જાઓ, પાનનો ગલ્લો ગિરદીથી ભરપૂર હશે. ગોળની પિલ્લીને માખી ચોંટી હોય એમ ચોરે ને ચોકે, બસસ્ટોપ, રેલવેસ્ટેશન કે જાણીતી કોઈ બજારના નાકે પાનની દુકાન પર ટોળે વળીને લોકો ઊભા જ હશે. ચોક્કસ આ સૌ ગ્રાહક છે પાનના અને તમાકુના માવાના. ગુજરાતમાં પોલી દારૂબંધી છે, પણ દારૂ કરતાં વધુ દાટ પાનમસાલા, સોપારી, તમાકુ, ગુટકા, પડીકી, માવાના બંધાણીઓએ વાળ્યો છે.

મહારાષ્ટ્રમાં ગુટકા-જર્દાના વેચાણની બંધી છે. શાળા-કૉલેજના ૧૦૦ મીટરના વિસ્તારમાં સિગારેટ-બીડી વેચવા પર પણ પ્રતિબંધ છે, પણ આવી મનાઈઓને ગણકારે છે કોણ? મહાશય, નાણાંકોથળી ખુલ્લી રાખો, જે જોઈએ તે બેસુમાર મળે છે. મજાની વાત એ છે કે તમાકુની બનાવટના વેચાણની મનાઈ હોવા છતાં તેના ઉત્પાદનની મનાઈ નથી. તમાકુના પાન કે બીડી ઉદ્યોગના આગેવાનો અબજોપતિ થઈ ગયા છે. જ્યારે તેના ગ્રાહકો? તમાકુ, બીડી, સિગારેટ, જર્દા, પડીકી, ગુટકાના બંધાણીઓ પૈસેટકે ખુવાર થતા ચાલ્યા અને આર્થિક સાથે આરોગ્યની બાબતે પણ ઘસાતા ચાલ્યા. હમણાં ઘાટકોપરના એક ડેન્ટિસ્ટને મળવાનું થયું. તેમના મતે ગુજરાતી, મહારાષ્ટ્રીયન કે રાજસ્થાનની પ્રજામાં તમાકુની વપરાશ ચોંકાવનારી હદે વધતી ગઈ છે. આવા બંધાણીઓ અમુક સમય બાદ પોતાનું મોં (જડબું) પણ પૂરી રીતે ખોલી શકતા નથી. છતાંય એક ટેસ મેળવવા તમાકુ ગલોફામાં ભરાવી રાખે છે અને તેની લાળ અથવા થૂંક સમયે-કસમયે જ્યાં ખૂણો મળ્યો ત્યાં પિચકારી મારી દે છે. પોતાના અને અન્યોના આરોગ્ય સાથે ભયાનક ચેડાં કરે છે. આવું જ સ્મોકરો માટે છે. 'હર ફિક્ર કો ધૂએં મેં ઉડાતા ચલા ગયા'ની સ્ટાઈલમાં તેઓ જાહેર સ્થળોએ ધૂમ્રપાન કરતાં અચકાતા કે શરમાતા નથી.

મૂળે તમાકુ તથા તેની બનાવટોનો ઉપયોગ જે રીતે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ભયજનક રીતે વધી ગયો છે તેનાથી સમાજસેવકો, ધર્મગુરુઓ, આરોગ્યશાસ્ત્રીઓ, કેળવણીકારો, અર્થશાસ્ત્રીઓ તથા સરકારે પણ સચેત થઈ જવાની જરૂર છે.

માત્ર એક્સાઈઝ, વેચાણવેરો, વૅટ, આવકવેરો અને અન્ય ઉપલકની આવકો મેળવવા માટે શાસકો તથા સરકારી અધિકારીઓ તમાકુનાં વેચાણ અને ઉત્પાદન પર મનાઈબંધી નથી રાખતા. જ્યાં વેચાણની મનાઈ છે તે વિસ્તારોમાં બમણા ભાવે ચપોચપ વેચાય છે, એટલે આવી પોકળ બંધીઓ તો ઉત્પાદકોને સોનાનાં ઈંડાં દેતી મરઘી સમાન થઈ પડે છે. ભ્રષ્ટ સરકારી તંત્રમાં આવા પાંગળા પ્રતિબંધો પરિસ્થિતિ વધુ વણસાવે છે.

સરકારને જેટલી આવક તમાકુ અને તેની બનાવટનાં વેચાણથી થાય છે તેથી વધુ ખર્ચ તેને કારણે પ્રજાના કથળતા આરોગ્ય પર સહાય કરવા માટે થાય છે. મુંબઈના પરેલની તાતાની કૅન્સર રિસર્ચ હૉસ્પિટલની મુલાકાત લઈ જોજો. બંધુઓ, હૉસ્પિટલની બહાર પણ સેંકડો દર્દીઓ પડાવ નાખીને સારવાર માટે પોતાનો વારો આવે એની રાહ જોઈ રહ્યા હોય છે. આમાંના મોટા ભાગના તમાકુના વ્યસની હતા જે હવે એટલા પીડાય છે કે તમાકુ, બીડી, સિગારેટ નામ ઉચ્ચારવા તૈયાર નથી. એક સાદો સવાલ સમાજના આગેવાનો, ધર્મગુરુઓ, સમાજશાસ્ત્રીઓ તથા માનવહિત જેને હૈયે છે તેવા સૌને છે કે સમાજના અમુક વર્ગમાં ફેલાયેલા તમાકુ તથા ધૂમ્રપાનના વ્યસનીઓને યોગ્ય માવજત સાથે કેળવણી આપવા તમો શું કરી શકો તેમ છો તે નક્કી કરો. ગુજરાતનું યૌવનધન વ્યસનમાં વેડફાતું ચાલ્યું એવી જ સ્થિતિ અન્ય પાડોશી રાજ્યોની છે. મારા મતે તો આ સમસ્યામાં સૌથી વધુ જેમની સલાહ સ્વીકૃત થાય તેમ છે તે આપણા ધર્મગુરુઓ, સંતો, કથાકારો તથા કેળવણીકારો

છે. તેઓ પોતાનો પાટ, મંચ કે વ્યાસપીઠ પરથી યોગ્ય સંદેશ સાથે સમાજનું વહેણ બદલી શકે તેવી સ્થિતિમાં હોય છે ત્યારે અમુક વ્યક્તિઓને વ્યસનમુક્ત કરવા તેમની માટે સરળ વાત છે.

ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના થોડા જૂના આંકડાઓ પ્રમાણે તમાકુ તથા તેની બનાવટના વ્યસનીઓની ટકાવારી વધતી જાય છે. અમુક વિસ્તારમાં મહિલાઓ પણ તમાકુની વ્યસની થઈ ગઈ છે. તમાકુ પાઉડર, બજર કે તપકીરનો ઉપયોગ પણ આધેડ વયની મહિલાઓમાં વધી રહ્યો છે. માત્ર શોખ ખાતર અમુક બનાવટની જ સિગારેટો ફૂંકતી મહિલાઓ હવે બેધડક રીતે ભરબજારમાં પણ ધૂમ્રપાન કરતી દેખાય છે. કદાચ પરદેશી પ્રજાનું અનુકરણ હશે, પણ આ બધી બાબતો પર લગામ મૂકવાનું કામ સરકાર કે કાયદો ક્યારેય નહીં કરે. સમાજના હિતેચ્છુઓએ જ આગળ આવવું પડશે. સમાજની યુવા પેઢી તથા મહિલાઓ આના ઝટ શિકાર થાય છે તેમને તો અટકાવવા જ પડશે. કોણ બીડું ઝડપશે?

તમાકુથી થતા ગેરફાયદા અને તેની આરોગ્ય પર થતી હાનિકારક અસરથી બચાવવા આ દૂષણના શિકાર બનેલાઓને માત્ર સહાનુભૂતિ જ નહીં, સહાય અને સહકારની જરૂર છે. તેઓ આપબળે આ સમસ્યામાંથી બહાર આવી શકે તેમ નથી અને એક નાનકડી સહાય તેમને જીવનનો આનંદ પાછો મેળવી આપે તેમ છે. આ આનંદમાં તેમના કુટુંબીઓ તથા સમાજનું સુખ પણ સમાયેલું છે.

---

# અજાણ્યો જણ

■ ધીરુબહેન પટેલ

સાંજને સમયે સમુદ્રનું આવું જ શાંત રૂપ એણે કલ્પ્યું હતું. કેટલાં બધાં વર્ષો પછી આ જગ્યાએ આવવાનું થયું!

શહેર ઘણું બદલાઈ ગયું હતું. કદાચ માણસો પણ. પહેલાંના જેવી અમીઝરતી નજર નહોતી મિત્રોમાં, નહીં દુકાનદારોમાં કે નહીં રાહદારીઓમાં. વગર કારણે મનમાં ઊભરાતા ઉમળકા જરા વાર રહીને પોતાની મેળે જ શાંત થઈ જતા હતા. ખસિયાણા પડી જતા હતા. અહીં આવવામાં કદાચ ભૂલ થઈ હતી.

એક જ સધિયારો હતો; આ સાગરનો. એ એવો ને એવો હતો. અલિપ્ત છતાં માયાળુ. એનાં રહસ્યો એના જ હૃદયમાં ગોપવી રાખવા છતાં સૌનો મિત્ર, સૌનો આત્મીય.

એની સાથે નાનપણનાં કેટલાં બધાં સંભારણાં જોડાયેલાં હતાં! એક પછી એક યાદ આવીને ખાલીપણાની, એક મૂંગા દર્દની શૂળ ભોંકાતી હતી હૃદયમાં.

શા માટે આ બધું આટલું બદલાઈ ગયું! એને માટે એક નાનોસરખો ખૂણોય લીલોછમ ન રહ્યો.

એકલતા એ જ જીવનનો સૂર હશે કદાચ. વેઠી લેવાનો, બીજું શું?

ફરી એણે સહેજ સાંકળ ખેંચી અને પાછી છોડી દીધી. જાણે એટલી જ રાહ જોતો હોય એમ સોમુ ચારે પગે ઊછળ્યો અને વીજળીવેગે દૃષ્ટિમર્યાદાથી બહાર નીકળી જવાનો એણે પ્રયત્ન કર્યો. એ સફળ થવાનો... ચોક્કસ સફળ થવાનો. એ એકલો કેટલું દોડત? પગે વળગતી, એની દોટ અટકાવતી રેતી સામે એનું કેટલું ચાલત? આ સૂર્યનો પિત્તળની દ્યુતિવાળો ગોળો તો ડૂબી ચાલ્યો. શાંત, ભૂખરાં પાણીમાં એ અલોપ થઈ જશે. અંધારું છવાઈ જશે.

એ હવે શું કરશે? સમુદ્રનું ગર્જન આછું હતું, પણ એનો અવાજ એને વીંધીને સોમુ સુધી પહોંચે એવું તો શક્ય નહોતું લાગતું.

છતાં એણે બૂમ પાડી. પહેલાં ધીમેથી, પછી વધારે ને વધારે જોરથી. એનો અવાજ ફાટી ગયો. હવે તો એનો એકમાત્ર આધાર સોમુ હતો. એ ખોવાઈ જશે તો આ ઘેરાતા અંધકારમાં એનું કોણ?

જીવનમાં પણ ખાસ તો કોઈ નહોતું, છતાં એ જીવતી હતી. સોમુ... સોમુ ક્યાં ગયો હશે?... ના, નહીં બને, જિંદગીમાં કાયમ બધા એને ભૂલી જ જતા હતા. સોમુ પણ ભૂલી જશે... ઠીક, કદાચ ઈશ્વરની એવી જ ઈચ્છા હશે.

સોમુ ભાગ્યો હતો એ દિશામાં એણે બેબાકળા બનીને દોડવા માંડ્યું. એની આંખો અંધકારમાં આમતેમ અથડાતી રહી. અહીં આવવામાં એની ભૂલ થઈ હતી–બહુ મોટી ભૂલ.

પગ અમળાઈ જતા હતા. રેતીમાં એ બેસી પડી. ઘૂંટણમાં માથું નાખીને રડી શકાત, પણ એની આંખો કોરી જ રહી.

અચાનક બાજુમાં એક પુરુષનો ઘેરો અવાજ સંભળાયો, ‘મેમ, યોર ડોગ આઈ બિલીવ!’ એના હાથમાં સોમુની સાંકળ હતી. અપરાધી સોમુ વેગીલા શ્વાસોચ્છ્વાસથી એની માફી માગી રહ્યો હોય એમ એના ખભા પર માથું ઘસતો હતો.

અત્યંત રાહત પામીને એણે એ અજાણ્યા માણસ સામે જોઈને કહ્યું, ‘થેન્ક યુ!’

# શૂન્યમાંથી સર્જન

**માત્ર રૂા. ૧૦૦/- જેટલી રકમ ગાંઠે બાંધીને 'નસીબ નગરી' મુંબઈમાં પદાર્પણ કરીને સમયાંતરે 'સ્થાવર મિલકત' ક્ષેત્રના સરતાજ બનીને ધનાઢ્ય બનેલા સુભાષભાઈ રૂણવાલે પોતાની સફળતાની કથની રચી છે એકમાત્ર મંત્ર ''Nothing is impossible''ના આધારે...**

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભાબેન પાટીલના વરદ્‌હસ્તે સમાજરત્ન સન્માન સ્વીકારતા શ્રી સુભાષચંદ્ર રૂણવાલજી તથા શ્રીમતી ચંદાબેન રૂણવાલ



સુભાષભાઈ રૂણવાલે પોતાના સ્વપ્નના શહેર મુંબઈમાં સ્થાવર મિલકત ક્ષેત્રે શૂન્યથી શરૂઆત કરીને ભવ્ય સામ્રાજ્ય ઊભું કરીને આ વર્ષે 'ફોર્બસ' એક અબજ ડૉલર્સ સમૂહના કિસ્મતવાન તરીકે ધમાકેદાર પ્રવેશ કરીને ભારતના નવીનતમ અબજપતિ તરીકે સ્થાન મેળવ્યું છે! સન ૧૯૭૮માં સ્થાપિત રૂણવાલ ગ્રુપના ચૅરમૅનપદે રહીને તેમણે મુંબઈનાં મધ્ય-પૂર્વનાં ઉપનગરોમાં મધ્યમવર્ગીય એપાર્ટમેન્ટસનું બાંધકામ કરનારા બીલ્ડર તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી.

મહારાષ્ટ્રમાં નાશિકથી આશરે ૧૦૦ કિ.મી.ના અંતરે વસેલા નાનકડા નગર ધુળિયામાં જૈન પરિવારમાં ઊછરેલા સુભાષજીના દાદા એક ઝવેરી હતા, પરંતુ સુભાષજી કિશોરાવસ્થામાં પ્રવેશ્યા તે સમયગાળામાં તેમનો પરિવાર આર્થિક ક્ષેત્રે વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હતો. પાંચ સંતાનોમાંથી સહુથી નાના પુત્ર એટલે કે સુભાષજીએ વાણિજ્યનો અભ્યાસ કર્યો. બાળપણથી જ તેમને આંકડાઓ (**Numbers**) તરફનું આકર્ષણ હતું અને એ કારણસર તેમણે વાણિજ્ય શાખામાં શિક્ષણ લેવાનો માર્ગ પસંદ કર્યો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્સી તરફ વળવાનો નિર્ણય લીધો. બાળપણથી કરીને મહાવિદ્યાલયમાં વાણિજ્ય (**Commerce**) ક્ષેત્રે સ્નાતક થવા સુધીનું શિક્ષણ તેમણે ધુળિયા ખાતે જ લીધું હતું, પરંતુ સ્વપ્નદૃષ્ટા એવા સુભાષજીને તો આસમાનની ઊંચાઈઓને આંબવી હતી એટલે તેમને પ્રિય એવા મુંબઈ શહેર તરફ નજર માંડી! સન ૧૯૬૪માં ૨૧ વર્ષની વયે માત્ર રૂપિયા ૧૦૦ જેટલી રકમ ગાંઠે બાંધીને તેમણે મુંબઈની વાટ પકડી અને સન ૧૯૬૭માં તેઓએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ)ની ડિગ્રી મેળવી અને એ વર્ષમાં જ તેમના જીવનમાં તેમનાં સુખ-દુઃખની સાથીદાર એટલે કે જીવનસંગિની ચંદાજીનો પ્રવેશ થયો. લગ્નની રેશમી ગાંઠે બધાયા બાદ ચંદાજીએ દરેક સારા-નરસા દિવસોમાં સુભાષજીની સાથે રહીને સહયોગ આપ્યો.

તેમણે તેમની પ્રથમ નોકરી વિશ્વવિખ્યાત કંપની 'અર્નેસ્ટ ઍન્ડ યંગ'માં મેળવી અને અમેરિકામાં મિસોરી રાજ્યના સેન્ટ લૂઈ શહેરમાં નિયુક્તિ પામ્યા, પરંતુ માત્ર છ મહિનામાં જ તેમણે બિસ્તરા-પોટલાં સંકેલી લઈને સ્વદેશ પરત આવવાનો નિર્ણય કર્યો. આટલી પ્રતિષ્ઠિત કંપનીનો જોબ છોડીને ભારત પરત આવવાનું કારણ જણાવતાં તેઓ તેમની લાક્ષણિકતાથી જૂજ શબ્દોમાં જણાવે છે,

**''મને ત્યાંની જીવનશૈલી ન ગમી.''**

મુંબઈના પૂર્વીય ઉપનગરમાં સ્થિત તેમના કાર્યાલયમાં આયોજિત મુલાકાતમાં સુભાષજીના જીવનના વિવિધ વણાંકો વર્ણવતાં તેઓ સરળતાથી પોતાની જીવનયાત્રાની સ્મૃતિઓને વાગોળે છે. તેમની બેઠકની પાછળની દીવાલ પર તેમની પૌત્રી કલ્પનાનું મનોરમ હસ્તરચિત ચિત્ર (**Painting**) દૃષ્ટિગોચર થાય છે. એ તરફ દૃષ્ટિ કરતાં કરતાં ગૌરવભેર સુભાષજી કહે છે,

''જીવન જીવવું એ પણ એક કળા છે અને આપણી પ્રત્યેક પ્રવૃત્તિમાં અન્યને ઉપયોગી થવાનો ભાવ રાખવો એ જ સાચો રંગ છે...હું માનું છું કે આપણી પ્રવૃત્તિ નિષ્ઠાપૂર્વક કરીએ તો સાચા અર્થમાં સર્જન થયું કહેવાય. મારી પૌત્રીએ રચેલ પેઈન્ટિંગના રંગો નિહાળતાં નિહાળતાં હું સદૈવ તાજગીનો અનુભવ કરું છું!''

વિદેશથી સ્વદેશ પરત આવીને મુંબઈમાં એક કંપનીમાં તેમણે નોકરી મેળવી અને શરૂઆતમાં આર્થિક છેડા મેળવવાના ઉદ્દેશ્યથી તેમણે કુર્લા ખાતે એક રૂમ-કિચનનું ઘર લીધું. ત્યાર પછી સમયાંતરે થોડું મોટું એટલે કે વન બેડરૂમ-હૉલ-કિચનનું ઘર લીધું કે જેનાથી માત્ર ૪-૫ કિમીના અંતરે આજે તેઓ અઢી લાખ સ્ક્વેર ફૂટનો વિશાળ અને ભવ્ય ધરાવે છે.

## 'જીવનમાં ધારીએ તે શક્ય કરી શકાય છે...'

એવા તેમના હકારાત્મક અભિગમને કારણે તેમના સંપર્કમાં આવનાર સહુકોઈ સાથે સહજ અને લાગણીભરેલા તેમના વર્તનને કારણે તેઓ સફળતાના માર્ગ પર પ્રશસ્ત થતા રહ્યા. અઘરાંમાં અઘરાં કાર્યો કુનેહપૂર્વક પાર પાડવાની તેમની ક્ષમતાએ તેમને સફળતાની સીડીઓ ચઢવામાં યશ અપાવ્યો. મરાઠી ભાષા પરના પ્રભુત્વ થકી તેઓ સ્થાનિક લોકો સાથે સહજતાથી ભળી શક્યા અને વિશાળ મિત્રવર્તુળ નિર્માણ કરીને વિસ્તૃત સંપર્કસેતુ રચી શક્યા. તેઓના નોકરીના સમયગાળા દરમિયાન તેમને વિશિષ્ટ જવાબદારીઓ સોંપવામાં આવતી.

''દરેક અઘરાં કાર્યો મને જ સોંપવામાં આવતાં...''

એમના નોકરી સમયના દિવસો યાદ કરતાં તેઓ જણાવે છે,

''મારે કરવાનાં કાર્યોમાં એક અઘરું કામ હતું સરકારી યંત્રણા સાથે સમન્વય સાધીને વિવિધ વિભાગોનો સતત સંપર્ક કરતા રહીને અમારી કંપની જે કેમિકલનું ઉત્પાદન કરતી હતી તેની આયાતને રોકવા માટે સરકારી તંત્રને સમજાવવાનું. આમ થવાથી દેશને પણ ફાયદો થાય અને સ્થાનિક ઉત્પાદનકર્તા તરીકે અમારી કંપનીને પણ લાભ મળે.''

આ દિશામાં સફળતા પ્રાપ્ત કરવા માટે સુભાષજીએ એક જ વર્ષમાં બાવન વાર દિલ્હીની યાત્રા કરીને આખરે એ કેમિકલની આયાત પર પ્રતિબંધની જોગવાઈ પાર પાડી હતી. પરિણામે તેમની કંપનીએ વધુ નફો રળવા માંડ્યો.

દિવસ-રાત આકાશની ઊંચાઈઓને આંબવાનાં સપનાં જોનાર સુભાષજીએ હવે નોકરીને કરી અલવિદા અને નિર્ણય કર્યો વિવિધ પ્રકારનાં વ્યાવસાયિક સાહસોમાં ઝંપલાવવાનો અને 'રિયલ એસ્ટેટ' ક્ષેત્ર પર પોતાની પસંદગી ઉતારી! તેમના આ નિર્ણયની જાણ જલગાંવમાં વકીલ તરીકે કાર્યરત તેમના સસરાજીને થઈ અને શરૂઆતમાં તેઓ સહેજ ચિંતિત થયા કે આ ક્ષેત્રમાં સુભાષજી કઈ રીતે સફળ થઈ શકશે? પણ આંકડાઓની અટપટી બાજી અને ગણતરીની રમતમાં કુશળ આ બંદો તો આત્મવિશ્વાસથી છલકાતો હતો!

અર્બન લૅન્ડ (સિલિંગ ઍન્ડ રેગ્યુલેશન) ઍક્ટ ૧૯૭૬માં સમાયેલી અગણિત તકોનો એમણે ઊંડો અભ્યાસ કર્યો. આ કાયદા અંતર્ગત સરકારે શહેરી જમીનની માલિકી ધરાવવા બાબતે અમુક મર્યાદાઓ લાદી હતી અને આ કાયદા હેઠળ ખાલી પડી રહેલી શહેરી જમીન હસ્તગત કરવાનો સરકાર પાસે અધિકાર હતો. (જોકે, હવે અનેક વિભાગમાં એ કાયદો રદ કરવામાં આવ્યો છે). આ કાયદા અંતર્ગત વિવિધ પ્રકારના દાવાઓમાં અટવાયેલી જમીન તેઓ આકર્ષક ભાવે મેળવી શક્યા અને તે જમીનનું 'ટાઈટલ ક્લિયર' કરાવ્યા બાદ તેમણે મધ્યમવર્ગીય લોકો માટે રહેણાક બનાવવાની યોજના વિચારી.

આ દિશામાં સુભાષજીએ તેમનો પ્રથમ પ્લૉટ બાવીસ એકરનો મુલુન્ડ ખાતે હસ્તગત કર્યો અને ત્યાર બાદ થાણામાં અનેક સસ્તા ભાવના રહેણાકોનું નિર્માણ કર્યું. સમયાંતરે આ વિસ્તારો તેમના ગ્રુપ માટે મહત્ત્વનો ગઢ બન્યા. મજાની વાત તો એ છે કે તેમણે પોતાના પ્રથમ સોદામાં જ મેદાન મારી લીધું હતું અને ત્યાર પછી તો ક્યારેય પણ પાછું વળીને જોયું જ નથી.

કાયદાકીય બાબતોમાં અટવાયેલી જમીનના સોદાઓ અને શહેરી લૅન્ડ સિલિંગની મર્યાદામાં આવતા પ્લૉટ્સના સોદાઓ કરીને પછીથી તેનું ટાઈટલ ક્લિયર કરાવી લેવામાં તેમની કાબેલિયત કામ કરી ગઈ.

તેમનો પ્રથમ પ્રકલ્પ 'કીર્તિકર એપાર્ટમેન્ટ' હતો થાણા ખાતે ૧૦૦૦૦ સ્ક્વેર ફીટનો... તેઓ મુંબઈ સમાચાર ગ્રુપના કામા પરિવાર પાસેથી જમીન હસ્તગત કરતા ગયા જેમાં પુના ખાતે એક છ એકરનો પ્લૉટ હવે ઓળખાય છે 'રૂણવાલ એસ્ટેટ' તરીકે!

પ્રારંભિક દરેક પ્રકલ્પને પ્રાપ્ત સફળતાથી અને ઉત્તમ સગવડતાઓ ધરાવતા, પરંતુ મધ્યમ વર્ગના લોકોને પરવડી શકે તેવાં ઘરો બાંધવાને કારણે 'રૂણવાલ'નું નામ મધ્યમ વર્ગને માટે સસ્તાં ઘર ઉપલબ્ધ કરાવવા બાબતે સુવિખ્યાત થઈ ગયું.

સન ૧૯૮૧માં થાણા ખાતે બનેલ ૧૬ મકાનો ધરાવતો પ્રકલ્પ 'રૂણવાલ નગર' એક સિમાચિહ્નરૂપ વસાહત છે કે જેમાં પ્રારંભિક વેચાણ બાદ માત્ર ૧૮ મહિનામાં જ તેનું મૂલ્ય બમણા કરતાં પણ વધારે થઈ ગયું હતું.

''અમારા પ્રકલ્પમાં ઘર ખરીદનારાઓ એ લોકો હતા કે જેઓ પોતાની માલિકીનું ઘર ધરાવતા નહોતા અને તેમણે ટાંચાં સાધનો હોવા છતાં અમારે ત્યાં ઘર લખાવ્યાં હતાં. જ્યારે તેમને તેમના ઘરની ચાવી આપવામાં આવતી ત્યારે તેઓ

મારા કાર્યાલયમાં આવીને પેંડાનું બૉક્સ મારી સામે ધરીને નેત્રોમાં ઝળઝળિયાં સાથે મારા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીને મારો આભાર માનતા ત્યારે મને પણ ખૂબ જ સંતોષની લાગણી થતી.''

ભાવુક સ્વરમાં સુભાષભાઈ જણાવે છે :

રિયલ એસ્ટેટ ક્ષેત્રે પોતાનું સામ્રાજ્ય વિસ્તરિત કરી રહેલા સુભાષ રૂણવાલનું સ્વપ્ન એક ઉદ્યોગપતિ બનવાનું પણ રહ્યું છે. તેઓએ લોખંડ અને ઔષધિ ક્ષેત્રમાં કાર્યરત એકમો ખરીદીને એ દિશામાં પણ પદાર્પણ કર્યું હતું, પરંતુ થોડો સમય એ ક્ષેત્રે રહીને તેમણે મનોમન નક્કી કર્યું કે તેમનો વધુ રસ માત્ર 'રિયલ એસ્ટેટ' વ્યવસાય તરફ જ હોવાથી એમાં જ કેન્દ્રિત કરવું વધુ યોગ્ય છે.

એક તરફ જ્યારે 'રૂણવાલ ગ્રુપ' મધ્યમવર્ગીય લોકો માટે ઘરના બાંધકામ ક્ષેત્રે વ્યસ્ત છે ત્યારે બીજી તરફ તેમણે હવે દક્ષિણ મુંબઈ વિસ્તારમાં શહેરના શ્રીમંત વર્ગ માટે વૈભવશાળી અને આલીશાન રહેણાકોના બાંધકામ ક્ષેત્રે પદાર્પણ કરીને રૂણવાલ ગ્રુપના મુકુટમાં યશકલગી ઉમેરી છે.

સુભાષજીની સફળ કારકિર્દીમાં તેમનાં જીવનસંગિની શ્રીમતી ચંદાજીનો સાથ-સહકાર તેમને ડગલે ને પગલે મળતો રહ્યો છે. શરૂઆતના દિવસોથી કરીને આજ સુધી ચંદાજી ઑફિસમાં આવીને કાર્યરત રહે છે. વળી સામાજિક ક્ષેત્રે પણ નારીવિકાસની પ્રવૃત્તિઓમાં તેઓ વ્યસ્ત રહે છે. સન ૧૯૯૫થી તેમના આ પારિવારિક વ્યવસાયમાં 'બી સ્કૂલ સ્નાતક' તેમના બન્ને પુત્રોએ પણ પ્રવેશ કર્યો છે. મોટા પુત્ર સંદીપ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, બૅંગલોરથી MBA થયા છે, જ્યારે નાના પુત્ર સુબોધ નોર્થ ઈસ્ટર્ન યુનિવર્સિટી, બૉસ્ટન-અમેરિકામાં MBAનો અભ્યાસ કરીને પિતા સાથે જોડાયા બાદ 'રૂણવાલ ગ્રુપ' મૉલ વ્યવસાયમાં પણ પ્રવેશ્યું અને મુંબઈના પ્રથમ એવા ૨,૫૦,૦૦૦ સ્કેવર ફિટના 'આર મૉલ'નો મુલુંડ ખાતે શુભારંભ સન ૨૦૦૨માં અમિતાભ બચ્ચનની વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિતિ સાથે થયો.

તેમના પુત્રોએ ઉત્કંઠાભરેલા અને અગ્રતાવાદી અભિગમથી રૂણવાલ ગ્રુપની નૂતન કૉર્પોરેટ ઓળખ ઊભી કરી. વિકાસના માર્ગ પર રૂણવાલ ગ્રુપને સિંગાપોર સરકારની કંપની GICનું પીઠબળ પ્રાપ્ત થયું કે જે 'આર સિટી મૉલ'માં સહભાગી બનેલ છે. સિંગાપોરની 'કૅપિટલ લૅન્ડ' કંપની સન ૨૦૦૬માં રૂણવાલ ગ્રુપ સાથે એકમાત્ર રહેણાક પ્રકલ્પમાં સહસાહસિક તરીકે જોડાયેલ અને પ્રકલ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ હવે તેઓ નીકળી ગયેલ છે. આમ, રૂણવાલ હવે સ્વતંત્રતાથી તેમના ભવિષ્યના પ્રકલ્પોને સાકાર કરવાને પૂરેપૂરા સક્ષમ છે.

સુભાષજી જણાવે છે કે, દરેક પ્રકલ્પ તેમને માટે પડકારરૂપ છે. તેમના કોઈ પણ પ્રકલ્પ ક્યારેય પણ અધવચ્ચે અટકતા નથી, કારણકે તેમનો વ્યવહારુ અને વ્યાવસાયિક અભિગમ તથા વિવિધ સરકારી અને બિનસરકારી દરેક યંત્રણાઓ અને સાથેના હકારાત્મક અભિગમ થકી તેમના દરેક સાહસને સિદ્ધિપ્રાપ્ત થાય છે.

''ગ્રુપ મુંબઈમાં મહત્ત્વની જમીન પ્રાપ્ત કરી રહ્યું છે જેમાં ૩૫ એકરનો પ્લૉટ કાંજુરમાર્ગ ખાતે ક્રોમ્પ્ટન ગ્રિવ્ઝનો, ૬૫ એકરનો પ્લૉટ ડોમ્બિવલી ખાતે ગેમન ઈન્ડિયાનો, ઉપરાંત ૧૫૬ એકરનો પ્રિમિયર કંપનીનો તથા અન્ય પ્લૉટ્સ મેળવવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે.''

ગ્રુપના માર્કેટિંગ ડાયરેક્ટર વિકાસ અરોરા જણાવે છે :

સુભાષજીની સફળતાની યશગાથા આકાર પામી છે તેમના જીવન તરફના હકારાત્મક અભિગમ થકી! તેમના માનવતાવાદી વર્તન થકી! અને તેમની કુનેહ તથા પરિશ્રમ થકી!

''હું માનું છું કે ક્યારેય કોઈની હાય ન લેવી... શક્ય તેટલું વ્યક્તિને મદદરૂપ થવું જોઈએ અને પરિવારને આર્થિક રીતે સંપન્ન કરવા ઈચ્છુક સહુકોઈએ ઉચ્ચ શિક્ષણનું મહત્ત્વ સમજવું જોઈએ. જે પરિવારમાં બાળકો સારું શિક્ષણ લેશે એ પરિવારની પછીની પેઢી તરી જશે.'' સુભાષજી કહે છે : ધર્મને તેઓ જીવનનો મહત્ત્વનો આધાર માને છે, પરંતુ રૂઢિવાદને તેઓ નકારે છે. નારીશિક્ષણ અને નારી દ્વારા વ્યાવસાયિક ક્ષેત્રે સહભાગી થવાની આવશ્યકતા પર તેઓ ભાર મૂકે છે. તેમની પુત્રવધૂઓ પણ કંપનીની વિવિધ પ્રવૃત્તિઓમાં રસ લઈને કાર્યરત છે. તેઓ જૈન ધર્મના સિદ્ધાંતોને સ્વીકારીને સતત સાધુ-ભગવંતોના સાંનિધ્યમાં રહે છે. રાષ્ટ્રસંત નમ્રમુનિ મ.સા. સાથે તેઓ ધર્માભિમુખી અને સમાજોપયોગી પ્રવૃત્તિઓમાં સક્રિય છે. તપસમ્રાટ સુવિખ્યાત સહજમુનિ મ.સા.નું ૨૦૧મું પારણું તેમણે મુંબઈમાં ખાર ખાતે કરાવેલ અને ૩૬૫મું પારણું બૅંગલોર ખાતે કરાવવાનો લાભ તેમણે મેળવ્યો હતો.

આવું પ્રખર વ્યક્તિત્વ ધરાવતા સ્વપ્નદ્રષ્ટા શ્રી સુભાષભાઈ રૂણવાલજી કોઈ પણ જૈન યુવાન ઉચ્ચ શિક્ષણ મેળવી ઝળકતી કારકિર્દી બનાવી પરિવારનું, ધર્મનું, સમાજનું અને રાષ્ટ્રનું નામ રોશન કરે તે માટે સતત કાર્યરત છે. તેઓ આપણા જૈન જાગૃતિ સેન્ટરની હાયર ઍજ્યુકેશન સહાય યોજનાથી બહુ પ્રભાવિત છે અને દરેક વર્ષે તેઓ આપણા આ અભિયાનમાં સારું, અનુદાન આપી સહયોગી થાય છે તે માટે જૈન જાગૃતિ સેન્ટર ગૌરવ અનુભવે છે.

**સૌજન્ય જે.જે.સી. નૉર્થ ઈસ્ટ**

ADVT

# COME AND EXPERIENCE
# AN UNMATCHED LIVING SPACE SPREAD OVER 22 ACRES



Actual Site Photograph

**Ready to glance:** Exclusive Sample Villas • Grand Entrance Facade • Internal Roads

MANGALYAM
meadows
DISCOVER LIFE

Chanvai Village, Valsad

**The glimpse of exclusivity:** 412 beautifully designed villas | Nearly 3 km of internal roads with ornamental street lighting | Large water body at the entrance with night lighting | Enchanting water fountains and large landscaped gardens at various locations within the project | Grand and opulent clubhouse spread over 40,000 sq. ft. (approx.) over a water body having a swimming pool with wooden deck, open air cafe, 84 seater private theatre, separate children's theatre, 3000 sq. ft. banquet hall with attached 12,000 sq. ft. of lawn area, fully-equipped gymnasium, spa, soundproof discotheque, colonial styled library, 14 fully-equipped guest bedrooms and a host of other amenities

ADVT

Disclaimer : The information in this ad is indicative of the kind of development that is proposed. Subject to the approval of the authorities or in the interest of continuing improv
in the leaflets/ brochures or any other printed material, are only indicative and artistic imagination, may not be exact or accurate, and the same does not form either the basis c

Dalal Gruh & Infra Projects presents Mangalyam Meadows, a superior villa living near Valsad, where life unfolds the best of exclusive living. Adorned with new-wave features and best-in-class amenities, Mangalyam Meadows is nothing but a glorious manifestation of a supreme life amidst nature.



• Large Water Body at the Entrance

**BOOKINGS ARE OPEN**

Call: 90290 94922, 86550 94922 | www.mangalyammeadows.com

**Mumbai Sales Office:** 43, 1st Floor, Swastik Plaza, V.M. Road, Juhu, Next to Kala Niketan, Vile Parle (W), Mumbai - 400056
**Sales / Site address:** Mangalyam Meadows, Chanvai Rabda Road, Chanvai Village, via Atul, District: Valsad - 396020
Call: 93281 94922 / 93272 94922 | sales@mangalyammeadows.com

rovement, the developers reserve the right to change the layout , plans, specifications or features without prior notice or obligation . The details, images, sketches and elevation contained ls or part of the offer or contract. The area shown in the plan includes the column offsets and plaster thickness.

DESIGN : Y ON WEB

દયા ધર્મનું મુળ છે

|| શ્રી મહાવીરાય નમઃ ||
Trust Avct Reg. No. E-379 Kachchh

જીવદયા જીવનનું અમૃત છે

# શ્રી જીવદયા મંડળ - રાપર

સ્થાપના સંવત ૨૦૨૮

PAN NO. AABTS-0475-N

હેડ ઑફીસ : લોહાણા બોર્ડીંગ સામે, પોસ્ટ બોક્સ નં. ૨૩, મુ.રાપર-કચ્છ, પીન ૩૭૦૧૬૫ ફોન:(૦૨૮૩૦) ૨૨૦૦૪૦ પ્રમુખ : મો. ૯૮૨૫૨ ૮૮૫૩૨

## જીવદયા પાલક પુણ્યાત્માઓને દાન માટે અપીલ

વર્ષોથી આપણું કચ્છ દુષ્કાળ કે અછત ની પરિસ્થિતિનો સામનો કરતુ રહ્યું છે. તેં પણ આપણો વાગડ પ્રદેશ ઉપરા ઉપરી દુષ્કાળ, અપુરતો વરસાદ, કોઈ બારમાસી નદી નથી અને ગત દાયકામાં વાવાઝોડું અને ભૂકંપને પણ સહન કરી ચુક્યો છે છેલ્લા થોડા વર્ષોથી વરસાદ થોડો સારો આવતો હતો પરંતુ ગયા વર્ષે વરસાદ ફરીથી મોડો અને અપુરતો થયો. આપણા વાગડના ગામો દુષ્કાળ ગ્રસ્ત અને અર્ધ અછત ગ્રસ્ત સરકારે જાહેર કરેલ છે. દુષ્કાળની સ્થિતિમાં માણસે જીવવું કપરું હોય પાણી માટે વલખા મારવાના હોય, ત્યારે મૂંગા પશુઓની શી હાલત થતી હશે ? આપણા દેશમાં આપણો કચ્છ જીલ્લો વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો છે જેમાં માણસો કરતા પશુઓની સંખ્યા વધારે છે આવા અબોલ પશુઓ માટે આજ થી લગભગ ૪૨ વર્ષ પહેલા રાપર ખાતે જીવદયા મંડળની નાના પાયે સ્થાપના કરવામાં આવી. સંસ્થાના સ્થાપક પ્રમુખશ્રી અને ટ્રસ્ટી મંડળના પ્રયાસોથી આજે આ સંસ્થા ગુજરાતની શ્રેષ્ઠ પાંજરાપોળ તરીકે પુરસ્કૃત થઈ ચુકી છે.

હાલમાં આ સંસ્થા ત્રણ વિભાગમાં ચાલે છે. તળાવ પાસે મુખ્ય વિભાગ ગામથી ત્રણ કી.મી. ડાભુંડાની બાજુમાં પાબુસરી અને રાપરથી સાત કી.મી. દૂર ત્રંબો ગામ નજીક બડના ત્રીજો વિભાગ ચાલે છે. જેમાં નોંધપાત્ર છે કે અંદાજે ૧૦૦ એકર જમીન દાતાઓએ ભેટ આપી છે અને ૨૦૦ એકર જેટલી જમીન સંસ્થાએ વેચાતી લઈને આશરે ૩૦૦ એકર જમીનમાં પાંજરાપોળ સંકુલનું નિર્માણ કર્યુ છે. પાંજરાપોળના ત્રણે વિભાગોમાં પશુઓને રાખવાના શેડ, પાણીના અખાડા અને પાણીના બોર અને કર્મચારીઓને રહેવાના મકાનો તથા ઘાસચારા સંગ્રહના ગોડાઉનો પક્ષીઓ માટે ચબુતરા વગેરે સુવિધા છે ત્રંબો વિભાગમાં પશુઓ ને કુદરતી વાતાવરણ મળી રહે તે માટે ૧ એકરમાં ૩૫૦૦ જેટલા લીંબડાના વૃક્ષો ઉગાડવામાં આવ્યા છે ૨૫ એકરમાં વરસાદી પાણીના સંગ્રહ માટે વિશાળ તળાવનું નિર્માણ કરવામાં આવ્યું છે. આજ વિભાગમાં ધામણ ઘાસ ઉગાડવાનો અને પશુ ઓને મુક્ત રીતે પ્રાકૃતિક વાતાવરણમાં વિચરવાનો અવકાશ મળી રહે છે.

આ સંસ્થાની વિશેષતા છે કે કોઈપણ પશુ ને સ્વીકારવાની ક્યારેય ના પાડવામાં આવતી નથી અને આવેલ પશુઓનું વેચાણ પણ કરવામાં આવતુ નથી આથી પશુઓની સંખ્યા દિવસેને દિવસે વધતી જાય છે. અત્યારે દુષ્કાળની સ્થિતિ હોવાથી લોકો પોતાના ઢોર ઢાંખર સમગ્ર તાલુકામાંથી અહીં મુકી જાય છે. આ ઉપરાંત પાંજરાપોળમાં ૬૧૦૫ પશુઓની સંખ્યા અનુક્રમે ગાય ૧૮૧૪ બળદ ૨૭૮ આખલા ૪૦૬, વાછરડા ૨૭૩૫, ભેંસ ૮૩, પાડા ૫૫૭, ઉંટ ૧, ઘેટા-બકરા ૨૨૬, પાડી-૫ છે. ઉપરાંત કુતરા, બિલાડા, સસલા, કબુતરો, કુકડા, મોર વિગેરે છે જે ગણતરીમાં લેવાતા નથી. આ બધા પ્રાણીઓની સારવાર માટે સંસ્થામાં એક એરકંડીશન સારવાર કેન્દ્ર પણ બનાવવામાં આવેલ છે કોઈપણ વિસ્તારમાંથી માત્ર ફોન આવે તો સંસ્થાનું વાહન મોકલીને બીમાર અશક્ત, અકસ્માતગ્રસ્ત પશુઓને સંસ્થામાં લાવીને તેની સુશ્રુષા કરવામાં આવે છે. ઘાયલ પક્ષીઓને પાંજરામાં રખાય છે.

સંસ્થાના તમામ પશુઓનેસારવાર સવાર-સાંજ લીલો તથા સુકો ઘાસચારો, અશક્ત પશુઓને ખોળ અને સમયાનુસાર ગુવાર તથા પોષણ આહાર અપાય છે. નાના ઘેટા બકરાઓને બન્ને સમયે દૂધ, પક્ષીઓને ચણ-કુતરાઓને રોટલા વિગેરે અપાય છે.

સંસ્થાના પ્રમુખ તથા અન્ય હોદ્દેદારોના ટીમ વર્કથી તમામ પ્રવૃત્તિઓનું પારદર્શી સંચાલન અંગત દેખરેખથી કરે છે. સંસ્થાના હિસાબોનું નિયમીત ઓડીટ કરવામાં આવે છે.

હાલમાં દુષ્કાળની સ્થિતિ હોતા દરરોજ પશુઓની સંખ્યા વધતી રહે છે. મે-જુન સુધીમાં તો ઉનાળાના સમયમાં આ ભારણ ખૂબ વધશે ઘાસચારાની કીંમત સતત વધતી હોવાથી પશુઓનો નિભાવ ખર્ચ પણ વધતો રહે છે. સંસ્થાના અબોલ જીવોના દેખરેખ માટે ૧૪૦ કર્મચારી સતત કાર્યરત છે સંસ્થાનો દૈનીક ખર્ચ અંદાજે બે લાખ (રૂા. ૨,૦૦,૦૦૦) જેટલો આવે છે.

## સંસ્થાની ગૌરવ ગાથા

૧)ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈના હસ્તે સંસ્થાના પ્રમુખ વેલજીભાઈ મહેતાનું સન્માન થયેલ.
૨) વર્ષ ૨૦૦૧-૦૨ માંગુજરાત ગૌ સેવા આયોગ તરફથી શ્રેષ્ઠ પાંજરાપોળ એવોર્ડ
૩) વર્ષ ૨૦૦૫માં સંસ્થના સ્થાપક પ્રમુખ આજીવન સેવા વ્રતી શ્રી વેલજીભાઈ મહેતાને મહાવીર એવોર્ડ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી ના હસ્તે
૪) કચ્છી જૈન સેવા સમાજ માટુંગા-પખાડી (મુંબઈ) દ્વારા વેલજીભાઈ મહેતાને ૨૬મી જાન્યુઆરી ૨૦૦૬ના સમાજ રત્ન એવોર્ડ
૫) વર્ષ ૨૦૧૨-૧૩માં ગુજરાત ના.માં. રાજ્યપાલશ્રી તરફથી ગુજરાત ગૌરવ એવોર્ડ
૬) વર્ષ ૨૦૧૫માં પશુની સેવા માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજીત વાઈબ્રન્ટ કચ્છ ઈવેન્ટમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા એવોર્ડ

**આપના તરફથી સંસ્થાને મળતુ દાન ઈન્કમટેક્ષમાં કલમ ૮૦-G કરમુક્ત છે.**

| સંસ્થાના બેંક ખાતા | | |
|---|---|---|
| | દેના બેંક (દાદર) ૦૦૧૦૧૦૦૦૨૪૫૧ | બેંક ઓફ ઈન્ડિયા (રાપર) ૩૮૨૮૧૦૧૧૦૦૦૦૬૦૯ |
| | દેના બેંક રાપર ૦૨૭૮૧૦૦૧૮૫૫૪ | એક્સીસ બેંક રાપર ૦૯૧૨૦૧૦૦૧૬૦૬૫૪૩૬ |

(ચેક ડ્રાફ્ટ શ્રી જીવદયા મંડળ રાપરના નામથી લખવા વિનંતી)

**રૂા. ૫,૦૦,૦૦૦/- ઘાસચારા માટે દાન આપનાર દાતાશ્રીનું નામ સંસ્થાના આધાર સ્થંભમાં લખવામાં આવશે.**

રૂા. ૧,૧૧,૦૦૦/- ઘાસચારા માટે દાન આપી કિર્તિસ્થંભ યોજનામાં
રૂા. ૫૧,૦૦૦/- વિડ વિકાસ યોજનામાં નામ
રૂા. ૨૫,૦૦૦/- ફોટા યોજનામાં (૧ ફોટા માટે)
રૂા. ૨૧,૦૦૦/- કાયમી તિથિ યોજનામાં
રૂા. ૨૫,૦૦૦/- સુકા ઘાસની ૧ ગાડી માટે
રૂા. ૧૫,૦૦૦/- લીલા ઘાસની ૧ ગા
રૂા. ૧૧,૦૦૦/- ૧ જીવ નિભાવા ૧ ગાડી માટે

## આપના અનુદાન માટે સંપર્ક

શ્રી અમૃતલાલ છગનલાલ કોરડીયા(મુંબઈ)-(ઓ)-૦૨૨-૨૪૩૧૦૨૭૪, મો.:૯૯૨૦૩૧૩૦૪૮
શ્રી જીવદયા મંડળ-રાપર-(ઓ)-૦૨૮૩૦-૨૨૦૦૪૦, પ્રમુખ-મો.:૯૮૨૫૨૮૮૫૩૨
શ્રી પ્રદીપભાઈ લવજીભાઈ મહેતા(ગાંધીધામ)-(ઓ)૦૨૮૩૬-૨૩૨૬૯૬, મો.:૯૪૨૭૨૫૧૯૬૬
શ્રી અશોકકુમાર પ્રભુલાલ મહેતા (સુરત)-(ઓ)-૦૨૬૧-૨૬૦૯૦૬૦, મો.: ૯૮૨૪૧૩૨૦૪૯
શ્રી અમરશીભાઈ શંભુલાલ મહેતા(ભુજ)-(ઓ)૦૨૮૩૨-૨૨૪૧૮૦, મો.: ૯૮૨૫૨૯૨૨૮૪
શ્રી હીરાલાલ ઝવેરચંદ કુબડીયા(અમદાવાદ)(ઓ) ૦૭૯-૨૬૬૧૧૪૮૭, મો.: ૯૩૨૭૦૪૦૩૦૯

સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા નમ્ર વિનંતી

ADVT

**લી. શ્રી જીવદયા મંડળ-રાપરનું ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમિટી**

જીવદયા માટે આપની દુકાન, પેઢી કે ઑફીસમાં દાનપેટી રાખીને આપ આ સંસ્થાને મદદ કરી શકો છો.

Website no. www.jivdayamandalrahpar.com
E-mail id no. jivdayamandalrahpar@yahoo.in

# JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST
## MANAGING COMMITTEE FOR THE
## YEAR 2015-2016



CHAIRMAN
SHRI JITENDRA KOTHARI



I.P. CHAIRMAN
SHRI KISHOR N. SHAH



VICE CHAIRMAN
SHRI CHANDRAVADAN R. SHAH



VICE CHAIRMAN
SHRI RAMESH J. MORABIA




SECRETARY
SHRI SANJAY B. SHAH



SECRETARY
SHRI PRAFUL V. KAMDAR



TREASURER
SHRI HASMUKH K. DEDHIA



।। શ્રી મહાવીરાય નમ: ।।

# જે જે સી - વસઈ

## (જૈન જાગૃતિ સેન્ટર–વસઈ)

એ/૩, ૧ લે માળે, શૈલેષ એપાર્ટમેન્ટ, આનંદ નગર, વસઈ રોડ (વેસ્ટ) – ૪૦૧ ૨૦૨.

દ્વારા આયોજીત પરમ પાવનકારી



# સમેત શિખરજી મહાયાત્રા

તા.૮–૧–૨૦૧૬ થી ૧૭–૧–૨૦૧૬

## શિખરજી–ઋજવાલીકા–લચ્છવાડ–ગુણીયાજી–રાજગીર–કુંડલપુર–પાવાપુરી

: ટિકીટ ખર્ચ :

સભ્યો માટે – રૂ. ૭૭૭૭/–

બાકીના દરેક માટે – રૂ. ૮૦૭૭/–

સ્લીપર કોચ ● રૂમમાં ૫ વ્યકિતનો સમાવેશ

**ફોમ ભરવાની છેલ્લી તારીખ : ૧૫/૦૯/૨૦૧૫**

## નામ નોંધવવા માટે સંપર્ક

**રાજેશ એચ. સરવૈયા**
ઉપાશ્રય ઓફિસ, ૭/૮,
મિલન એપાર્ટમેંટ,
યુનિયન બેંકની સામે,
વસઈ રોડ (વેસ્ટ).
મો. ૯૩૨૬૪૬૯૮૩૭
૯૯૭૦૨૭૦૦૭૭

**ધર્મેશ સી. ટીમ્બડિયા**
એ/૩, ૧ લે માળે,
શૈલેષ એપાર્ટમેન્ટ,
આનંદ નગર,
વસઈ રોડ (વેસ્ટ).
મો. ૯૮૨૨૧૪૯૨૦૦
૯૩૨૧૧૪૯૨૦૦

**વિજય એન. શાહ**
દુકાન નં.૩૮,
ગોલ્ડનપાર્ક શોપીંગ સેન્ટર,
પાર્વતી સીનેમા પાસે,
વસઈ રોડ (વેસ્ટ).
મો. ૯૮૯૦૨૯૭૬૯૭
૯૪૨૩૦૮૨૦૫૯

૨૨૫ યાત્રીકો... વહેલા તે પહેલાના ધોરણે

# નહીં મળ્યાનો ''રજ'' નહીં, પણ મળ્યું તેનું ''મનોરંજન''
# (કાલને માટે આજને ખોશો નહીં)

■ કિરણ શાહ - ભૂતપૂર્વ ચૅરમૅન

કાલનો આનંદ મેળવવા માટે આજે મળનારો આનંદ ખોઈ નાખવો તે ડહાપણનું કામ નથી, કારણકે એ હકીકત છે કે આજે તમારી પાસે જે નથી એ કાલે હોય પણ ખરું? પરંતુ એ જરૂરી નથી કે જે આજે છે તે કાલે પણ હોય. આજે મળતો આનંદ તમે કાલ માટે રહેવા દેશો તો તમારી આજને તમે પાણીમાં તરતી માછલી જેવી બનાવી દેશો.

કાલે શું થશે એ કોણ જાણે છે? ''ન જાણ્યું જાનકીનાથે કે સવારે શું થવાનું છે.'' જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી કેટલું મળ્યું છે તેમાંથી આપણે ભારોભાર આનંદ લૂંટીએ જેથી કરીને પછી એવો પશ્ચાત્તાપ ન થાય કે આ પ્રકારનું જીવન જીવવાના આપણા મનોરથ પૂરા થઈ શક્યા નથી. જરા ઊંડાણથી વિચાર કરશો તો સમજાશે કે તમારી પાસે પણ એવું ઘણું છે જેની ઈચ્છા બીજા કરતાં હોય છે. જિંદગીનો આનંદ લેતા શીખો, જે મળે તેને ભેટ તરીકે સ્વીકારી લો, પરંતુ ન મળ્યાનો અફસોસ કરવો એટલે મળેલા સુખ પર પાણી ફેરવવાથી વિશેષ કંઈ નથી. પોતાની જરૂરિયાત કરતાં પોતાની પાસે કેટલું બધું વધારે છે એ માણસે વિચારવું જોઈએ અને પોતે ખરેખર છે તેના કરતાં કેટલો વધારે સુખી છે તેનો ખયાલ કરવો જોઈએ. આપણામાંના ઘણા લોકો પોતાની પાસે જે ન હોય તે મેળવવા એટલા વ્યસ્ત હોય છે કે જે હોય છે તેનોય આનંદ માણી શક્તા નથી.

કેટલાક લોકોને એવો ખયાલ હોય છે કે પોતાને પરવડે નહિ એવી ચીજો ન ખરીદે ત્યાં લગી જીવનનો કોઈ આનંદ નથી. આપણા અરમાન એટલા ઊંચા ન હોવા જોઈએ કે સ્વમાન ગીરવે મૂકવું પડે - બાકી તો જાત આખી વેચી મારીએ તોય શોખ અધૂરા રહી જાય છે. આજના જમાનામાં નામ અને નામનાએ જ ઘણાના જીવનનો દાટ વાળ્યો છે.

''યે ન સોચો ક્યા ન પાયા
યે કહો ક્યા મિલ ગયા.''

સપનાં જોવા કોને નથી ગમતાં!! માનવીની ઈચ્છા, આકાંક્ષા અનંત છે, સંતોષ એના સ્વભાવમાં જ નથી. એટલા માટે જ એક પછી એક ઈચ્છા જાગે છે અને એક જરૂરિયાત પૂરી થતાં બીજી જરૂરિયાત ઊભી થાય છે. માણસ સુખેથી દાળ-રોટી મળી રહે એવી પ્રાર્થના કરે છે અને એ મળે ત્યારે મેવા-મીઠાઈ નથી મળતાં તેનાં રોદણાં રડે છે. કેટલાક એટલા માટે રોદણાં રડે છે કે મને પોતાને ધારેલું મળતું નથી, તો બાકીના જે મળે છે તે સારુ રોદણાં રડે છે, પણ રોદણાં રડનારની મુશ્કેલી એ છે કે થોડે થોડે દિવસે એણે નવા નવા મિત્રો શોધ્યા કરવા પડે છે.

આખું જગત આજે વાણિયાવૃત્તિથી પીડાય છે. ઘણાખરા લોકો પોતાની પાસે જે હોય તેનાથી સંતુષ્ટ હોય છે, પણ તેઓ જ પોતાની પાસે જે ન હોય તેનાથી સંતુષ્ટ હોતા નથી. મનનો સંતોષ મેળવવાનો શ્રેષ્ઠ રસ્તો છે કે તમને મળેલી દુવાઓ ગણો, રોકડા નહીં, જીવનમાં આપણા પોતાના વિરોધાભાસ સાથે જીવતાં શીખવાનું છે. તમારી જાત સાથે દલીલ કરવાની આદત રાખો, કારણકે ઘણી વાર આ દુનિયાને જાણવાની લહાયમાં પોતાની જાતથી અજાણ રહી જવાય છે. ઘણાખરા માણસો પોતાના દૃષ્ટિકોણને જ મહત્ત્વ આપતા હોય છે અને એની સચ્ચાઈની પોતે કલ્પેલી ખુશબો માણતા હોય છે કે માણવાનો ડોળ કરતા હોય છે અને એમાં જ ઈરાદાપૂર્વક જીવવાનું ચૂકી જાય છે.

ખુલ્લું મન એ ખાલી મનને સહન કરી લે છે. (બંધિયાર મન કે બંધિયાર હૃદય પણ એક પ્રકારનો હૃદયરોગ છે) ડાહ્યા અને મૂરખ માણસમાં ફરક એટલો જ કે ''ડાહ્યો માણસ પોતાના મનનો માલિક હોય છે, જ્યારે મૂરખ માણસ પોતાના મનનો ગુલામ.'' એટલા માટે જ

માણસે જીવનમાં પળેપળે જાગૃત રહેવાનું છે. જાગૃતિ એટલે જીવન, બેહોશી એટલે બંધન. ''જો જાગત હૈ વો પાવત હૈ, જો સોવત હૈ વો ખોવત હૈ''. માણસે પ્રમાદ અને નિદ્રામાંથી જાગવાનું છે. જગતને જીતવા કરતાં જગતમાં જીવવું એ વધારે અગત્યનું છે. જીવન સરસ છે, પણ સરળ નથી, આપણું ધાર્યું થાય તો હરિકૃપા અને આપણું ધાર્યું ન થાય તો હરિઈચ્છા. આપણે એ શીખવાનું છે કે જીવનનો સૌથી વધુ સદુપયોગ કેવી રીતે કરવો અને જો આપણે એમ સમજીએ કે જીવન પણ આખરે તો મુલતવી રહેલું મૃત્યુ છે, તો માથે લઈને ફર્યા કરીએ એવી આ પંક્તિઓ છે.

''મરતી વખતે લાગ્યું આયુષ્ય આમ જ રહી ગયું
મારે જીવવું છે, મારે જીવવું છે એમ કહેતાકહેતા
મારું જીવવાનું રહી ગયું.''

ઘણા લોકોનું જીવન બરાબર ચાલતું નથી, તેનું કારણ પોતે પોતાની કદર કરતા નથી. પોતે પોતાને હલકા, નિષ્ફળ, નબળા માને છે. માણસ પોતાની કદર કરે એમાં જ એના જીવનની સફળતા છે. જો તમારે તમારા જીવનમાં નોંધપાત્ર સફળતા મેળવવી હોય તો તમારામાં ટોળાથી જુદા ખડા રહેવાની હિંમત હોવી જોઈએ. મહાન માણસો પોતાની જાત પાસેથી અપેક્ષા રાખે છે, નિમ્ન માણસો બીજાઓ પાસેથી. આપણે જીવનમાં જીવન અને માણસને ચાહનારા માણસ બનવાનું છે, આવતી કાલની ફિકર કર્યા વગર.

સોચના ક્યા જો ભી હોગા દેખા જાયેગા
કલ કે લિયે આજ ના ખોના
આજ યે કલ ના આયેગા
અને
ન ગમે તોયે જીવતર તણી બાજી ખેલી લેવી
હારો તોય મલક્ત મુખે વેદના સર્વે સહી લેવી.

...અને છેલ્લે જતાંજતાં... વન ફોર ધ રોડ કે પછી થ્રી ફોર ધ લાઈફટાઈમ.

૧) દુનિયા મેં હમ આયે હૈ તો જિના હી પડેગા...

૨) જિંદગી સે ઔર બસ ઈસ કે સિવા ક્યા ચાહીએ મૈં ભી સમઝતા રહું ઔર વો ભી સમઝતી રહે અને ''મરીઝ'' સાહેબનો શેર...

૩) જિંદગી જીવવાની ફિલસૂફી સમજી લીધી
જે ખુશી આવી જગતમાં આખરી સમજી લીધી.

## સ્વાગત ગીત

(રાગ : આજ મેરે યાર કી શાદી હૈ...)

આજ મારાં ગુરુણી પધાર્યાં છે....(૨)
મારે મન તો, આજ મારાં તારણહાર પધાર્યાં છે
આજે મારાં ગુરુણી પધાર્યાં છે....(૨)
અમારે આંગણ મોંઘેરાં મહેમાન પધાર્યાં છે
આજે મારાં ગુરુણી પધાર્યાં છે....(૨)
ધરા આ ધન્ય બની છે, દિશાઓ પાવન બની છે
કેવી અણમોલ ઘડી છે, (સાધના આજ ફળી છે)૨
ખુશીથી નાચે આ મન, ભક્તિમાં રાચે આ મન
કે વાસન જોગ અનેરા, (પ્રવેશની આવી વેળા)૨
હો....રત્નમણિ સમ શાસનના
શીરમોર પધાર્યાં છે....આજ મારાં ગુરુણી પધાર્યાં...
પ્રેમનાં પુષ્પ ખીલે જ્યાં, શ્રદ્ધાના દીપ જલે જ્યાં
ભક્તિમાં ભાવ ભળે જ્યાં, (હૈયામાં હેત મળે જ્યાં)૨
સમયે એ સાજ સજર્યા છે, સ્વાગતનાં ગીત ગુંજ્યાં છે
વીરની વાણી ગાજે, (સૂતેલાં ભાગ્યો જાગે)૨
હો....સમતાધારી ઉગ્ર તપસ્વી
પ્રાણ પધાર્યાં છે....આજ મારાં....
સૌને એક આશ છે આજે, ધર્મકરણીને કાજે
ગુરુણી શાતમાં બિરાજે, (પરિષહ સૌ દૂર ભાગે)૨
કલ્પને ચાર ચાંદ લાગે, કોઈની નજર ન લાગે
સંવરના ભાવ જાગે, (ગારોડિયા સંઘનું નામ ગાજે)૨
હો.... રત્નમંડળનાં મહામૂલાં
ત્રણ રત્ન પધાર્યાં છે...આજ મારાં...

*લેખક - ગાયક દિનેશભાઈ દેસાઈ*

**ગરીબમાં ગરીબ પણ કરી શકે એવાં**
**મહાદાન એટલે**
**ચક્ષુદાન**



# માણસ નૈતિક પતન કરતાં આર્થિક પતન વખતે કેમ વધુ દુઃખી થાય છે?

■ નાનુભાઈ સંઘવી

અહીં નૈતિક શબ્દને વિશાળ પરિપ્રેક્ષ્યમાં સમજીએ તો 'ચારિત્રિક પતન' એવો અર્થ ઘટાવી શકાય. એમાં આચરણની પવિત્રતાનો પણ ભાવ રહેલો છે. માણસ વિશુદ્ધ 'સજ્જન' બને એ સચ્ચરિત્રનો આદર્શ છે. મન, વચન, કર્મ, સંબંધો, આચરણ વગેરે બાબતોમાં વિવેકશીલ રહી અકરણીયનો ત્યાગ ચારિત્ર્યશીલ માણસ સ્વાધીન બનીને સ્વીકારે છે. જેનાથી મનુષ્યત્વ લજવાય એવું કોઈ પણ કાર્ય ચારિત્ર્ય પ્રત્યે જાગૃત વ્યક્તિને ખપતું નથી. સમાજનાં સ્વાસ્થ્ય અને શુદ્ધિ માટે એટલે જ એવા એવા ચારિત્ર્યશીલ માનવીઓની સંખ્યા વધતી રહે એવી અપેક્ષા સેવવામાં આવે છે. એ. પી. સ્ટેનલી એટલે જ એવી આવશ્યકતા પર ભાર મૂકતાં કહે છે કે પરમાત્માથી ડરતો અને સિદ્ધાંતો મુજબ જીવતો અમોને એક ચારિત્ર્યશીલ માનવી આપો કે જેની સામે અસ્થિર મનના ઓછા તેજસ્વી જણાતા છતાં નબળા ચારિત્રના વિવિધરંગી એવા અનેક માનવીઓને અમે જતાં કરીશું.

ચારિત્ર્યશીલ મનુષ્યો જ સમાજની આધારશિલા છે. ઈમર્સનની એ વાત સાચી છે કે મનુષ્યની સંખ્યા, શહેરોનું કદ તેમ જ પાક - આ બધું સંસ્કૃતિનું સાચામાં સાચું પ્રમાણ નથી, પરંતુ દેશ જે પ્રકારના માનવીઓ ઉત્પન્ન કરે તે જ તેનું સાચામાં સાચું પ્રમાણ છે.

આઝાદી પછીના ભારતમાં જણાતી સામાજિક અને રાજકીય તેમ જ વહીવટી અરાજકતાનું ખરું કારણ આ છે - ચારિત્ર્યનું સ્થાન રૂપિયાએ લઈ લીધું છે. 'રામ'નું સ્થાન સંયમશૂન્ય 'કામે' લઈ લીધું છે.

માણસે ચારિત્ર્યને બદલે સત્તા, અધિકાર, લિપ્સા, સૌંદર્ય-લોલપુતા અને રૂપિયામાં સાચું સુખ શોધવાની દોડ આરંભી ત્યારથી એની ઐહિક સુખોની એષણાઓ વધુ બળવતર બની! રૂપિયો એને જાદુગર જેવો લાગ્યો. માણસ માટે સુખ-સુવિધાઓની વણજાર ખડી કરી દેનાર રૂપિયો એને માટે 'કામધેનુ' બની ગયો. માણસે જોયું કે આર્થિક પતનથી માણસની માણસ તરફની દૃષ્ટિ સાવ બદલાઈ જાય છે. પ્રતિષ્ઠા હોવા છતાં ધનહીન ધુત્કારપાત્ર ઠરે છે. આર્થિક પાયમાલી સાથે માણસ સમક્ષ ઊભી થયેલી વૈભવસૃષ્ટિ પણ અદશ્ય થઈ જાય છે. પરિણામે સુખ-સાહ્યબી વચ્ચે જીવવા ટેવાયેલો માણસ પોતાની મનઃસ્થિતિને કારણે લાચારી અનુભવે છે. મહર્ષિ વ્યાસે પ્રપંચને મૃત્યુનું પ્રવેશદ્વાર અને સરળતાને પરબ્રહ્મનું સ્વરૂપ આ જ અર્થમાં વર્ણવ્યું છે. નૈતિકતા માણસને સરળ બનાવે છે અને લોભ તથા પ્રપંચ માણસને ચાલબાજી શીખવે છે. માણસ જેટલો માનવીય ગુણોથી ભૂષિત રહે અને આસુરી ગુણોથી જેટલો મુક્ત રહે એટલો સુખી અને શાંતિપૂર્ણ જીવનનો અધિકારી બની શકે. આર્થિક પતનને કારણે માણસ સમાજમાં હડધૂત બની જશે એવો ભય જ એને માનસિક યંત્રણાની ખીણમાં હડસેલી મૂકે છે. સમાજ આજે જેમનાં ચિંતન, મનન, સાહિત્ય, સેવા-પરાયણતા, ત્યાગ, સમર્પણ અને ખાનદાનીથી ઊજળો છે એ સઘળા માણસો અમીર નહોતા. એમની પાસે ખરી અમીરાત તો એમનું ઊજળું અંતઃકરણ હતું. માનવકલ્યાણની ભાવના હતી. જેનું હૈયું ખાલી હોય અને નાણાંકોથળી જ જેમનું સર્વસ્વ હોય એ માણસ પૈસાની ઓટ-ખોટ સર્જાતાં અસ્વસ્થ બની જતો હોય છે. ચારિત્ર્યશીલ માણસનું ધન એનો આત્મસંતોષ હોય છે, એની પ્રામાણિકતા, નેકી અને સમદષ્ટિ હોય છે. જેને મન પ્રદાન એ જ પ્રાપ્તિ હોય એને કોણ દુઃખી કરી શકે? એટલે જ, માણસે જય-પરાજય, સુખ-દુઃખ બંનેને પચાવતાં શીખવું જોઈએ. એડવડે એવરેટે એવા મનુષ્યોને પેદા કરનારી માટીની અભિવંદના કરતાં નોંધ્યું છે, તેમ જે માટીના શરીરમાં સર્ગશક્તિ બિરાજતી હતી તે માટી તો ધૂળમાં ધૂળ થઈ ગઈ હોય છે અને કદાચ ત્યાર પછી તો યુગોના યુગો વહી ગયા હોય છે, પરંતુ તે છતાં પણ તેમના દ્વારા મહાન (મનુષ્યોના ચરિત્ર દ્વારા) પ્રકાશિત થયેલાં નૈતિક અને બૌદ્ધિક સત્યો તો હજી પણ મહત્તા અને ગૌરવના માર્ગે પોતાનો દિવ્ય પ્રકાશ આપ્યાં કરીને બીજા માણસોને પણ તે જ સ્વર્ગીય માર્ગે ચાલવાની પ્રેરણા અને ઉત્સાહ આપ્યાં જ કરે છે.

પૈસો એ જ જીવનનું સર્વસ્વ છે, એવા જીવન વિશેના માણસના એકતરફી ખયાલને કારણે જ માણસ આર્થિક પતન કે બરબાદીની ક્ષણોમાં વ્યાકુળતા અનુભવતો હોય છે.

# Chef SISTERS

THE FRESH-TAURANT

Pure Veg. & Egg Less

Good Music

Great Times !!!!

10% discount on takeaway orders

A/c Party Hall
Ideal place for
birthday & kitty Parties
(20-25 persons)

FREE HOME DELIVERY

EXCLUSIVE OFFER FOR STUDENT

Good Food SHOW YOUR ID CARD & GET **15%** OFF* Fun Games

* Offer Valid For Students Only between 11 am to 6 pm

Gift For All Occassions
Chocolates, Dessert Hampers, Chocolate Bouquets,
Party Favours And Sweet Table
GIFT FOR ALL OCCASIONS & ATTRACTIVE GIFTING OPTION

**PIZZAS, PASTAS, THAI, CHINESE, MEXICAN, PAVBHAJI, SANDWICH, ROLLS, BURGERS, PAVBHAJI FONDUE, DESIGNER CAKES, PASTRIES, MILKSHAKE, SUNDAES, DESSERTS**

**Catering Order Accepted for 25 to 100 Persons**
**We also Specialise in Party / Picnic boxes**

Shop No. 7 & 8, Hariom Apartment, S. V. Road,
Beside Vijay Sales, Borivali (W), Mumbai - 400 092.

**9223388737, 9223388738**

**Chef HASTI GORADIA**
(B.E. Elec, diploma patisserie, le cordon bleu london)

**Chef HILONI GORADIA**
(Pursuing bachelors degree in culinary arts, ITM, Mumbai)

# ભાડાંની જગ્યાનાં વેચાણ પર સ્ટૅમ્પ ડ્યૂટી કેટલી લાગે?

■ કિશોર એમ. શાહ (સૉલિસિટર)

**મુંબઈમાં ભાડાંનાં મકાનમાં જગ્યા વેચાય ત્યારે કેટલી સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે?**

મુંબઈમાં હવે ભાડાંની કોઈ પણ જગ્યામાં લે-વેચ થાય તો તેનું ઍગ્રીમેન્ટ ફૉર સેલ કે પછી ઍગ્રીમેન્ટ ફૉર સરન્ડર ઑફ ટેનેન્સી ૧૬-૯-૨૦૧૧ પછી લખાણમાં હોવું જોઈએ. તેનું રજિસ્ટ્રેશન કરાવવું જોઈએ અને તેના પર સ્ટૅમ્પ ડ્યૂટી પણ ભરવી પડશે. ભાડાંની કોઈ પણ જગ્યામાં હવે ટેનેન્સી ટ્રાન્સ્ફરનું ઍગ્રીમેન્ટ હોય કે પછી નવી ભાડાચિઠ્ઠી કરી હોય તેના પર પણ બૉમ્બે સ્ટૅમ્પ ઍક્ટના લીઝ ડીડના આર્ટિકલ ૩૬ પ્રમાણે સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે. કોઈ પણ ભાડૂત ઘરધણીને ટેનેન્સી સરન્ડર કાગળ આપે કે ઍગ્રીમેન્ટ કરે તેની ઉપર પણ બૉમ્બે સ્ટૅમ્પ ઍક્ટના સરન્ડર ઑફ લીઝના આર્ટિકલ ૫૯ પ્રમાણે સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે.

૧૬-૯-૨૦૧૧ પછી ભાડાંને લગતો જે નવો કાયદો આવ્યો છે કે કોઈ પણ ભાડૂત ઘરધણીને ભાડાંની જગ્યા પાછી આપી દે તો તેના પર પણ સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે. ઘરધણી નવા ભાડૂત સાથે નવી ટેનેન્સી કરે તેની ઉપર પણ સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે અને ઘરધણી કોઈ પણ ટેનેન્સી ટ્રાન્સ્ફર કરે તોપણ સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે.

**ભાડાંની જગ્યામાં સરકારે એવો કાયદો લાવવો જોઈએ કે ભાડાંની જગ્યા વિલમાં આપી શકાય.**

આજને દિવસે ભાડાંની જગ્યામાં લાખો ભાડૂતો એવા છે કે ભાડૂત લોકોએ તેમના બાપદાદાનાં નામ પરથી ભાડાચિઠ્ઠી તેમના નામ પર કરાવી જ નથી. કાયદેસર રીતે જેના નામની ભાડાચિઠ્ઠી હોય અને તે વ્યક્તિ ગુજરી જાય અને તે વ્યક્તિ તે વખતે તેની પત્ની, એનો દીકરો કે દીકરી કે તેના કોઈ પણ કુટુંબીજન તેમની સાથે રહેતા હોય તો મહારાષ્ટ્ર રેન્ટ કન્ટ્રોલના કાયદા પ્રમાણે સબ-ક્લોઝ-(ડી) ઑફ ક્લૉઝ ૧૫ ઑફ સેક્શન સાત પ્રમાણે કોઈ પણ પૈસા લીધા વગર ભાડાચિઠ્ઠી તેમના ફૅમિલીના નામે ટ્રાન્સ્ફર માટે પૈસા માગે તો તે એક જાતનો ગુનો ગણાય છે.

**ભાડાંની જગ્યામાં વિલ કરવાનો નૉમિનેશન કરવાનો કાયદેસરનો હક ભાડૂતોને આપવો જોઈએ?**

પાઘડીના એટલે કે ભાડાના મકાનમાં અત્યારે એક મોટામાં મોટો સામાજિક પ્રશ્ન તે છે કે પાઘડીની જગ્યામાં વિલ કાયદેસર રીતે થઈ નથી શકતું. આને લીધે ઘણા સામાજિક પ્રશ્નો ઊભા થાય છે.

ભાડાંની જગ્યામાં કાયદેસર રીતે જેના નામની ભાડાચિઠ્ઠી હોય અને તેની પત્ની, દીકરો કે દીકરી કે તેના છોકરાની પત્ની જે વ્યક્તિના નામની ભાડાચિઠ્ઠી હોય તેમની સાથે રહેતા હોય તેમનો જ તે ભાડાંની જગ્યા પર હક લાગે છે અને ગુજરી જનારના વારસદારોનો જે તેમની સાથે નથી રહેતા તેમનો આ ભાડાંની કે પાઘડીની જગ્યામાં કોઈ જાતનો હક નથી લાગતો. આવા સંજોગોમાં ધારો કે કોઈ પણ વ્યક્તિને બે દીકરા હોય અને જે દીકરાને ભાડાંની જગ્યા આપવી હોય તે બીજી કોઈ જગ્યાએ રહેતો હોય અને જે દીકરાને જગ્યા આપવી હોય તે સાથે ન રહેતો હોય, આવા સંજોગોમાં જે દીકરો ફક્ત સાથે રહેતો હોય તેનો જ કાયદેસરનો હક થઈ જાય છે.

આવા સંજોગોમાં ભાડાંની જગ્યામાં મહારાષ્ટ્ર રેન્ટ ઍક્ટમાં ભાડૂતને પાઘડીની જગ્યામાં કાયદેસર રીતે વિલ કરવાની અને તેની ઈચ્છા પ્રમાણે ભાડાંની જગ્યા જેને આપવી હોય તેને આપી શકે તેવો કાયદો લાવવાની જરૂર છે. આના ઉપરાંત જેમ રજિસ્ટર્ડ કો. ઑપ. સોસાયટીમાં નૉમિનેશનની સગવડ છે, તેવો જ કાયદેસરનો નૉમિનેશન કરવાનો હક ભાડાંની જગ્યામાં આપવો જરૂરી છે, કારણકે અત્યારના કાયદા પ્રમાણે ભાડાંની જગ્યામાં નથી વિલ કરી શકાતું, નથી નૉમિનેશન કરી શકાતું.

# रामायण सार
## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

रामायण के मुख्य पात्र है राम और सीता। रामायण के बारे में हर कोई व्यक्ति जानता है, समझता है। जैन परम्परा में भी रामायण के पात्रो का अपना अलग अस्तित्व है। जैनिजम में भी रामायण को विशेष महत्त्व दिया है। मैं यहां रामायण की कहानी/कथा नहीं लिख रहा हूँ। बंधुओ, पूरे रामायण का चित्र आपके मानसपटल पर है। आपको सिर्फ रामायण के मुख्य तत्त्व कथासार की और ले जाना चाहता हूँ।

राम-रावण युद्ध के अन्तिम दिन दोनों पक्ष अपनी-अपनी छावनी में लौट गए है, युद्ध थम सा गया है, क्योंकि रावण मृत्युशय्या पर लेटे अंतिम सांसे गिन रहा है। राम ने अपने अनुज भ्राता लक्ष्मण को बुलाया और कहने लगे, युद्ध का आज अन्तिम दिन है, कल हमें अयोध्या लौटना होगा, एवम् वहाँ का राज्यभार सम्हालना होगा। चौदह वर्षो से हम वन में भटक रहे हैं। मुझे ऐसा लग रहा है की क्यों न हम रावण से जीवन जीने की कुछ सलाह ले। लक्ष्मण तुरन्त बोल उठे, क्या भैया आप भी? रावण से सलाह लेने की बात कर रहे हो। क्या आपको और कोई व्यक्ति उत्तम सलाह के लिये नहीं दिखा? और फिर रावण तो अपना शत्रु है, उसने सीतामाता का हरण किया था और वह युद्ध भी हार गया है। वह हमें भला क्या सलाह देगा। राम ने कहा, रावण योद्धा है, उसे राज्य करना भलीभांति आता है, वह ज्ञानी भी है, और भी कई गुण उस में है, सिर्फ वह अभिमान के कारण पराजित हुआ है।

राम के अतिआग्रह के कारण लक्ष्मण रावण के पास जाते है। और गरज कर कहने लगे, ऐ रावण, मुझे तेरे पास भैया ने भेजा है? तेरा अंतिम समय है, राज्य चलाने एवं जीवन जिने हेतु कोई तेरी सलाह हो तो बक दे। रावण आँखे खोलता है, लक्ष्मण को देखता है और बिना कुछ कहे वापस आँखे बंद कर लेता है। लक्ष्मण बडबडाते है और क्रोधित होकर वापस अपनी छावनी में लोट जाते है, एवं राम से कहने लगे, क्या भैया आप भी? मुझे उस रावण के पास भेज दिया, क्या लगता था आपको, वह हमें कुछ सलाह देगा? कुछ बोलने की बात तो दूर, उसने मुझे देखने की तैयारी भी नहीं बताई।

राम ने बड़े प्यार से लक्ष्मण को समझाते हुये कहा, किसी से कुछ पूछना हो, सलाह लेनी हो तो सब से पहले उस व्यक्ति को विनम्रता से प्रणाम करना होता है, विनय-विवेक से प्रश्न सामनेवाले व्यक्ति की अनुकूलता जान कर करना होता है। इस युद्ध में रावण के पराजय का कारण उसका अभिमान था और तुम भी अगर दम्भ लेकर घूमते हो तो यह हमारे लिये ठीक नहीं है। जाओ पुनः रावण के पास जाकर मेरी आज्ञा का पालन करो। लक्ष्मण पुनः रावण के पास जाते है, रावण को प्रेम से विनयभाव लिए प्रणाम करते है और बड़ी मीठी भाषा में कहते है, तात ने मुझे आपके पास भेजा है। आप महान ज्ञानी है। आपके पास राज्य चलाने का अच्छा अनुभव है, आपने जीवन में कई उतार-चढाव देखे है, क्या आप हम पर कृपा बरसायेंगे, हमें सफल जीवन जिने की कोई महत्त्वपूर्ण सलाह देगें? रावण ने आँखे खोली और बोलने लगे, सफल जीवन जिने की मुख्य तीन बाते है, जिन्हें आपको जीवन में उतारना हैं।

१) दुश्मन को कभी कमजोर मत समझो - रावण विस्तार से कहने लगे, मैंने सीता का हरण किया, मैं सोच रहा था धनुषधारी राम-लक्ष्मण मेरा क्या बिगाडेगें। मैंने आपकी ताकत को बहुत हलके से लिया, तथा मुझे अपनी शक्तियों का एवं बल का, देवताओं का अभिमान था और हमेशा मैं यही सोचता रहा की राम को तो में चूटकी बजाते ही हरा दूँगा, वे मेरा कुछ भी नहीं बिगाड़ पायेगें। लेकीन मेरा सोचना गलत निकला। मैंने शत्रु को कमजोर समझा यह मेरी पहली गलती थी। हमें भी जीवन में आनेवाले शत्रुओं को कमजोर नहीं समझना है, उसकी ताकत का सही अन्दाज लगाना है। आज इस युग में हम छोटीछोटी बातों को लेकर दुश्मनी मोल ले लेते है और बाद मे हमें उसकी भारी कीमत चुकानी पड़ती है। हमेशा हमें अपने शत्रुओं को कमजोर समझने की गलती जीवन में कभी नहीं करना है, अन्यथा रावण की तरह पछताना पड़ेगा।

२) बूरे व़िचारों को अमल के लिये समय पर छोड़ दोरावण विस्तारपूर्वक कहने लगे, जीवन है तो विचारों का आना-जाना लगा रहता है। भले और बूरे विचारों की परख करना सीखो। इसमें बूरे विचार जब आते है तो उन्हें तुरंत अमल में नहीं लाना है एवं उस समय किसी एक व्यक्ति की सलाह लेना जरुरी है। चाहे वह छोटा या बड़ा, कोई भी हो। सुपर्णखा के कहने पर मैं ललचाया, सीता का हरण करने का मन बनाया और साधु का वेश धारण कर तुरंत रवाना हुआ। रास्तें में विभीषण मिला, उसने मुझे समझाने की कोशिश की, किन्तु मुझे उसकी बात पसंद नहीं आई। विभीषण का कहना था, भैया आप जिनको साधारण वनवासी पुरुष समझ रहे हो वह साधारण व्यक्ति नहीं, अपितु असाधारण व्यक्ति है। सीता को हरण कर लाना विनाश का कारण होगा, लेकिन मैं कहाँ उसकी बात माननेवाला था और सीताहरण विनाश का कारण बना। लंका लूट गयी, मेरी सारी इच्छायें अधूरी रह गयी। बस हमारे जीवन में भी बूरे विचारों का आना संभव है, किन्तु उन विचारों को अमल में

रखने से पहले किसी एक व्यक्ति की सलाह लेना जरुरी है, इस बिच समय के साथ हमारे विचारों में अवश्य बदलाव आयेगा, और लाभ-हानि देखते हुए पीछे हट जायेगें और जीवन में आनेवाली मुसीबतों से अवश्य बच सकते है।

३) अच्छे विचार आने पर उन्हें तुरंत अमल में लाओ - रावण ने कहा, कल हमने हमारे परिवारजनो की एक बैठक बुलाई थी, एवं उसमें इस युद्ध की समीक्षा हुई थी। हजारों-लाखों नरसंहार एक नारी के लिए क्या यह उचित है? मंदोदरी का कहना था। इस युद्ध का कारण क्या है? जरा सोंचे, एक स्त्री के लिये इतना नरसंहार यह कहाँ तक उचित है। हमें यह युद्ध आगे नहीं लड़ना है। रावण ने फैसला सूना दिया। जिस स्त्री के लिये यह युद्ध चल रहा है, उस स्त्री को हम राम के सुपुर्द कर झघड़ा समाप्त कर लेते है। युद्धसमाप्ति की घोषणा करवा देते है। रावण ने कहा कितने अच्छे विचार हमारे मस्तिष्क मैं आये, किन्तु अमल करने में देरी हो गयी, बैठक में तय हुआ की युद्ध तो हम करीब करीब जीत ही गये है। कल सुबह जब हमारी जीत की घोषणा हो जायेगी उसके पश्चात् मैं खुद आगे चल कर सीता को राम के सुपुर्द कर दूँगा। अच्छे विचारों को अगर मैं तुरंत अमल में ले आता और कल ही सीता को राम के सुपुर्द कर देता तो आज मुझे मृत्युशय्या नहीं देखनी पड़ती। मैं जीत कर भी सब कुछ हार गया। सीता को लौटाना किसी जीत से कम नहीं था, बस अच्छे विचारों का समय पर अमल नहीं करना हमारी सबसे बड़ी कमजोरी थी।

हम ये तीनों बाते हमारे जीवन के साथ जोड़ कर देखें, हमारे लिये तीनों बातें बहुत उपयोगी है, एक बार हमें इनको व्यवहार में लाकर देखना है, हमारी जिन्दगी बदल जायेगी। दुश्मन को कभी हमें कमजोर समजना नहीं है। बूरे विचारों की समीक्षा करनी है, किसी भी एक व्यक्ति से सलाह लेना है। उस समय को टालना है एवं अच्छे विचारों को तुरंत अमल में लाना है, तभी हमारा जीवन शान्तिमय बनेगा। जीवन में संतोष का अनुभव होगा।

---

# કામની વાત

## પરીક્ષાનું ટેન્શન ટાળવામાં 'યોગ'નો ઉપયોગ

બારમા અને દસમા ધોરણની પરીક્ષાઓ નજીક આવતી જાય છે તેમ હોશિયાર વિદ્યાર્થીઓને ડર પણ વધતો જાય છે. આ ડરને કારણે તાણ વધી જાય છે. દર વરસે જાન્યુઆરીથી લઈને માર્ચ મહિનાના અંત સુધી વિદ્યાર્થીઓ ટેન્શનમાં હોય છે. દિવસ-રાત અભ્યાસ કરવા છતાં પરીક્ષાનો ભય મનમાંથી જતો નથી. સ્ટ્રેસને કારણે આવડતું હોવા છતાં ઘણા વિદ્યાર્થીઓ સારું પેપર લખી શકતા નથી. ડૉક્ટરોના મતે સ્પોર્ટસ કે અન્ય સ્પર્ધા જેવી જ આ વાર્ષિક પરીક્ષા હોય છે. આમાં માનસિક એક્ટિવિટી વધારે હોય છે. આથી ટેન્શન વધી જાય છે. જોકે, સતત વાંચવાંચ કરવાથી ફાયદાને બદલે નુકસાન થાય છે. આના બદલે દર બે કલાક બાદ આંટો મારવાથી, સાઈકલ ચલાવવાથી કે સ્ટ્રેચ કરવાથી સારું લાગશે. આનાથી શરીર અને મગજમાં ઊર્જા તથા સારા હોર્મોન એન્ડોર્ફિન્સનો સંચાર થાય છે.

### માનસિક શક્તિ મેળવવાના ઉપાય

- આંખો બંધ કરીને થોડા સમય માટે ઊંડા શ્વાસ લેવાથી રાહતનો અનુભવ થશે. મગજને તરોતાજા બનાવવા માટે હલાસન, મકરાસન, તાડાસન, ચક્રાસન અને શવાસન કરવું. થોડી મિનિટ આ આસન કરવાથી પ્રેસર દરમિયાન મન શાંત રહે અને સ્વસ્થતા ટકી રહે છે.
- થોડી ક્ષણો શાંત બેસી આંખ બંધ કરીને એક બિંદુ અથવા એક વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવું. દરરોજ આમ કરવાથી મેડિટેશનમાં નિપુણતા આવી જશે અને ઊર્જાનો અનુભવ થશે. આનાથી ભણવામાં પણ ધ્યાન કેન્દ્રિત થશે.
- બ્રહ્મમુદ્રા, યોગમુદ્રા અને વજાસન કરવું. ૧૧ વખત ઓમ બોલવું અથવા ગાયત્રી મંત્ર, નવકાર મંત્ર, ઉવસ્સગહરં સ્તોત બોલવો કે સરસ્વતીની ઉપાસના કરવી.

### શારીરિક સ્વાસ્થ્ય જાળવવાના ઉપાય

- કોઈ પણ સ્થિતિમાં નાસ્તો, લંચ કે ડિનર લેવાનું ન ટાળવું
- ૪-૫ બદામ, ૧ અખરોટ, ૪-૫ પિસ્તા અને ૪-૫ કાળી દ્રાક્ષ સવારના લેવી.
- દૂધમાં શંખપુષ્પી/ બ્રાહ્મીનું ચૂર્ણ લેવું.
- ખડીસાકર/ મિસરીની વપરાશ કરવી.
- યાદશક્તિ વધારવા ચ્યવનપ્રાશ, સારસ્વતારિષ્ટ, સારસ્વત/ બ્રાહ્મી ઘૃત લેવું.
- દૂધ પીવું. સાત્વિક આહાર લેવો. ફળ ખાવા.
- પોતાની જાતને દોષ આપવો નહિ. પોતાનામાં લઘુતાગ્રંથિને વિકસવા ન દેવી.
- હું અન્ય કરતાં શ્રેષ્ઠ છું તેવું વિચારવું.
- શવાસન કરીને સૂવા જવું જેથી સારી ઊંઘ આવે અને સવારના તાજગીસભર અનુભૂતિ થાય. ઓછામાં ઓછા સાત કલાક ઊંઘવું.
- બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને વાંચવું. રાતના મોડે સુધી વાંચવા કરતાં સવારના ૩.૩૦ થી ૪.૩૦નો સમય વાંચન માટે સારો ગણાય છે. આ સમય દરમિયાન જે વાંચવામાં આવે છે તે યાદ રહી જાય છે.

*(સાભાર)*

# ભવતારક ક્ષમાપના

■ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

પર્યુષણ પર્વની આરાધનાની પરાકાષ્ઠા એટલે ક્ષમાપના, પરંતુ એ ક્ષમાને ત્યારે જ આપણે સાચી રીતે ઓળખી શકીએ કે જ્યારે આપણે ક્રોધને જાણતા હોઈએ. આ ક્રોધને ભગવાન મહાવીરે ભભૂકતી આગ કહી છે. પુરાણોમાં નરકનું દ્વાર કહ્યું છે. 'કુરાન'માં ક્રોધને શેતાનનું સંતાન કહ્યો છે અને 'બાઈબલ'માં માણસમાત્રને ખાક કરનાર જ્વાળામુખી બતાવ્યો છે. મનમાં ક્રોધ આવતાં એ જુદી જુદી ચાર પ્રતિક્રિયાઓ દ્વારા પ્રગટ થાય છે. પહેલી પ્રતિક્રિયા આવેશની છે, જેમાં ઉંમર, સ્થિતિ કે ધનથી મોટી વ્યક્તિ નાની વ્યક્તિ પર ગુસ્સો કરતી હોય છે. સાસુ વહુ પર, ગુરુ શિષ્ય પર, પિતા પુત્ર પર થોડી પ્રતિકૂળ બાબત થતાં આવેશમાં આવીને ગુસ્સો કરતાં હોય છે.

ક્રોધની બીજી પ્રતિક્રિયા છે ગૂંગળામણ. જ્યારે વ્યક્તિ પ્રગટપણે ક્રોધ કરવા સમર્થ ન હોય ત્યારે મનમાં ને મનમાં અકળાય છે અને વેરનો ડંખ રાખીને બદલો લેવાની તક શોધે છે. ત્રીજી પ્રતિક્રિયા રુદન છે. ક્રોધની આ અસહાય અવસ્થા છે. રોષ આવેશથી વ્યક્ત ન થાય, મનની અંદર ગૂંગળાઈ ન રહે ત્યારે વ્યક્તિ રુદન કરતી હોય છે અને ક્રોધની ચોથી અવસ્થા છે શાન્ત્યાતિરેક. આ ચોથી અવસ્થા સજ્જનો અને મહાપુરુષોમાં નજરે પડે છે. તેઓ ક્રોધને શાંતિમાં બદલી નાખે છે. તેમના હૈયે બદલો લેવાની ભાવના કે વૃત્તિ હોતી નથી. ઝેર ગટગટાવીને એ અમૃત આપતા હોય છે.

ક્રોધને અંધ કહેવામાં આવ્યો છે. એનો અર્થ જ એ કે ક્રોધ પોતે જ પોતાની જાતને હણતો હોય છે. ચંડકૌશિક સર્પ એના પૂર્વભવમાં કૌશિક નામે તાપસ હતો. એની વાડીનો કચ્ચરઘાણ કાઢી નાખનાર બાળકો પર એ ગુસ્સે થયો અને એ હાથમાં કુહાડો લઈને બાળકોને મારવા દોડયો, પણ વચ્ચે ખાડો આવ્યો. તાપસ કૌશિકે એ ખાડો જોયો નહીં અને પોતાનો કુહાડો પોતાના જ માથામાં વાગ્યો. ભગવાન મહાવીરના સાધનાકાળમાં આવી જ એક ઘટના બની હતી. તેઓ સમૃદ્ધ વૈશાલી નગરીમાં આવ્યા. ધ્યાનને માટે એમણે એક લુહારના નિર્જન ડહેલા પર પસંદગી ઉતારી. બીમાર લુહાર હવાફેર માટે બીજે રહેવા ગયો હતો, પરંતુ સંજોગવશાત્ બહારગામ ગયેલો લુહાર સાજો થઈને પાછો આવ્યો. એણે જોયું તો પોતાના મકાનમાં એક સાધુ જગ્યા જમાવીને બેઠો હતો. એણે મનમાં માન્યું કે નક્કી પોતાની ગેરહાજરીમાં કોઈએ જગ્યા પચાવી પાડી! 'સબ ભૂમિ ગોપાલ કી' માનનારે આ ભૂમિ પણ પોતાની કરી લીધી.

એક તો લુહાર લાંબી બીમારીમાંથી ઊઠીને આવ્યો હતો, એનો સ્વભાવ થોડો ચીડિયો બની ગયો હતો. એમાં વળી ઘરમાં પગ મૂકતાં જ આવું બન્યું! આથી ક્રોધથી ધૂંઆપૂંઆ થયેલા લુહારે વજનદાર ધણ ઉપાડયો. મનમાં થયું કે એવા જોરથી માથા પર લગાવું કે પળવારમાં સોએ સો વર્ષ પૂરાં થઈ જાય! કોઈએ લુહારને સમજાવવા તો કોઈએ અટકાવવા કોશિશ કરી, સાધુની હત્યાના મહાપાતકની યાદ આપી, પણ જેમ લુહારને શાંત કરવા પ્રયત્ન કરે, તેમ કમજોર લુહારનો ક્રોધ વધતો જાય. આખરે જીવસટોસટનો મામલો રચાઈ ગયો! લુહાર વજનદાર ધણ ઉપાડીને વીંઝવા તૈયાર થયો. મહાવીર તો એમ ને એમ અડગ ઊભા હતા. ન ક્યાંય ભય, ન સહેજે કંપ. સમભાવપૂર્વક અચળ મેરુની જેમ ધ્યાનમાં મગ્ન હતા. યોગીની શાંતિએ લુહારને વધુ ઉશ્કેર્યો. એણે જોશથી ધણ વીંઝયો. હમણાં ધણ વાગશે, યોગીની કાયા ઢળી પડશે!

પણ આ શું?

ક્રોધથી ધૂંધવાતા અને ધ્રૂજતા હાથે લુહાર ધણ વીંઝવા ગયો. દાઝ એટલી હતી કે અહીં અને અબઘડી જ આને ખતમ કરી નાખું. ધણ ઊંચકીને વીંઝવા ગયો ત્યાં જ લુહારનો હાથ છટકયો. ધણ સામે વીંઝાવાને બદલે પાછો પડયો. યોગીના મસ્તકને બદલે લુહારના મસ્તક પર ઝીંકાયો. બીમારીમાંથી માંડ બચેલો લુહાર તત્કાળ ક્રોધનો કોળિયો બની ગયો. બીજાનો નાશ કરવા જનાર ક્રોધી પોતાનો વિનાશ કરી બેઠો! ધ્યાનસ્થ મહાવીર તો એમ ને એમ અડગ ઊભા હતા!

વ્યક્તિને પોતાને ક્રોધ હાનિ કરે છે. માનવી ક્રોધ કરે ત્યારે કેવો વિકૃત થઈ જાય છે! આંખો પહોળી થઈને અંગારા વરસાવવા લાગે છે. કોઈ થપ્પડ લગાવી દે છે, તો કોઈ અપશબ્દો બોલવા માંડે છે. આમ, ક્રોધ કરનાર સામી વ્યક્તિને જ નહીં, પરંતુ સમગ્ર વાતાવરણને કલુષિત કરી નાખે છે. આથી જ શેક્સપિયરે ક્રોધને

સમુદ્ર જેવો બહેરો અને આગ જેવો ઉતાવળો કહ્યો છે, પરંતુ સંત તિરુવલ્લુર કહે છે કે આગની પાસે જે જાય તેને આગ બાળે છે, પણ ક્રોધાગ્નિ તો આખા કુટુંબને બાળી મૂકે છે.

આમ, ક્રોધમાં માણસની આંખ બંધ થઈ જાય છે અને એનું મોઢું ઉઘાડું રહી જાય છે. એ વિવેકને ચિત્તમાંથી હાંકી કાઢે છે અને દરવાજે એવો આગળો મારે છે કે વિવેક ફરી પાછો દાખલ થઈ શકે નહીં. આવો ક્રોધ એ મધપૂડામાં પથ્થર મારવા જેવો છે અને એ તરત જ વેરમાં પલટાઈ જાય છે.

ક્રોધ ત્યારે જ ઓછો થાય કે જ્યારે વ્યક્તિ આત્મદર્શી બને. આનું કારણ એ છે કે ક્રોધનું શસ્ત્ર પહેલાં તો ક્રોધને જ ઘાયલ કરે છે. ભગવાન બુદ્ધે કહ્યું છે કે ઊકળતા પાણીમાં પ્રતિબિંબ ન દેખાય તેમ ક્રોધી માણસ એ જોઈ શકતો નથી કે તેનું હિત શેમાં છે.

એક મહાત્મા નદીકિનારેથી સ્નાનશુદ્ધ થઈને પાછા ફરતા હતા ત્યારે એક ચાંડાલના છાંટા ઊડયા. મહાત્માનો ગુસ્સો ભભૂકી ઊઠયો અને તે ચાંડાલને અપશબ્દો કહેવા માંડયા. એમણે ફરી સ્નાન કર્યું. મહાત્મા સ્નાન કરીને નદીમાંથી નીકળ્યા એટલે ચાંડાલ સ્નાન કરવા ગયો. આ જોઈને મહાત્મા વધુ ગુસ્સે થયા. એમણે કહ્યું, તારે વળી સ્નાન કરવાની શી જરૂર હતી? ત્યારે ચાંડાલે કહ્યું કે જો ચાંડાલના સ્પર્શથી સ્નાન કરવાની જરૂર પડે તો જ્યારે આપ મને અપશબ્દો કહેતા હતા ત્યારે આપના મનમાં ક્રોધરૂપી મહાચાંડાલ હતો. એના દૂષિત સ્પર્શને હટાવવા માટે હું સ્નાન કરું છું.

આ રીતે ક્રોધ માનવીને મહાચાંડાલ બનાવી દે છે. એ હિંસાનો અપરાધી છે, તો આનંદનો નાશક છે. ક્રોધ આવે છે એક તરંગરૂપે અને એમાંથી માનવીના મનને ઘેરી લેતો મહાસાગર બની જાય છે. ગુસ્સાના નાનકડા બીજમાંથી વેરનું વટવૃક્ષ ઊભું થઈ જશે. ચિત્તના એક નાનકડા છિદ્રમાંથી એ પ્રવેશે છે અને સર્વત્ર વ્યાપી જાય છે. આવો ક્રોધ માનવને દાનવ બનાવી દે છે. આથી એને ઓળખવા માટે ગુસ્સાનું બીજ શોધવું જોઈએ. બીજ મળ્યા પછી એનાં ખાતર-પાણી બંધ કરવાં જોઈએ. સંતોએ આ જ કર્યું. સંત તુકારામ ક્યારેય ગુસ્સે થતા નહીં. કોઈએ તો એમને ગુસ્સે કરનારને ઇનામ આપવાની વાત કરી. એક માણસે બીડું ઝડપ્યું અને એ સંત તુકારામ ભજન ગાતા હતા ત્યાં એમના ખોળામાં આવી બેસી ગયો.

તુકારામ તો નાના બાળકને પંપાળતા હોય એટલા વહાલથી એને પંપાળવા લાગ્યા. પેલાએ બીજી તરકીબ અજમાવી. તુકારામને ગુસ્સે કરવા એમની પત્નીની પીઠ પર ચડી બેઠો, ત્યારે તુકારામે એમની પત્નીને કહ્યું કે આ પડી ન જાય તેની તું સંભાળ રાખજે. પેલાની આખીય તરકીબ નકામી ગઈ. આમ, એ માનવી ક્ષમા આપી શકે છે જે ક્રોધના મૂળને જાણી શકે છે.

ક્રોધ વિભાવ છે, ક્ષમા સ્વભાવ છે. ક્રોધ દ્વેષ છે, ક્ષમા મૈત્રી છે. ક્રોધ મારક છે, ક્ષમા તારક છે. આ ક્ષમાના અમૃતથી આત્માનો અભિષેક કરવાથી દુરાગ્રહ, વિગ્રહ, વિદ્વેષ, દ્રોહ આદિ આઘાત ઓગળી જાય છે. જો ક્રોધને વધુ જમાવી રાખવામાં આવે તો તે વેરનું રૂપ લે છે અને વેર એ તો ભવોભવ સુધી માનવીને ક્રોધમાં રાખે છે, આથી જ મહાસતીજી ધનકુંવરબાઈસ્વામી યોગ્ય જ કહે છે કે ''વેરમાં વિગ્રહ છે, અવેરમાં નિગ્રહ છે. વેરમાં વિનાશ છે, જ્યારે અવેરમાં વિકાસ છે. વેરમાં વાંધો છે તો અવેરમાં સાંધો છે. વેરમાં વિષમતા છે તો અવેરમાં સમતા છે. વેરમાં વકીલાત છે, જ્યારે અવેરમાં કબૂલાત છે. વેર વિકૃતિ છે તો અવેર સંસ્કૃતિ છે. વેર વમળ છે, જ્યારે અવેર કમળ છે અને આ વેરનાં વિષ ઉતારવાનો અમર મંત્ર તે ક્ષમાપના છે.''

''જ્યારે કોઈ સારું કામ જુઓ તો તેની નકલ કરો અને નઠારું કામ જુઓ તો દૂર ખસી જાઓ.''

**ચેતવણીઃ**

નવી ટેવ, સારી-નરસીમાં તો કરોળિયાના એક તાંતણા જેટલીય તાકાત નથી હોતી, પણ એ ટેવ બંધાઈ ગયા પછી તો તે લોખંડના દોરડાની જેમ આપણને જકડી લે છે.

**ખુશખબરઃ**

પ્રાર્થના અને પ્રયત્ન તથા યુક્તિપૂર્વક મેળવેલી મનની તાકાત ડઝનબંધ હાથીઓ જેટલી થઈ શકે છે અને તે લોખંડના દોરડા જેવી મજબૂત જૂની આદતોને તોડી શકે છે.

|| શ્રી શાંતિનાથાય નમઃ ||

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ

તથા

## શ્રી કચ્છી વિસા ઓસવાળ જૈન મહાજન-ભુજ

SILVER JUBILEE YEAR 2015 SSJJ GROUP 25 YEARS

આયોજીત

# સમસ્ત જૈન સમાજના સમુહ લગ્નોત્સવ ૨૦૧૫

## રવિવાર, તા. ૧૩-૧૨-૨૦૧૫ સ્થળ : ભુજ - કચ્છ

પરમાત્માની કૃપાએ, વડિલોના અનુગ્રહ અને જ્ઞાતિજનોની ઉદારતાએ
પ્રિત પિયુને પાનેતરના ત્રિવેણી સંગમ સાથે સાજન-માજન સાથે જૈન સમાજના મહાનુભાવો, મહેમાનો, રાષ્ટ્ર અને રાજયના મહાનુભાવોના મંગલ આર્શીવાદ અને સાંનિધ્યમાં
**શ્રી સમસ્ત જૈન સમાજના સમુહ લગ્નોત્સવ - ૨૦૧૫ માં જોડાવવા વિશેષરૂપ**
**શ્રી ક.દ.ઓ. અને ક.વી.ઓ. જ્ઞાતિ સાથે સમસ્ત જૈન સમાજને હાર્દિક આમંત્રણ આપીએ છીએ.**

**ઐતિહાસિક અને જાજરમાન સમુહ લગ્નોત્સવ - ૨૦૧૫ ના બે દિવસના મહોત્સવમાં આપના પુત્ર/પુત્રીના લગ્નો નોંધાવી જોડાવવા માટે ભાવભર્યું આમંત્રણ છે.**

### માંગલિક પ્રસંગો

**માગસર સુદ ૨,**
**શનિવાર, તા. ૧૨-૧૨-૧૫**
જાનૈયા માનૈયાનું સ્વાગત
સિધ્ધચક્ર મહાપુજન
મહાકાળી માતાજીની ભાવના
સંગીત મહોત્સવ સાથે દાંડિયારાસ



**માગસર સુદ ૩,**
**રવિવાર, તા. ૧૩-૧૨-૧૫**
વરરાજાઓનો વરઘોડો
હસ્તમેળાપ લગ્ન સમારંભ
ભવ્ય અભિવાદન સમારોહ
વિદાય સમારંભ

**સમસ્ત જૈન સમાજના સમુહ લગ્નોત્સવ - ૨૦૧૫ જોડાવવા**
**સમગ્ર જૈન જ્ઞાતિજનોને વિનંતી સહ નિમંત્રણ છે.**

લિ.

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**
જયેશ જૈન (અધ્યક્ષ)
ગોવિંદજી પટેલ (ઉપાધ્યક્ષ) પ્રવિણ લોડાયા (ઉપાધ્યક્ષ)

**શ્રી કચ્છી વિશા ઓસવાલ જૈન મહાજન-ભુજ**
તારાચંદ જગશી છેડા
(પ્રમુખ)

**સમુહ લગ્નોત્સવમાં જોડાવવા ઈચ્છતા પરિવારે ફોર્મ પ્રાપ્ત કરવા તથા ભરી પરત કરવા નીચેના સ્થળે સંપર્ક કરવા વિનંતી**

| SSJJ મુંબઈ કાર્યાલય | SSJJ કચ્છ કાર્યાલય | ક.વી.ઓ. સમાજ કચ્છ કાર્યાલય |
|---|---|---|
| શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ<br>એકઝીમ ટ્રાન્સટ્રેડ (ઈન્ડીયા) પ્રા.લી.<br>૨૦૧, મેરેથોન મેકસીમા,<br>એલ. બી. એસ. માર્ગ,<br>મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૮૦. | શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ<br>C/o. સવાણી ટ્રાન્સપોર્ટ પ્રા.લી.<br>ઠોઠાવારીવંડી પાસે, ભીડગેટ,<br>ભુજ-કચ્છ - ૩૭૦ ૦૦૧<br>ફોન : ૨૨૩૪૧૧, ૯૯૨૫૧ ૬૯૮૭૬ | શ્રી કચ્છી વિસા ઓસવાલ જૈન મહાજન-ભુજ<br>અમરસન્સ ભવન,<br>GEB હેડ ઓફિસની સામે,<br>વિજય નગર, ભુજ-કચ્છ<br>ફોન : (૦૨૮૩૨) ૨૫૫૩૧૮, ૨૨૩૮૨૧ |

**: વધુ માહિતી માટે સંપર્કસૂત્રો :**

| ગોવિંદજી પટેલ (મુલુંડ) | કિરણ દંડ (મુંબઈ) | ચંદ્રકાંત પાસડ (ડોંબીવલી) | પ્રબોધ મુનવર (કચ્છ) |
|---|---|---|---|
| ૯૮૨૦૫ ૪૦૯૪૯ | ૯૮૩૩૮ ૦૮૨૪૪ | ૯૮૨૦૧ ૭૧૧૮૮ | ૯૯૨૫૧ ૬૯૮૭૬ |

BINITA SATISH MARU : 98690 34162

## BIO DATA



**Name** : **PRIYA HARSHAD SHAH**

**Bd/Bp/Bt** : 3-12-1988 / Andheri / 11.30 am

**Height** : 5'-2" * **Weight :** 55 kg

**Father** : Harshad Himmatlal Shah

**Mother** : Bhavna Harshad Shah

**Caste** : Deravasi Jain

**Native Place:** Sojitra, Anand (Gujarat)

**Education** : B.Com from Mithibai College
DFM From Welingkar, Matunga

**Occupation** : Currently Working with Axis Bank

**Residence** : A/20, Indralok Soc., Old Nagardas Road,
Andheri (East), Mumbai - 400 069.

**Tel.** : 32965280, 9867904035

**Siblings** : One Elder Sister - Swetal Shah married
to Bhavin Shah (CA) Mulund

**Mosal** : Arvind C. Shah
D-301, Agarwal Residency Shankar Gali,
Kandivali (West), Mumbai - 022-28080444

**Email** : bhshah07@yahoo.com

ADVT.

## BIO DATA



**Name** : **PAYAL SHAH**

**Bd/Bp/Bt** : 29-4-1988 / Kanpur/ 9.30 am

**Complexion :** Fair

**Height** : 5'-0" * **Weight :** 60 kg

**Education** : M.Com.

**Religion** : Zalawadi Dashashrimali Sthanakwasi Jain

**Native** : Surendranagar (Gujarat)

**Gr. Father** : Late Babulal Kasturchand Dagli

**Gr. Mother** : Late Kanchanben Babulal Dagli

**Father** : Shri Harish Babulal Shah (Dagli)

**Mother** : Smt. Shilpa H. Shah

**Brother** : Vinay Shah (Younger)

**Father Busi.** : Shah Traders (Distributors of Match Box, Cigarettes & Biri) Kanpur.

**Residence** : 55/67, Raja Tower Flat No. 201, Kahoo Kothi, Kanpur - 208 001.

**Contact No.** : 09307206930, 09415126216

**Mosal** : Smt. Kusumben Harilal Doshi (SARA)

**Mama** : Mahendra H. Doshi (09825913734)

**Mumbai** : Ushaben V. Doshi (09821967667)
Surendra K. Doshi (09820256379)

**Health** : Diabetic

**Email** : harishdagli@yahoo.com
vinay695@yahoo.com

ADVT.

## BIO DATA



| | |
|---|---|
| **Name** | : **KARINA D. MEHTA** |
| **Db/Bt/BP.** | : 24.02.1991/ 07.48pm/Matunga-Dadar |
| **Height** | : 5' 4"" ft. |
| **Complexion** | : Wheatish |
| **Horoscope** | : Interested |
| **Education** | : B.Com. |
| **Occupation** | : Cake Baker, Chocolatier |
| **E-mail** | : mehtakarina234@gmail.com |
| **Father's Name** | : Dilip Tarachand Mehta |
| **Mother's Name** | : Nanda Dilip Mehta |
| **Residence** | : 185/3, Prabha Kunj, Dr. Ambedkar Road, Near Sion Hospital, Sion (W), Mumbai-400022. |
| **Contact Details** | : 022 24083320/9870471321 |
| **Father's Occ.** | : Cloth Supplier |
| **Partner Preferred** | : Educated |
| **Cast** | : Halar Jamnagar Vishashrimali Deravasi Jain |
| **Siblings.** | : Brother-Sahil D. Mehta |
| **Native Place** | : Moti bhansal (Jamnagar) |
| **Family Type** | : Neutral |
| **Mosal** | : Rashmikant Dhirajlal Doshi (9821334164) (Name Machukata Vishashrimali Deravasi) 63/2, Choksi Villa, R.A. Kiwai Road, King Circle, Matunga-19. |
| **Grand Father** | : Tarachand Devchand Vagji Mehta |
| **Grand Mother** | : Prabhaben Tarachand Mehta |

ADVT.

## શ્રી સૌરાષ્ટ્ર દશ તાલુકા સ્થાનકવાસી જૈન સમાજ, મલાડ

રવિરાજ એપાર્ટમેન્ટ, એ વિંગ, બ્લોક નં. ૧, ગ્રા. ફ્લોર,
મામલતદાર વાડી રોડ નં. ૩, મલાડ (વે), મુંબઈ-૬૪.
રજિ. નં. ૨૬૧૮ (બોમ્બે) તા. ૩૧-૫-૬૩
ઓફિસ ટાઈમ : ૧૦ થી ૧.૦૦ ટે. : ૨૮૮૮૯૯૪૬

**શ્રી સૌરાષ્ટ્ર દશ તાલુકા સ્થાનકવાસી**
**જૈન સમાજ મલાડ દ્વારા આયોજિત**
**વિસાવદરનિવાસી (હાલ કાંદિવલી)**
**પૂ. માતુશ્રી તારાબેન ચુનીલાલ હીરાચંદ મોદી**
**પ્રેરિત**

### વેવિશાળ પરિચય સંમેલન

**તા. ૪-૧૦-૨૦૧૫ રવિવારના**

રોજ એન. એલ. હાઈ સ્કૂલ, જગમોહનદાસ હૉલ, એસ. વી. રોડ, મલાડ (વેસ્ટ)માં આયોજન કરેલ છે.

યુવક-યુવતી ગુજરાતી જૈન પરિવારનો સભ્ય હોવો જરૂરી છે. વહેલો તે પહેલાના ધોરણે સંસ્થાની ઑફિસે નામ લખાવવા વિનંતી. નામ સ્વીકારવાનો કે રદ કરવાનો અધિકાર સંસ્થાનો રહેશે.

જાગૃતિ સંદેશ

તથા

### ૩૫મા સમૂહલગ્ન સમારોહ

**નું આયોજન તા. ૬-૧૨-૨૦૧૫,**
**રવિવારના રોજ કરવામાં આવેલ છે.**

**લગ્ન સ્થળ : રામલીલા મેદાન, ગૌશાળા લેન, હીરાબજારની બાજુમાં, મલાડ (ઈ), મું-૯૭.**

**લિ. પ્રમુખ**
**શ્રી દિનેશભાઈ પરમાણંદદાસ સંઘરાજકા**
**તથા કારોબારી સભ્યો**

**Email Id : dastaluka@gmail.com**

**: સંપર્ક નામ :**

| | |
|---|---|
| કિશોરભાઈ દોશી | ૯૩૨૩૨૫૫૪૫૧ |
| હિતેશભાઈ અજમેરા | ૯૮૨૦૬૨૦૬૧૩ |
| સુરેશભાઈ સુતરિયા | ૯૮૧૯૮૩૮૪૬૯ |
| અનિલભાઈ ગાંધી | ૯૩૨૨૦૧૬૧૮૩ |
| પ્રફુલ્લભાઈ કામદાર | ૯૮૨૦૮૭૭૦૪૦ |

ADVT.

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવતી

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | જાહ્નવી સુધીરભાઈ શાહ, ૧૬-૧૧-૧૯૮૮, ૫'-૪''<br>B.Sc. M.B.A., | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>રાજકોટ - વિલે પાર્લે | (ઘર) —<br>(મો) ૯૮૧૯૫૬૯૬૦૦ |
| ૨) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'-૦''<br>S.S.C. – (મંગળ છે) (શનિ છે) | સુરત વીસા ઓસ. દેરા. જૈન<br>સુરત – અંધેરી | —<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |
| ૩) | ફ્રેની શાહ, ૧૭-૧૦-૧૯૮૬, ૫'-૪''<br>C.S. (Master in Commerce) (Management Spl.) | ઘોઘારી વીસા શ્રીમાળી દેરા.જૈન<br>વિલે પાર્લે | (ઘર) ૦૨૨-૨૬૧૧૫૪૨૫<br>(મો) ૯૩૨૨૮૯૨૪૨૯ |
| ૪) | રાગિની મહેતા, ૧૩-૧-૧૯૮૯, ૫'-૧૦''<br>B.Com., C.A., LL.B. – | સ્થાનકવાસી જૈન<br>મોરબી – ઘાટકોર | (ઘર) ૦૨૨-૨૫૧૨૧૦૯૩<br>(મો) ૭૫૦૬૧૩૦૦૯૧ |
| ૫) | હીરવી અરવિંદભાઈ દોશી, ૧૩-૩-૧૯૮૪, ૫'-૨''<br>M.Com., – | શ્વેતાંબર દેરાવાસી જૈન<br>પિલવઈ – કાંદિવલી (વે) | (ઘર) ૨૮૦૮૨૯૦૭<br>(મો) ૯૯૩૦૭૩૦૮૧૩ |
| ૬) | ચૈતાલી અરવિંદભાઈ દોશી, ૮-૬-૧૯૮૦, ૫'-૦''<br>B.Com., – (મો.: ૯૮૯૨૨૪૭૪૦૬) | શ્વેતાંબર દેરાવાસી જૈન<br>પિલવઈ– કાંદિવલી (વે) | (ઘર) ૨૮૦૮૨૯૦૭<br>(મો) ૯૮૩૩૮૮૩૪૨૦ |
| ૭) | મેઘા પરેશભાઈ શાહ, ૧૯-૧૦-૧૯૮૭, ૫'-૭''<br>B.Com., M.B.A. (Finance) – (મંગળ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) —<br>(મો) ૯૮૨૧૦૪૧૫૨૦ |
| ૮) | અદિતિ હરીશભાઈ શાહ, ૧૬-૧૨-૧૯૮૩, ૫'-૨''<br>B.Sc. – (જમણા કાનમાં સાધારણ તકલીફ છે) | ઝાલાવાડ દશા શ્રીમાળી સ્થા.જૈન<br>શિહોર - ગોરેગામ | (ઘર) ૨૮૯૧૭૪૨૬<br>(મો) ૯૮૨૦૫૦૯૨૧૨ |
| ૯) | જલ્પા જયકાંત શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૪''<br>B.Com. – (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર- ગોરેગામ | (ઘર) ૨૮૭૫૭૫૩૫<br>(મો) ૯૩૨૩૩૩૪૩૦૭ |
| ૧૦) | કૃતિ અશોકભાઈ દોશી, ૧૭-૧૨-૧૯૮૬, ૫'-૧''<br>B.A., Advertising & Animation | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>પાલિતાણા- મુંબઈ | (ઘર) ૨૩૪૨૦૧૫૪<br>(મો) ૯૩૨૦૧૩૦૦૦૮ |

## યુવક

| | | | |
|---|---|---|---|
| ૧) | મિતુલ અનિલકુમાર સંઘાણી (૩૧-૩-૧૯૮૮) ૫'-૧૧''<br>**C.A., Pursuing ACCA (UK)** – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – મલાડ (વે) | (મો) ૯૦૨૯૨૫૮૯૯૧<br>૯૯૩૦૨૭૪૬૨૦ |
| ૨) | અમિત નરેશભાઈ શાહ, ૧૦-૧૧-૧૯૮૧, ૫'-૭''<br>B.Com., – | વીસા ઓ. મૂ. પૂ. દેરા. જૈન<br>પાલનપુર – બોરીવલી | —<br>(મો) ૯૩૨૦૮૭૪૯૧૧ |
| ૩) | વિશાલ બિપીનચંદ્ર ઝવેરી, ૮-૧૨-૧૯૭૩, ૫'-૫''<br>S.S.C., – (હળવો મંગળ છે) | સુરત વીસા ઓસ. દેરા. જૈન<br>સુરત – અંધેરી | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>— |

| | | | |
|---|---|---|---|
| ૪) | વત્સલ વિરલ ટોલિયા, ૨૧-૫-૧૯૮૫, ૫'-૧૦''<br>B.Com., – | દશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>મોરબી – ચેમ્બુર | (મો) ૦૨૫૨૨૬૬૯૯<br>૯૩૨૩૪૭૮૪૩૨ |
| ૫) | મયુર ભરતભાઈ મહેતા, ૫-૧૦-૧૯૮૦, ૫'-૯''<br>B.E. Engineer, – | દશા શ્રીમાળી દેરાવાસી<br>મોરબી - બોરીવલી | (મો) ૯૮૯૦૧૩૬૬૬૨<br>૯૨૨૬૮૬૫૪૨૫ |
| ૬) | વિશાલ હસમુખભાઈ શાહ, ૨૧-૯-૧૯૭૮, ૫'-૮''<br>B.Com., – | દેરાવાસી જૈન<br>બોટાદ – બોરીવલી | (મો) ૯૮૧૯૬૫૭૦૪૯<br>૨૮૦૮૪૪૩૫ |
| ૭) | ચેતન હસમુખભાઈ શાહ, ૨૯-૭-૧૯૭૫, ૫'-૬''<br>B.Com., – (ડાયવૉર્સી - નિ:સંતાન) | દેરાવાસી જૈન<br>બોટાદ – બોરીવલી | (ઘર) ૨૮૦૮૪૪૩૫<br>(મો) ૯૮૧૯૬૫૭૦૪૯ |
| ૮) | ધવલ કોઠારી, ૨૫-૬-૧૯૮૩, ૫'-૬''<br>B.A., – | —<br>ઉપલેટા | (ઘર) ૦૨૮૨૬-૨૨૪૮૧૮<br>(મો) ૦૯૩૭૭૧૪૧૮૭૫ |
| ૯) | મીનય મહેશભાઈ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૬'-૦૦''<br>M.B.A./B.M.S. (છૂટાછેડા લીધેલ છે) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>દિહોર-ભાઈંદર (વેસ્ટ) | (મો) ૯૮૬૯૬૭૧૭૦૫<br>૯૩૨૦૫૪૪૩૫૧ |
| ૧૦) | ચેતસ જગદીશભાઈ શાહ, ૦૧-૬-૧૯૮૬, ૬'-૦૦''<br>M.B.A., (Finance) – (મંગળ છે) | દશા શ્રીમાળી જૈન<br>પોરબંદર - મુંબઈ | (ઘર) ૨૬૪૯૨૮૦૫<br>(મો) — |
| ૧૧) | રાજન કિરીટભાઈ મહેતા, ૭-૪-૧૯૮૫, ૫'-૧૦''<br>H.S.C., – બિઝનેસ (પ્રિન્ટિંગ પ્રેસ) (નિર્દોષ છૂટાછેડા) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વરાડિયા – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |


**JJC Rajwadi**

C/o. Shop No. 23, Morar Baug, 60 Feet Road,
Opp. Standard Chartered Bank, Ghatkopar (E),
Mumbai - 400 077. Email : rajwadisagpan@gmail.com

**રજવાડી સગપણ માહિતી કેંદ્ર**

આજકાલ લગ્નોત્સુક યુવક–યુવતી માટે યોગ્ય જીવનસાથીની શોધ વડીલો માટે સમસ્યારૂપ થઈ ગઈ છે. JJC રજવાડી ગ્રુપ આ દિશામાં આશાનું કિરણ લઈ આવે છે... અમારા ગ્રુપમાં રજિસ્ટ્રેશન કરાવો.... ઈ મેઈલ આઈડી દ્વારા અને દર ગુરૂવારે અમારી ઓફીસમાં પ્રત્યક્ષ પધારી યોગ્ય પાત્રની વિગતો પ્રાપ્ત કરો.

**અમારા ગ્રુપમાં નામ નોંધાવવા** ૧) યુવક/યુવતીના ત્રણ ફોટા / બાયોડેટા ૨) સમય : સવારે ૧૧.૦૦ થી ૪.૦૦ સોમથી શનિવાર ૩) રજિસ્ટ્રેશન ફી રૂા. 500/ – ભરવાની રહેશે.

Contact : Sunil Shah - 75062 66440
Praful Mehta - 98200 68297
Harsha Shah - 98336 70028

ADVT.

# Enjoy Holidays with Gem Travels

## Splendid South Africa
09 N / 10 D



₹115999/- Departure Every Wednesday

## Only Seychelles
05 N / 06 D



₹90000/- Departure Every Thursday

## Italy with Swiss
10 N / 11 D



EURO 1549 + Airfare + Visa Taxes Departure:Every Sunday

## Beauty Europe
08 N / 09 D



₹49999/- + Euro 1150 Departure Every Thursday & Sunday

## Amazing New Zealand
13 N / 14 D



₹80000/- + NZD 2559

## DUBAI
05 N / 06 D



₹50000/- Daily Departure

**INCLUSION: Accommodation, All Meals, All Sightseeing, All Transfers, Services of Indian Tour Manager & Indian Chef, Visa, Tips.**

GEM™ TOURS & TRAVELS PVT. LTD *The Luxury Tour Co.*

• Hemang Doshi +91 9322216626 • Virag Shah +91 9821065854
• Hemen Kanthawala +91 9819084064 • Dolly Jain +91 9004703237

*Address:15th Floor, A wing, Naman Mid Town, Next to India Bulls Finance Centre, Senapati Bapat Marg, Elphinston Road (W), Mumbai 400013. India. Website: www.gemtravels.com*

**HUGHES ROAD:** (022) 2367 7070, **DELHI:** +011 40540012/13, **PARLE:** (022) 26178400, **KHAR:** +91 8291619279, **KANDIVALI:** +91 9920133567, **VASHI:** +91 91 22 41237070, **PUNE:** +91 9326222552, **CHENNAI:** +91 44 26401780, **AHMEDABAD:** +91 792 646 0300, **SURAT:** +91 2613913900, **JAMNAGAR:** +91 9426207014, **BANGALORE:** +91 9840045533, **VASHI:** +91 22 41237070, **GURGAON:** 01244141468

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/08/2015
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MH/MR North East/03/2013-2015






Printed & Published by : **RAMESH JETHALAL MORBIA** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **RAMESH MAGANLAL SANGHVI**